


શહેર આવૃત્તિ પાનાઃ ૧૬
તા. ૨૧-૬-૨૦૨૫, શનિવાર
વર્ષઃ ૧૪, અંક : ૮૮

પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329

arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક®
સાંધ્ય દૈનિક

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા


Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 ✆ 94266 72303 ✉ abataknews@gmail.com @abtakmedia


# ફેક ન્યુઝ ફેલાવનારને ૭ વર્ષની જેલની સજા, કર્ણાટક લાવશે નવું બિલ

## મહિલાઓ પ્રત્યે અપમાનજનક પોસ્ટ્સ અને કોમી વૈમનસ્ય ફેલાઈ તેવી પોસ્ટ્સ મુકનારાઓને પણ સજા થશે

**અબતક, નવી દિલ્હી**

કર્ણાટક સરકારે સોશિયલ મીડિયા પર ફેક અને ખોટા સમાચારોને રોકવા માટે એક મોટું પગલું ભર્યું છે. આ અંતર્ગત, સરકારે સોશિયલ મીડિયા પર ફેક ન્યૂઝ અને ખોટી માહિતીને રોકવા માટે એક કડક કાયદો તૈયાર કર્યો છે. જો કે ગુજરાતમાં પણ સોશિયલ મીડિયાના બેફામ ઉપયોગ ઉપર અંકુશ જરૂરી છે. તેવામાં ગુજરાત સરકાર પણ ખોટી માહિતીઓ ફેલાવનારાને અંકુશમાં લાવવા કર્ણાટક જેવું પગલું ભરે તે જરૂરી બન્યું છે.



આ નવા પ્રસ્તાવિત કાયદાનું નામ કર્ણાટક ખોટી માહિતી અને ફેક ન્યૂઝ (પ્રતિબંધ) બિલ, ૨૦૨૫ છે. તેને ટૂંક સમયમાં આગામી કેબિનેટ બેઠકમાં રજૂ કરવામાં આવશે. આ કિસ્સામાં, સરકારનું કહેવું છે કે ભારતમાં ઈન્ટરનેટ વપરાશકર્તાઓની સંખ્યા સતત વધી રહી છે અને સોશિયલ મીડિયા એક ખૂબ જ શક્તિશાળી માધ્યમ બની ગયું છે. આવી સ્થિતિમાં, કોઈપણ ખોટા સમાચાર મોટો હોબાળો મચાવી શકે છે. તેથી, લોકોએ સત્ય જાણ્યા વિના કોઈપણ સંદેશ ફોરવર્ડ ન કરવો જોઈએ.

બીજી તરફ, આ કાયદો લાવવા પાછળના હેતુ વિશે વાત કરતા, સિદ્ધારમૈયા સરકાર કહે છે કે સોશિયલ મીડિયા પર ઝડપથી ફેલાતા ખોટા અને ભ્રામક સમાચાર સમાજની શાંતિ, આરોગ્ય, સલામતી અને નિષ્પક્ષ ચૂંટણીમાં અવરોધ ઉભો કરે છે. આ





કડક પગલું તેને રોકવા માટે લેવામાં આવી રહ્યું છે.

કાયદામાં કડક સજાની જોગવાઈ પણ છે. કર્ણાટક સરકાર દ્વારા જારી કરાયેલી જાહેરાતમાં કહેવામાં આવ્યું છે કે જો કોઈ વ્યક્તિ જાણી જોઈને કે બેદરકારીથી ખોટી માહિતી ફેલાવે છે, તો તેને ૭ વર્ષ સુધીની જેલ અથવા ૧૦ લાખ રૂપિયા સુધીનો દંડ અથવા બંને થઈ શકે છે. બીજી તરફ, જો કર્ણાટકની અંદર કે બહાર કોઈ વ્યક્તિ રાજ્યમાં રહેતા લોકોને ખોટી માહિતી મોકલે છે, તો તેને ૨ થી ૫ વર્ષની જેલ અને દંડ થઈ શકે છે. આ સાથે, જો કોઈ કોઈને નકલી સમાચાર ફેલાવવામાં મદદ કરે છે, તો તેને ૨ વર્ષ સુધીની જેલ થઈ શકે છે.

આ કાયદા હેઠળ, સોશિયલ મીડિયા પર નકલી સમાચાર, ખોટા નિવેદનો, સંપાદિત વિડિઓઝ અથવા ખોટી વસ્તુઓ ફેલાવવા પર સંપૂર્ણપણે પ્રતિબંધ મૂકવામાં આવશે. મહિલાઓ પ્રત્યે અપમાનજનક, અભદ્ર અથવા સ્ત્રી વિરોધી પોસ્ટ્સ પર પણ પ્રતિબંધ મૂકવામાં આવશે. આ સાથે, સનાતન ધર્મના પ્રતીકો અને માન્યતાઓનું અપમાન કરતી સામગ્રી અથવા અંધશ્રદ્ધાને પ્રોત્સાહન આપતી પોસ્ટ્સ પર પણ પ્રતિબંધ મૂકવામાં આવશે.

### નિરીક્ષણ માટે એક સમિતિ પણ રચાશે

આ કાયદાની દેખરેખ માટે, કર્ણાટક સરકાર સોશિયલ મીડિયા પર નકલી સમાચાર નિવારણ સત્તા બનાવશે. તેમાં કન્નડ અને સંસ્કૃતિ વિભાગના મંત્રી (અધ્યક્ષ), વિધાનસભા અને વિધાનસભા પરિષદના એક-એક સભ્ય, સોશિયલ મીડિયા કંપનીઓના બે પ્રતિનિધિઓ અને એક વરિષ્ઠ આઈએએસ અધિકારી (સચિવ) જેવા લોકોનો સમાવેશ થશે.

## સોશિયલ મીડિયાના વધતા ગેરઉપયોગ સામે કર્ણાટક સરકાર એક્શનમાંઃ ગુજરાતમાં પણ આવા અંકુશની જરૂર

---

દુશ્મનને ક્યારેય નબળો સમજવો નહિ

# ચીન ૪૦ યુદ્ધ વિમાનો પાક.ને આપશે

## આ ફાઈટર જેટ પાંચમી પેઢીના અને અત્યાધુનિક સુવિધા સાથેના હશેઃ વાયુસેનાના ભૂતપૂર્વ ફાઈટર પાઈલટે આ મુદ્દે ચિંતા વ્યક્ત કરી



**અબતક, નવી દિલ્હી**

તાજેતરમાં ભારત-પાકિસ્તાન વચ્ચે થયેલા તણાવમાં પાકિસ્તાન હાંફી ગયું હતું. ત્યારબાદ હવે પાકિસ્તાન પોતાની સેનાને વધુ મજબૂત બનાવવા જોર આપી રહી છે. જેને પગલે પાકિસ્તાનને ચીન તરફથી ૪૦ અત્યાધુનિક ફાઈટર જેટ મળવાના છે. ભારતીય વાયુસેનાના ભૂતપૂર્વ સૈનિકોએ ચિંતા વ્યક્ત કરી છે કે ચીન પાકિસ્તાનને ૪૦ જે-૩૫ પાંચમી પેઢીના સ્ટીલ્થ ફાઈટર જેટ આપશે. અહેવાલ મુજબ, આ મહિનાની શરૂઆતમાં, પાકિસ્તાન સરકારે સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં કહ્યું હતું કે તે ૪૦ જ૨-૩૫ પાંચમી પેઢીના ફાઈટર જેટ, કેજે-૫૦૦ એરબોર્ન પ્રારંભિક ચેતવણી અને નિયંત્રણ વિમાન અને એચક્યું-૧૯ બેલિસ્ટિક મિસાઈલ સંરક્ષણ પ્રણાલી ખરીદશે.

પાકિસ્તાનને જે-૩૫ નું વેચાણ ચીન દ્વારા પાંચમી પેઢીના જેટની પ્રથમ નિકાસ હશે. આ ફાઈટર જેટમાં આધુનિક સ્ટીલ્થ ક્ષમતાઓ છે. આ ફાઈટર જેટ શેનયાંગ એરક્રાફ્ટ કોર્પોરેશન દ્વારા બનાવવામાં આવ્યું છે અને તેને સૌપ્રથમ ૨૦૨૪ ઝુહાઈ એરશોમાં (અનુ. આઠમા પાને)

---

પૈસા ફેકો તમાશા દેખો!!

# ૨૦૨૪ની ચૂંટણીના ખર્ચમાં ભાજપનો હિસ્સો ૪૪% અને જીતનો હિસ્સો પણ ૪૪%

## ભાજપે આશરે રૂ. ૧,૪૯૪ કરોડ જ્યારે કોંગ્રેસે રૂ.૬૨૦ કરોડ ખર્ચ્યા

**અબતક, રાજકોટ**

ચૂંટણી માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરાય છે. જીત મેળવવા માટે દરેક પાર્ટી છૂટા હાથે પૈસા વાપરે છે. જેનો રિપોર્ટ દરેક પાર્ટીએ આપવો પડે છે. ત્યારે ૨૦૨૪ની ચૂંટણીમાં થયેલ કુલ ખર્ચમાં ભાજપનો હિસ્સો ૪૪% હતો. તો સામે કુલ ૫૪૩ બેઠક માંથી ૨૪૦ બેઠક મેળવી જીતમાં પણ ૪૪% હિસ્સો મેળવ્યો હતો.

એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (એડીઆર) દ્વારા જાહેર કરાયેલા અહેવાલ મુજબ, ૨૦૨૪ની લોકસભા અને એકસાથે યોજાયેલી વિધાનસભા ચૂંટણી દરમિયાન ભારતીય જનતા પાર્ટીએ આશરે રૂ. ૧,૪૯૪ કરોડનો ખર્ચ કર્યો હતો, જે કુલ ચૂંટણી ખર્ચના ૪૪.૫૬% છે. કોંગ્રેસે રૂ. ૬૨૦ કરોડ (૧૮.૫%) ખર્ચ્યા હતા. કુલ મળીને, ૩૨ રાષ્ટ્રીય અને પ્રાદેશિક (અનુ. આઠમા પાને)

---

# ૧૦૦૦ વિધાર્થીઓની વતન વાપસીની તૈયારીઃ ૨૯૦ છાત્રોની ઘરવાપસી

## ઘરના દરવાજે ચહેરા પર સ્મિત અને આંખોમાં પાણીઃ ઈરાનથી ઘર વાપસી થયેલા વિદ્યાર્થીઓના ચહેરા પર ખુશી જોવા મળી

**અબતક, રાજકોટ**

ઈરાન અને ઈઝરાયલ વચ્ચે તણાવના સતત વધતા જતાં સ્થિતિ તીવ્ર બની રહી છે. ત્યારે ભારતે પોતાના નાગરિકોની સુરક્ષાની પ્રાથમિકતા આપી છે. 'ઓપરેશન સિંધુ' અંતર્ગત શનિવારે વહેલી સવારે તુર્કમેનિસ્તાનના અશ્ગાબાતથી એક ફ્લાઈટ નવી દિલ્હીમાં આવી, જેમા ભારતીય નાગરિકોની વતન વાપસી થતા ઈરાનમાં રહેતા ભારતીય નાગરિકોએ હાશકારો અનુભવ્યો. ત્યારબાદ વધુ બે ફ્લાઈટ્સ આજે ભારત આવશે. આ સફળતા ભારતીય વિદેશ મંત્રાલય અને સ્થાનિક દૂતાવાસોની સહયોગી શક્ય થઈ છે. શુક્રવારે રાત્રે, ઈરાનના મશહદથી પ્રથમ ચાર્ટર ફ્લાઈટથી ૨૯૦ ભારતીય વિદ્યાર્થીઓ નવી દિલ્હી પહોંચ્યા હતા. તેમાં



મુખ્યત્વે જમ્મુ-કાશ્મીરના વિદ્યાર્થીઓનો સમાવેશ હતો. વિદ્યાર્થીઓએ જણાવ્યું કે, તેઓને ૫-સ્ટાર હોમ સ્ટે, સલામતી અને ભારત સરકારના સહયોગ સાથે આરામદાયક વ્યવસ્થા મળી. ભારતના દૂતાવાસે સ્થળાંતર પ્રક્રિયાને સરળ બનાવી દીધી.

એક વિદ્યાર્થી ભારત પરત ફર્યો ત્યારે હાશકારો અનુભવતા કહે છે કે,મારો પરિવાર ખૂબ ચિંતિત હતો પણ હવે હું નિઃશંક છું. અને ખુશ અને આભારી છીએ કે અમે સુરક્ષિત અને સ્વસ્થ ઘરે પાછા ફરવામાં સફળ રહ્યા છીએ. ઈરાનમાં પરિસ્થિતિ સારી નથી એ બધા જાણીએ છીએ. ભારતીય દૂતાવાસ અને અમારા રાજદૂતે સ્થળાંતર પ્રક્રિયા ખૂબ જ સરળ અને સલામત બનાવી છે. જે બદલ અમે એમનો આભાર માનીએ છીએ.

ઈરાન સરકારે પણ આ પ્રયાસમાં સહયોગ આપ્યો છે. તેના હવાઈ ક્ષેત્રમાં પ્રવેશના પ્રતિબંધોને (અનુ. આઠમા પાને)

---

વધુ એક પ્લેનનું મે ડે

# લ્યો કરો વાત... ઈન્ડિગોની ફ્લાઈટમાં ઈંધણ ઘટતા પાયલોટે બચાવોનો મેસેજ છોડ્યો!!!

## ગુવાહાટીથી ચેન્નઈ જઈ રહેલી ઈન્ડિગોની ફ્લાઈટનું ચેન્નઈને બદલે બેંગલુરૂમાં ઈમરજન્સી લેન્ડિંગ કરાયું

**અબતક, રાજકોટ**

તાજેતરમાં જ બનેલી અમદાવાદ પ્લેન દુર્ઘટના લોકોના મનમાંથી હજુ નીકળી નથી ત્યાં વધુ એક પ્લેન દુર્ઘટના સહેજમાં અટકી છે. જેમાં ગુવાહાટીથી ચેન્નઈ જઈ રહેલી ઈન્ડિગોની ફ્લાઈટ ૬ઈ-૬૭૬૪ (એ ૩૨૧) માં સવાર ૧૬૮ મુસાફરોએ ગુરુવારે રાત્રે ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. ફ્લાઈટે ચેન્નઈમાં લેન્ડિંગનો પ્રયાસ કર્યો હતો, પરંતુ 'બાલ્કડ લેન્ડિંગ' પ્રક્રિયાને કારણે પાયલોટે લેન્ડિંગ રદ કરી દીધું હતું. આ પછી, અપૂરતા ઈંધણના કારણે 'મેડે' કોલ કરીને ફ્લાઈટને બેંગલુરુના કેમ્પેગૌડા ઈન્ટરનેશનલ (અનુ. આઠમા પાને)

---

# સરકારી હોસ્પિટલોમાં લોકોના જોખમે દવા કંપનીઓ કરોડો રૂપીયા રળે છે!!!

## વીએસ હોસ્પિટલમાં નિયમ વિરુદ્ધ ૫૦૦ થી વધુ દર્દીઓ પર ૫૮ અનધિકૃત ટ્રાયલ્સ હાથ ધરાયાનો ખુલાસો

**અબતક, રાજકોટ**

અમદાવાદની સરકારી હોસ્પિટલમાં લોકોના જીવના જોખમે અને અધિકૃત ટ્રાયલ હાથ ધરાયાનો ખુલાસો થયો છે. આ ટ્રાયલ દ્વારા દવા કંપનીઓ કરોડોમાં રળી રહી છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રચવામાં આવેલી પાંચ સભ્યોની સમિતિએ વીએસ હોસ્પિટલમાં કથિત ગેરકાયદેસર ક્લિનિકલ ટ્રાયલ્સની તપાસ પૂર્ણ કરીને અહેવાલ સુપરત કર્યો છે. આ અહેવાલમાં હોસ્પિટલના ટોચના ડોક્ટરો કરોડો રૂપિયાના કૌભાંડમાં સંડોવાયેલા હોવાનું બહાર આવ્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ૨૦૨૧ થી ૨૦૨૫ દરમિયાન નિયમોનું સંપૂર્ણ ઉલ્લંઘન





કરીને ૫૦૦ થી વધુ દર્દીઓ પર ૫૮ અનધિકૃત ટ્રાયલ્સ હાથ ધરવામાં આવ્યા હતા. આ ટ્રાયલ્સ માટે ફાર્માસ્યુટિકલ કંપનીઓ દ્વારા કરવામાં આવેલી ચૂકવણી હોસ્પિટલના બદલે વરિષ્ઠ ડોક્ટરોના અંગત ખાતાઓમાં જમા કરવામાં આવી હતી.

એએમસી વિજિલન્સ વિભાગના વડાના નેતૃત્વ હેઠળની આ પેનલે તમામ જવાબદાર પક્ષો સામે શિસ્તભંગના પગલાં લેવાની ભલામણ કરી છે. હાલમાં મ્યુનિસિપલ કમિશનર આ અહેવાલની સમીક્ષા કરી રહ્યા છે અને ત્યારબાદ પોલીસ ફરિયાદ દાખલ કરવી કે કેમ તે અંગે નિર્ણય લેવામાં આવશે. ૩૦ પાનાના સારાંશ અને ૫૦૦ પાનાના જોડાણો ધરાવતા આ તપાસ અહેવાલ મુજબ, મુખ્ય આરોપીઓમાં તત્કાલીન સુપરિન્ટેન્ડેન્ટ ડો. મનીષ પટેલ, ક્લિનિકલ હેડ ડો. દેવાંગ રાણા (અનુ. આઠમા પાને)








# ફળકથન — સાપ્તાહિક રાશિ ભવિષ્ય

પં.ડો. હિતેષ એ. મોઢા
મો.૯૮૭૯૪૯૯૩૦૭

## મેષ — અ,લ,ઈ

જેટલી આવક થશે તેટલી જ જાવક રહેવાંની, આથી સમજી વિચારીને ખર્ચા કરવા. સર્વિસ બિઝનેસ તેમજ મેનેજમેન્ટ/ફાઈનાન્સ રીલેટેડ કન્સલ્ટીંગ ફર્મસના જાતક માટે આ સપ્તાહ દોડધામ વાળું નીવડશે. ખાદ્ય તેલ તેમજ પ્રવાહી જવલનશીલ પદાર્થ તથા કોલસા સંબંધિત ઔદ્યોગિક એકમ તેમજ વ્યાપારી એકમના જાતક માટે સરેરાશ સપ્તાહ. જથ્થાબંધ વ્યાપારી માટે આ સપ્તાહ મધ્યમ રહેશે. અન્ય, ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. સરકારી ક્ષેત્રના એવમ ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ સાનુકૂળ રહેશે. વિદ્યાર્થી, નિવૃત્ત તથા મહિલા કર્મી, ગૃહિણી માટે લાભકારી સપ્તાહ. ૨૭ જુન સાધારણ જણાશે. (પન્નોતિનો ઉપાય, ન્યાયિક માર્ગ).

## વૃષભ — બ,વ,ઉ

કુટિર ઉદ્યોગના જાતક એવમ નાના નાના ઔદ્યોગિક એકમથી લઈને તમામ પ્રકારની હસ્તકલાના એકમના તમામ જાતકો માટે હળવું હળવું પ્રતિકૂળ એવમ સંઘર્ષ વાળુ સપ્તાહ. પૃથ્વી તત્વ સંબંધિત કોઈને કોઈ વિધ્ન આવવાની શક્યતા. રસાયણના જથ્થાબંધ વ્યાપારના જાતકો માટે આ સપ્તાહ ચડાવઉતાર વાળુ જણાશે. આ સિવાયના તમામ ઔદ્યોગિક એકમ માટે સરેરાશ સપ્તાહ. વ્યાપારી જાતકો માટે લાભકારક સપ્તાહના સંયોગ. સર્વિસ બિઝનેસ ના જાતક માટે સાનુકૂળ સપ્તાહ. સરકારી કર્મચારી માટે સાનુકૂળ સપ્તાહ, સાથે બદલીનાં સંયોગો. ખાનગી કર્મચારીઓ માટે લાભદાયી સપ્તાહ. વિદ્યાર્થી, નિવૃત્ત તથા ગૃહિણી માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. કેવળ, ૨૪ જુન સામાન્ય રહેશે.

## મિથુન — ક,છ,ઘ

આયુર્વેદ ઉત્પાદ/ ફાર્મસી તથા હર્બલ ફાર્માસ્યુટીકલ્સના જાતક માટે હળવું આ સપ્તાહ લાભદાયક નીવડશે. તમામ કન્સલ્ટીંગ ફર્મસના જાતક તથા વિવિધ પ્રકારના વૈધ સર્વિસ બિઝનેસ માટે બહુ જ લાભદાયક સપ્તાહ. પબ્લિક ફિગર્સ તથા સેલેબલ જાતક માટે આ સપ્તાહ વિશેષ લાભદાયક જણાશે તેનો પ્રભાવ લાંબા સમય સુધી રહેશે. વ્યાપારી જાતકો માટે આ સપ્તાહ હળવું લાભદાયી જણાશે. ફેરી કરતા વ્યાપારી માટે આ સપ્તાહ ફાયદાકારક નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારીઓ તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ અર્ધ લાભદાયક નીવડશે. મહિલા કર્મી, ગૃહિણી,વિદ્યાર્થી તેમજ નિવૃત્ત માટે આ સપ્તાહ બહુ સાનુકૂળ નીવડશે. ૨૬ જુન સાધારણ નીવડશે.

## કર્ક — ડ,હ

સર્વિસ બિઝનેસના જાતક માટે ભાગદોડ વાળુ સપ્તાહ. કોટન તથા તેના રેડીમેડ ક્લોથ્સના તમામ ઔદ્યોગિક- વ્યાપારી એકમના જાતક માટે સામાન્ય સપ્તાહ. મશીનરીઝ ઉદ્યોગ સમેત મોટા ઉદ્યોગ-વ્યાપાર-વણિજ ક્ષેત્રના જાતકો માટે લાભકારી સપ્તાહ. આ સિવાયના, અન્ય વ્યાપારી એકમના જાતક માટે ન નફો નુકશાન. સરકારી ક્ષેત્રના કર્મચારી માટે બઢતી બદલીના સંયોગ. તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ હળવું સાનુકૂળ નીવડશે. કુટુંબીજનો સાથે થયેલા વિખવાદનો સુખદ અંત આવતો જણાશે. નિવૃત્ત, વિદ્યાર્થી, યુવાવર્ગ, મહિલાકર્મી, તથા ગૃહિણી વર્ગ માટે આ સપ્તાહ શ્રેષ્ઠ નીવડશે. કેવળ, ૨૫ જુન અર્ધ-સામાન્ય નીવડશે.

## સિંહ — મ,ટ

આ સપ્તાહ દરમિયાન, વાણી પર કાબુ રાખવો, અન્યથા, કામકાજ બગડી જવાની સંભાવના. પોલીમર્સ તથા તેને રીલેટેડ પ્લાસ્ટિક, સ્પોંજ તથા ફોર્મના ઔદ્યોગિક તથા વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. આ સિવાય, અન્ય, ઔદ્યોગિક એકમના જાતક માટે આ સપ્તાહ સાવ સરેરાશ રહેશે. જથ્થાબંધ વ્યાપારી માટે અર્ધ પ્રતિકૂળ સપ્તાહ. છૂટક તેમજ પરિશ્રમ વાળા + ફેરી વ્યાપાર-વણિજના જાત માટે હળવું લાભદાયક સપ્તાહ. સરકારી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ પ્રતિકૂળ જણાશે. ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ પણ સાનુકૂળ નીવડશે મહિલા કર્મી, નિવૃત્ત તથા ગૃહિણી, વિદ્યાર્થી માટે સાનુકૂળ સપ્તાહ ૨૭, ૨૮ જુન સામાન્ય રહેશે.

## કન્યા — પ,ઠ,ણ

ધંધા ઉદ્યોગમાં અનેક નવી નવી તકો આવવાની સંભાવનાઓ. ઈલેક્ટ્રીસીટી-ઈલેક્ટ્રોનિક્સ, સંબંધિત ઉત્પાદના ઔદ્યોગિક એવમ વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ લાભદાયક સાથે ભાગદોડ વાળુ પણ જણાશે. અધૂરા કામો પૂર્ણ થઈ જવાના સંયોગો. આ સિવાયના, અન્ય ઔદ્યોગિક એકમ તથા વાણિજ્યના એકમના જાતક માટે આ સપ્તાહ અર્ધ લાભદાયક નીવડશે. ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે આર્થિક લાભ સાથે બઢતીના પણ સંયોગો. સરકારી કર્મચારીઓ માટે આ સપ્તાહ હળવું સાનુકૂળ જણાશે. સગા સ્નેહી તથા મિત્રો સુમેળ થવાના સંજોગો. મહિલાકર્મી, ગૃહિણી તથા નિવૃત્ત, છાત્ર માટે હળવું આ સપ્તાહ લાભદાયી નીવડશે. ૨૩, ૨૪ જુન સાવ સાધારણ નીવડશે.

## તુલા — ર,ત

નાના નાના ઔદ્યોગિક એકમના જાતક માટે આ સપ્તાહ બહુ લાભકારી રહેશે સાથે અનેક તકના સંયોગ. જાહેર ક્ષેત્ર સાથે સંકળાયેલા જાતક એવમ સ્ટાર સેલેબલ પર્શન માટે લાભકારી સપ્તાહ. જથ્થાબંધ ગ્રેઈન ગ્રોસરીના વ્યાપારી માટે આ સપ્તાહ લાભદાયી રહેશે. અન્ય, વ્યાપાર વણિજ તથા વ્યવસાય જોડે સંકળાયેલ જાતકો માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. પરિશ્રમ વાળા ધંધા વ્યાપારના જાતક માટે અર્ધ લાભકારી સપ્તાહ. સરકારી કર્મચારીઓ માટે આ સપ્તાહ સરેરાશ અથવા પ્રતિકૂળ નીવડશે. ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. નિવૃત્ત, ગૃહિણી-મહિલા કર્મી માટે આ સપ્તાહ સારું રહેશે. ૨૪,૨૫ જુન અર્ધ-પ્રતિકૂળ રહેશે.

## વૃશ્ચિક — ન,ય

ધંધા વ્યવસાયમાં બહુ લાભ મળવાની સંભાવના. તમામ પ્રકારના કન્સલ્ટીંગ ફર્મસના જાતકો તેમજ તમામ પ્રકારના વૈધ સર્વિસ બિઝનેસ માટે અર્ધ લાભદાયક સપ્તાહ. કેમિકલ્સ તેમજ ફાર્મા કેમિકલ્સના જાતક માટે આ સપ્તાહ આંશિક લાભદાયક નીવડશે. આ સિવાય, અન્ય ઉદ્યોગ-વ્યાપાર-વણિજ એકમના જાતકો માટે આ સપ્તાહ સાનુકૂળ એવમ હળવું લાભદાયી જણાશે. નાના તથા છૂટક, ફેરી કરતા વ્યાપારી માટે આ સપ્તાહ પણ ફાયદાકારક નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારીઓ તેમજ ખાનગી ક્ષેત્રના તમામ વર્ગના કર્મચારીઓ માટે આ સપ્તાહ પણ સાનુકૂળ. મહિલાકર્મી-ગૃહિણી, નિવૃત્ત તથા વિદ્યાર્થી માટે સાનુકૂળ સપ્તાહ. ૨૭ તથા ૨૮ જુન સાધારણ જણાશે.

## ધન — ભ,ફ,ધ,ઢ

ઉચ્ચસ્થ મંગળ વાળા જાતક આ સપ્તાહ પ્રગતિકારક નીવડશે, + અનેકવિધ લાભ મળવાની સંભાવના. સરકારી વિદ્યાલય તેમજ ખાનગી વિદ્યાલયના શિક્ષક તેમજ અન્ય કર્મચારીઓ માટે હળવું લાભદાયક સપ્તાહ. ઔદ્યોગિક એકમ તથા વ્યાપાર-વણિજના એકમના જાતકો માટે આ સપ્તાહ હળવું સાનુકૂળ નીવડશે. નાના વ્યાપાર વણિજ તથા છૂટક વ્યાપાર કે ફેરી કરતા જાતક માટે આ સપ્તાહ હળવું લાભદાયક નીવડશે. અન્ય સરકારી તથા ખાનગી કર્મચારીઓ માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. નાની અમથી બાબતમાં સગા તથા સ્નેહીજનો વચ્ચે હળવો ખટારાગ થવાના સંયોગ. વિદ્યાર્થી, ગૃહિણી, તથા નિવૃત્ત માટે આ સપ્તાહ સાનુકૂળ રહેશે. ૨૭ જુન મધ્યમ રહેશે.

## મકર — ખ,જ

પશુ આહાર, શાકભાજી, પેકીંગ ફૂડ, કેનિંગ ફૂડ તથા ફાસ્ટ ફૂડ સંબંધિત કૃષિ વિષયક ધંધા વ્યવસાયના જાતક માટે લાભદાયી સપ્તાહ. જાહેર ક્ષેત્ર તથા રાજકીય ક્ષેત્રની વ્યકિત, અન્ય સેલેબલ વ્યકિત માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. ઔદ્યોગિક ક્ષેત્રના જાતક માટે અણધાર્યા ફાયદા થવાના સંજોગ. મધ્યમ કદના વ્યાપાર વણિજ તથા સર્વિસ બિઝનેસ ધરાવતા જાતકો માટે આ સપ્તાહ અર્ધ લાભકારી રહેશે. સરકારી ક્ષેત્રના કર્મચારીઓ માટે સરેરાશ સપ્તાહ. ખાનગી કર્મચારીઓ માટે લાભકારક સપ્તાહ. પરિવાર સાથે સુમેળ અને સાથ સહકાર અકબંધ રહેશે. મહિલા કર્મી-ગૃહિણી, નિવૃત્ત, વિદ્યાર્થી માટે આ સપ્તાહ પણ લાભકારી જણાશે. ૨૨ જુન સાધારણ જણાશે.

## કુંભ — ગ,શ,ષ

પેટ્રોકેમિકલ્સ, પેટ્રોલિયમ તથા અન્ય પ્રવાહી જવલનશીલ સંબંધિત ઔદ્યોગિક-વ્યાપારી એકમના જાતકો માટે લાભદાયક સપ્તાહ. ધંધા વ્યવસાયના અધૂરા એવમ પેન્ડીગ પડેલા કાર્ય પૂરા થવાના સંયોગો. સરકારી કર્મચારીઓ આ સપ્તાહ બહુ લાભકારક નીવડશે. આ સિવાયના, અન્ય, ઔદ્યોગિક એકમ તથા વાણિજ્યના એકમના જાતક માટે આ સપ્તાહ અર્ધ લાભદાયી નીવડશે, ધંધા ઉદ્યોગમાં નવી નવી તક આવવા અને મળવાની પણ સંભાવના. ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે સાનુકૂળ સપ્તાહ સાથે બઢતીના સંયોગો. સગા સાથે સુમેળ થવાના સંયોગો. મહિલાકર્મી, ગૃહિણી, વિદ્યાર્થી તથા નિવૃત્ત માટે આ સપ્તાહ પણ હળવું લાભદાયક નીવડશે. કેવળ, ૨૩ જુન મધ્યમ રહેશે. (પન્નોતિનો ઉપાય શ્રમદાન).

## મીન — દ,ચ,ઝ,થ

રાજકીય વ્યક્તિ માટે આ સપ્તાહ હળવું પ્રતિકૂળ અથવા સરેરાશ નીવડશે. આ સિવાયની, અન્ય જાહેર ક્ષેત્રની વ્યક્તિ, મહાનુભાવો માટે સાવ સામાન્ય સપ્તાહ. કાપડ સંબંધિત ઉદ્યોગ-ધંધા, વ્યવસાયના જાતક માટે આ સપ્તાહ પણ લાભકારી રહેશે આ સિવાયના, અન્ય ઔદ્યોગિક ક્ષેત્રના જાતક માટે અણધાર્યા લાભ થવાની સંભાવના. મધ્યમ કદના વ્યાપાર વણિજ ધરાવતા જાતકો માટે આ સપ્તાહ હળવું પ્રતિકૂળ અથવા સરેરાશ નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી માટે સરેરાશ સપ્તાહ. ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ પણ લાભકારી રહેશે. પરિવાર સાથે સુમેળ અને સાથ સહકાર અકબંધ રહેશે. મહિલા કર્મી, ગૃહિણી, નિવૃત્ત તથા ઉચ્ચાભ્યાસ કરતા વિદ્યાર્થી માટે સરેરાશ સપ્તાહ. ૨૫ જુન સામાન્ય જણાશે. (પન્નોતિનો ઉપાય અભ્યંગ સ્નાન).

---

### આજે વિશ્વ યોગ દિવસ

# યોગના ઘણા ઉપદેશો માનસિક અને આધ્યાત્મિક સ્થિતિઓને પ્રતિબિંબિત કરે છે

**યોગ એક દિવસની પ્રક્રિયા નથી, પણ આખુ જીવન ચાલતી એક જીવન લય છેઃ શરીર અને મન બંનેમાં વધતા તણાવને મુકત કરવાની સૌથી જુની અને શ્રેષ્ઠ રીતોમાંની એક યોગ**

**યોગ એ શારીરિક, માનસિક અને આધ્યાત્મિક પ્રથા છેઃ તેનો પ્રારંભ આજથી છ હજાર વર્ષ પહેલા આપણા દેશ ભારતમાં થયો હતોઃ યોગ એ ભારતની પ્રાચિન પરંપરાની એક અમૂલ્ય ભેટ છેઃ આપણાં સૌથી જુના પ્રાચિન ગ્રંથ ઋગ્વેદમાં તેનો ઉલ્લેખ જોવા મળે છે**

**નોલેજ કોર્નર**



ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

આજે વિશ્વ યોગ દિવસ સમગ્ર વિશ્વના ૧૮૦ થી વધુ દેશોમાં ઉજવાય રહ્યો છે, ત્યારે તેના ફાયદાની સમગ્ર વિશ્વએ નોંધ લીધી છે. આપણાં સૌથી પ્રાચીન ગ્રંથ ઋગ્વેદમાં તેનો ઉલ્લેખ જોવા મળે છે, તેનો મતલબ એ ભારતની પ્રાચિન પરંપરાની એક અમુલ્ય ભેંટ છે. આપણાં દેશમાં વર્ષોથી પ્રચલિત યોગ વિશે જાણ્યા બાદ ૨૦૧૪થી સમગ્ર વિશ્વ ઉજવણી કરી રહ્યું છે. આ કોઈ એક દિવસની વાત નથી, પણ સમગ્ર જીવન દરમ્યાન ચાલતી અવિરત પ્રક્રિયા છે. યોગના ઘણા ઉપદેશો માનસિક અને આધ્યાત્મિક સ્થિતિઓને પ્રતિબિંબત કરે છે. શરીર અને મન બંનેમાં વધતા તણાવને મુકત કરવાની સૌથી જુની અને શ્રેષ્ઠ પ્રણાલીઓ માંની એક છે.

યોગ એક શારીરિક, માનસિક અને આધ્યાત્મિક પ્રથા છે. જેનો પ્રારંભ લગભગ આજથી છ હજાર વર્ષ પહેલા ભારતમાં થયો હતો. આપણાં ઋષિમુનીઓ આવી ઘણી વિદ્યા સાથે જ્ઞાન હતું. જે પૈકી એતો સ્વસ્થ જીવન શૈલી જીવી શકતા હતા. યોગ શબ્દ સંસ્કૃત મૂળ 'યુજ' પરથી આવ્યો છે, જેનો અર્થ 'જોડવું' થાય છે. એક થવું થાય છે. જે મન અને શરીરની એકતા, વિચાર અને ક્રિયા, સંયમ અને પરિપૂર્ણતાને જોડે છે. માનવ અને પ્રકૃતિ વચ્ચેનો સુમેળ સાથે આરોગ્ય અને સુખાકારીનું પ્રતિક છે. આ વર્ષની ઉજવણી થીમમાં પણ 'એક પૃથ્વી, એક સ્વાસ્થય માટે યોગ' ની વાત કરી છે. જે જોડાણ બાબતે જ છે. આ વર્ષની ઉજવણી માનવ પર્યાવરણ અને સંવાંગી સુખાકારી વચ્ચેના સુમેળ પર ભાર મુકે છે. પતંજલી ઋષિએ સુત્ર યોગના આઠ અંગો સાથે અષ્ટાંગ યોગની વાત કરી છે, જેમાં યમ, ધ્યાન, આસન, પ્રાણાયમ, પ્રહાર, ધારણા, ધ્યાન અને સમાધિની વાત કરી છે. યોગના અનેક લાભમાં તમારી સ્વસ્થ તંદુરસ્તી સાથે પ્રાચન તંત્રને સુધારે છે. આત્મિક લાભમાં જાગૃતિની સાથે આંતરિક શાંતિ અને જીવનલક્ષી સકારાત્મક દ્રષ્ટિ કોણની વાત કરી છે. તેના વિવિધ પ્રકારો પણ છે. તમારી વય કક્ષા મુજબ તમારાથી થતાં રોગ કરવા તેથી યોગમાં સાવધાની પણ રાખવી જરૂરી છે.



તેના મુખ્ય પ્રકારોમાં હઠ યોગ, આસનો અને પ્રાણાયમ પર ધ્યાન કેન્દ્રીત કરે છે. વિન્યાસ યોગ, ગતિશીલ શ્રેણીમાં આસનોનો અભ્યાસ છે, જે વિકાસ અને ગતિનું સંકલન કરે છે. અષ્ટાંગ યોગ, ચોકકસ ક્રમ આસનોની શ્રેણીનો અભ્યાસ છે. બિકમ યોગ, ઘરમાં ચોકકસ આસનનો અભ્યાસ છે. કુંડલી યોગ - સપ્તાહ, મંત્ર, મુદ્રા અને કુંડલીની શકિત પર કેન્દ્રીત છે. રેસ્ટ ઓન યોગ લાંબા સમય સુધી આસન બાદ આરામ આપવા બાબત છે. આયંગર યોગ આ આસન ચોકસાઈ અને સંરેખણ પર ભાર મુકે છે.

યોગનો અભ્યાસ કયારે અને હેવી શરૂ કરો એ જાણકારી ખુબ જ જરૂરી છે. એક વાત નકકી છે કે તેનો અભ્યાસ કોઈપણ રીતે કોઈપણ શારીરિક અવસ્થામાં શરુ કરી શકાય છે. પ્રારંભે કોઈ પ્રશિક્ષિત યોગાચાર્યની દેખરેખ હેઠળ શિખવું કે કરવું હિતાવહ છે. યોગનો અભ્યાસ ખાલી પેટે, સ્વચ્છ કપડા પહેરીને શાંત વાતાવરણમાં કરવો અને વહેલી સવાર તેનો સૌથી ઉત્તમ સમય ગણાય છે. તે એક માત્ર શારીરિક વ્યાયામ નથી, પણ એક જીવનશૈલી છે, જે તમને સંપૂર્ણ સુખ પ્રાપ્ત કરવામાં મદદ કરે છે.

તેના ફાયદામાં પાચન તંત્રમાં સુધારો, લોહી પરિભ્રમણ સુધારે, રોગ પ્રતિકારક શકિત વધારે, ક્રોનિક રોગોમાં રાહત, વજન ઘટાડે છે. ચિંતા તણાવ દુર કરીને મનને શાંત અને સ્થિરતા આપે છે, એકાગ્રતા અને યાદશકિત સુધારે છે, નેગેટીવ વિચારો દુર કરીને આત્મ વિશ્વાસ અને સકારાત્મકતા વધારે છે. તે શરીર અને મનની શાંતિનું પ્રતિક ગણાય છે. યોગ આપણને નિરોગી રાખતું હોવાથી 'યોગ ભગાવે રોગ' સૂત્ર પ્રચલિત છે.

**યોગ તમારા સ્નાયુઓને ટોનઅપ અને મજબૂત બનાવે**

યોગના ફાયદા ઘણા છે, તે શરીરને નિયંત્રણ કરીને આંતરિક શાંતિ અર્પે છે. તમારી લવચીકતામાં સુધારો કરે છે. જેનો મતલબ એક કલાક બાદ જ તમને ફેરફાર જણાય છે, કારણ કે શરીરને સકારાત્મક ઉર્જા મળે છે. તમારા સ્નાયુઓમાં સુધારો જોવા મળે છે. તે મુખ્ય શકિત ઉપર કાર્ય કરતું હોવાથી સ્વસ્થતા પ્રદાન થતાં તમને આનંદિત, ઉમંગ, ઉત્સાહનો અનુભવ થાય છે. તમારા રૂધિરા, ભિસરણ તંત્રને નિયમિત કરીને તમને હૃદયના રોગોથી બચાવે છે.

આપણાં દેશ સિવાય યોગ વૈશ્વિકસ્તરે ૧૯મી સદીમાં પ્રચલિત થયો અને તેના શારીરિક ફાયદાથી પ્રભાવિત થઈને પૂર્વીય સંસ્કૃતિ એ પણ અપનાવી લીધો હતો. વિદેશી લોકોને સક્રિય રીતે યોગનું શિક્ષણ આપનાર પ્રથમ હિન્દુ શિક્ષક સ્વામી વિવેકાનંદ હતા, જેણે યુરોપ અને અમેરિકાનો પ્રવાસ કર્યો હતો.



---

## આવતીકાલનું રાશિફળ

**તા.૨૨.૬.૨૦૨૫, રવિવાર, સંવંત ૨૦૮૧, જેઠ વદ બારસ, ભરણી નક્ષત્ર, સુકર્મા યોગ, કૌલવ કરણ આજે રાત્રે ૧૧.૦૩ સુધી જન્મેલાંની ચંદ્રરાશિ મેષ (અ,લ,ઈ) ત્યારબાદ વૃષભ (બ,વ,ઉ) રહેશે**

**મેષ (અ,લ,ઈ)** : તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય, આગળ વધવાની તક મળે, કેટલીક સુંદર પ્રતિભા તમે કેળવી શકો.

**વૃષભ (બ,વ,ઉ)** : આવક જાવકનો હિસાબ રાખવો પડે, ખર્ચ પર અંકુશ રાખવો, થોડું ગણતરીપૂર્વક ચાલવું પડશે.

**મિથુન (ક,છ,ઘ)** : સગા સ્નેહી મિત્રોથી સારું રહે, યાર દોસ્તની સહાય મળી રહે, કાર્ય પૂર્ણ થાય, પ્રગતિકારક દીવસ રહે.

**કર્ક (ડ,હ)** : નોકરિયાતવર્ગને સારું રહે, સ્ત્રી વર્ગ માટે ઉત્સાહજનક, વેપારીવર્ગને થોડી ઉઠાપટક રહેવા સંભવ છે.

**સિંહ (મ,ટ)** : ભાગ્યની દેવી રીઝતી જણાય, નવીન તક હાથમાં આવે, યોગ્ય સમયે યોગ્ય નિર્ણય કરવો જરૂરી બને છે.

**કન્યા (પ,ઠ,ણ)** : માનસિક વ્યગ્રતા જણાય, મનનું ધાર્યું ના થાય, દિવસ દરમિયાન મૂડ બદલાય કરે, સાંજ ખુશનુમા વીતે.

**તુલા (ર,ત)** : જાહેરજીવનમાં સારું રહે, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી શકો, તમારા અભિપ્રાયની ગણના થાય.

**વૃશ્ચિક (ન,ય)** : તબિયતની કાળજી લેવી, જીવનમાં નિયમિતતાની જરૂર છે, ખાવાપીવામાં કાળજી લેવી પડે.

**ધન (ધ,ભ,ફ,ઢ)** : પ્રણયમાર્ગે આગળ વધી શકો, પ્રિયપાત્રથી મુલાકાત થાય, મનની વાત વ્યક્તિ કરી શકો.

**મકર (ખ,જ)** : તમામ ભૌતિક સુખ સગવડ પ્રાપ્ત થાય, વિચારોમાં હકારાત્મકતા આવે, દિવસ આનંદમાં વીતે.

**કુંભ (ગ,સ,શ)** : નવા કાર્યમાં આગળ વધી શકો, મિત્રોની મદદ મળી રહે, નવી પદ્ધતિથી કાર્ય કરી શકો.

**મીન (દ,ચ,ઝ,થ)** : તમે કરેલા કાર્યના સારા પરિણામ મેળવી શકો, દિવસ શુભ રહે,ભૂતકાળમાંથી પાઠ લેવો જરૂરી બને છે.

## પણ મંગળ કેતુના મઘા નક્ષત્રમાંથી પસાર થઈ રહ્યા છે



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

અગાઉ અત્રે લખ્યા મુજબ સાયબર ફ્રોડના ગુન્હા વધ્યા છે તો બહુ મોટા પાયે વ્યક્તિગત પાસવર્ડ અને ડેટા લીક થયાના સમાચાર પણ આવે છે જે વિષે હું અત્રે લખી ચુક્યો છું વળી પાકિસ્તાની આર્મી ચીફ અસીમ મુનીરની ટ્રમ્પ સાથે મુલાકાત વખતે પણ અત્રે લખેલું કે આ મુલાકાતને હળવાશથી લઈ શકાય નહિ તે મુજબ ઈરાન બાબતે પાકના સુર બદલ્યા છે અને હવે જયારે સેનાપતિ મંગળ સિંહ રાશિમાં કેતુ સાથે પસાર થઈ રહ્યા છે અને એમાં પણ મંગળ કેતુના મઘા નક્ષત્રમાં થી પસાર થઈ રહ્યા છે જે ઈરાન ઈઝરાયેલ યુદ્ધને આ દિવસોમાં નિર્ણાયક બનાવે છે અને જૂન અંત સુધી મંગળ મઘા નક્ષત્રમાં રહેનાર છે એ સમય આ યુદ્ધ માટે અતિભારે ગણી શકાય જેમાં બીજા અનેક દેશ ઝંપલાવતા જોવા મળે અને બહુ જલ્દી કોઈ સમાધાન કે હલ નીકળતો જોવા ના મળે જેમાં પાકિસ્તાન સંદિગ્ધ ભૂમિકા નિભાવતું જોવા મળશે વળી અગાઉ લખ્યા મુજબ સેનાપતિ મંગળ રાજા સૂર્યના ઘરમાં છે અને સિંહાસન પર તેની નજર છે જે પાકિસ્તાનની હાલની સ્થિતિને બરાબર લાગુ પડે છે આ સિવાય અન્ય કેટલાક દેશમાં પણ સેનાપતિ પોતાનું વર્ચસ્વ જમાવવા પ્રયત્ન કરે જેનો ભોગ દિગ્ગજ અને ઉચ્ચ પદે બિરાજમાન લોકો બને. ઈરાન ઈઝરાયેલ યુદ્ધમાં ઈઝરાયેલ પણ ઝખ્મી થાય છે કેમ કે જે દશામાં યુદ્ધ શરુ થયું તે બંનેમાંથી કોઈ માટે શુભ નથી તેથી બંનેનો ખુવારી અંક મોટો હશે અને ઘાતક હથિયારોનો વિપુલ માત્રામાં પ્રયોગ પણ જોવા મળશે અને આગામી દિવસો અનેક બાબત માટે નિર્ણાયક સાબિત થશે.

---

## કાર્યક્રમોની યાદી — અબતક CHANNEL

**તારીખ ૨૧-૦૬-૨૦૨૫ શનિવાર**

૧૨:૦૦ થી ૦૨:૧૫ ગુજરાતી મુવી (ઓલ ધ બેસ્ટ પડ્યા)
૦૨:૧૫ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (કાજલ ઓઝા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (ઈમ્યુનિટી બૂસ્ટર ઢોસા)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃ આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ ચાય પે ચર્ચા (વિશ્વ યોગ દિવસ)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સ્પે.સ્ટોરી (યોગ સ્ટોરી)
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (રંગ રંગીલા ગુજ્જુભાઈ)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૨૨-૦૬-૨૦૨૫ રવિવાર**

૦૭:૦૦ થી ૧૦:૦૦ ભાગવત કથા (પૂ.દિપાલી દીદી)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (ઝમકુડી)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (પારસ પાંધી)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (થેપલા કેસડીયા)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃ આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ ચાય પે ચર્ચા (ગાયનોલોજીસ્ટ.ડો દીપ મણિયાર)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (જૂઠું બોલો જલસા કરો)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૨૩-૦૬-૨૦૨૫ સોમવાર**

૦૭:૦૦ થી ૧૦:૦૦ ભાગવત કથા (પૂ.દિપાલી દીદી)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

---

## સૂડોકુ -૩૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૯ | | | ૭ | | ૨ | | |
| | | | | ૬ | | | | |
| | ૨ | | | | | | ૪ | |
| | | | | | ૫ | | ૨ | |
| ૬ | ૭ | | | | ૨ | ૮ | | ૩ |
| | | | | ૩ | | ૯ | | ૭ |
| ૩ | | | ૮ | | ૬ | | ૭ | |
| | | | | | ૪ | | | ૯ |
| ૨ | | ૯ | | | | | | ૫ |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૩૧ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૯ | ૭ | ૫ | ૮ | ૨ | ૬ | ૪ | ૧ |
| ૧ | ૫ | ૨ | ૪ | ૯ | ૬ | ૩ | ૮ | ૭ |
| ૪ | ૮ | ૬ | ૧ | ૩ | ૭ | ૫ | ૨ | ૯ |
| ૯ | ૩ | ૫ | ૭ | ૨ | ૪ | ૧ | ૬ | ૮ |
| ૭ | ૨ | ૮ | ૬ | ૧ | ૯ | ૪ | ૩ | ૫ |
| ૬ | ૧ | ૪ | ૩ | ૫ | ૮ | ૭ | ૯ | ૨ |
| ૨ | ૪ | ૩ | ૮ | ૭ | ૫ | ૯ | ૧ | ૬ |
| ૫ | ૬ | ૯ | ૨ | ૪ | ૧ | ૮ | ૭ | ૩ |
| ૮ | ૭ | ૧ | ૯ | ૬ | ૩ | ૨ | ૫ | ૪ |

---

## અબતક પંચાગ

**તા.૨૨-૬-૨૦૨૫ રવિવાર**

| | | | |
|---|---|---|---|
| વિક્રમ સંવત | ૨૦૮૧ | શાલીવાહન શકિ: | ૧૯૪૭ |
| ખ્રિસ્તી સંવત | ૨૦૨૫ | | |
| તિથી | જેઠ વદ બારશ | | |
| નક્ષત્ર | ભરણી | | |
| યોગ | સુકર્મા | કરણઃ | કૌલવ |
| સુર્યોદય | ૬.૦૫ | સુર્યાસ્તઃ | ૭.૩૩ |
| ચંદ્ર રાશી | મેષ રાત્રે ૧૧.૦૩થી વૃષભ | | |
| રાશિ અક્ષર | અ.લ.ઈ/બ.વ.ઉ | | |
| દિશાશૂળ | પશ્ચિમ દિશા તરફ | | |
| રાહુકાળ | સાંજે ૪.૩૦ થી ૬ | | |
| દિવસનાચોઘડીયા | ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ | | |
| રાત્રીનાચોઘડીયા | શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ | | |
| અભિજીત મુહૂર્ત | બપોરે ૧૨.૨૦ થી ૧.૧૪ | | |

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

# યોગએ શારીરિક,માનસિક અને આધ્યાત્મિક અભ્યાસ છે: વડાપ્રધાન

**અબતક, રાજકોટ**

આંતરરાષ્ટ્રીય યોગ દિવસએ વર્ષ ૨૦૧૫થી દર વર્ષે ૨૧ જૂનના રોજ સમગ્ર વિશ્વમાં ઉજવવામાં આવે છે. વર્ષ ૨૦૧૪માં સંયુકત રાષ્ટ્ર મહાસભામાં યોગ દિવસની વિધિવત જાહેરાત થયા પછી વર્ષ ૨૦૧૫થી આ દિવસની ઉજવણી શરૂ કરવામાં આવી હતી. યોગ એક શારીરિક,માનસિક અને આધ્યાત્મિક અભ્યાસ છે, જેની શરૂઆત પ્રાચીન ભારતમાં થઈ હતી. ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૧૪માં સંયુકત રાષ્ટ્રના સંબોધનમાં ૨૧ જૂનની તારીખ સૂચવી હતી,કારણ કે તે ઉત્તર ગોળાર્ધમાં વર્ષનો સૌથી લાંબો દિવસ છે અને વિશ્વના ઘણા ભાગોમાં તેનું વિશેષ મહત્વ છે.

વિશાખાપટ્ટનમથી આ કાર્યક્રમમાં જોડાયેલા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પ્રાસંગીક ઉદબોધનમાં જણાવેલ કે, આજે ૨૧ જુને સમગ્ર વિશ્વ યોગ દિન ઉજવી રહ્યું છે તે અભિનંદનને પાત્ર છે. યોગે સમગ્ર વિશ્વને એક સાથે જોડ્યું છે. આ એકતા સામાન્ય ન ગણાય, આ માનવતાની એકતા છે. આજની યુવા પેઢી તેમજ દિવ્યાંગ જનોએ પણ યોગ અપનાવેલ છે. નાનામાં નાના ગામના નાગરિક કે સેનાના જવાનો સુધીના સૌ કહી રહ્યા છેકે યોગ એ બધા માટે છે.



વડાપ્રધાન એ વધુંમાં જાણવું હતું કે, આજે વિશ્વમાં અનેક લોકો સ્થૂળતાથી પીડાઈ છે, યોગ કરવાથી તેઓને ફાયદો થશે. ખાવામાં તેલનો ઉપયોગ ઓછો કરવાથી પણ ફાયદો થશે.

## તંદુરસ્ત સ્વાસ્થ્ય માટે નિયમિત યોગાભ્યાસ ખુબ જરૂરી: કલેકટર પ્રભવ જોષી

### જિલ્લાકક્ષાના ૧૧માં આંતરરાષ્ટ્રીય યોગ દિનની ઉમંગભેર ઉજવણી

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ અને રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા રાજકોટના વિમલ નગર સ્થિત મલ્ટી પર્પસ ઈન્ડોર હોલ ખાતે ૧૧ માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની જિલ્લા કક્ષાની ઉજવણી ઉમંગભેર કરવામાં આવી હતી.



''એક પૃથ્વી, એક સ્વાસ્થ્ય માટે યોગ'' થીમ પર રાજકોટ ખાતે યોજાયેલ આ કાર્યક્રમમાં યોગ બોર્ડના સૌરાષ્ટ્ર ઝોન કો-ઓર્ડિનેટર શ્રી વંદનાબેન રાજાણીએ મંચ સંચાલન કરી મોટી સંખ્યામાં ઉપસ્થિત જનમેદનીને ૪૫ મીનિટના કોમન યોગ પ્રોટોકોલમાં પ્રાર્થના, સુક્ષ્મ યોગ, યોગ આસન, પ્રાણાયામ, ધ્યાન અને સંકલ્પ લેવડાવી યોગ ક્રિયાઓનો મહિમા વર્ણવ્યો હતો. આ તકે કલેકટર પ્રભવ જોશીએ જણાવ્યું હતું કે, યોગ એક જીવન પદ્ધતિ છે, નિયમિત યોગ કરવાથી અનેક ફાયદાઓ થાય છે ત્યારે સ્વસ્થ ગુજરાત બનાવવા યોગ દ્વારા સ્થૂળતા મુક્ત પણ બનીએ. રાષ્ટ્રીય કક્ષાની ઉજવણી પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમથી અને રાજ્ય કક્ષાની ઉજવણી પ્રસંગે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે વડનગરથી આંતરરાષ્ટ્રીય યોગ દિવસની પ્રજાજનોને શુભેચ્છા પાઠવી પ્રસંગોચિત સંબોધન કર્યુ હતું

જે કાર્યક્રમોનું જીવંત પ્રસારણ સૌએ નિહાળ્યું હતું. આ કાર્યક્રમમાં સાંસદ રામભાઈ મોકરીયા, જિલ્લા પંચાયત પ્રમુખ પ્રવીણાબેન રંગાણી, રેન્જ આઈ.જી. અશોકકુમાર યાદવ, જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ, પોલીસ અધિક્ષક હિમકરસિંહ, નિવાસી અધિક કલેકટર એ. કે.ગૌતમ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક એ. કે. વસ્તાણી, પ્રાંત અધિકારી ચાંદની પરમાર, જિલ્લા યુવા વિકાસ અધિકારી હિતેશ દિહોરા, જિલ્લા રમતગમત અધિકારી વી. પી. જાડેજા, ગુજરાત રાજ્ય યોગ બોર્ડના યોગ સાધકો, વિવિધ સંસ્થાઓ તેમજ શાળા- કોલેજના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં યોગ દિનની ઉજવણીમાં સહભાગી બન્યા હતા.


## દૈનિક યોગ કરવાથી શરીર, મન અને બુધ્ધિનું શુધ્ધિકરણ થાય: વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરી

ગાંધીનગરના સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડન ખાતે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીની અધ્યક્ષતામાં અને મહિલા-બાળ કલ્યાણ મંત્રી ભાનુબેન બાબરીયાની ગરિમામય ઉપસ્થિતિમાં ૧૧માં 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ'ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી.

ગુજરાત યોગ બોર્ડ અને ગાંધીનગર મહાનગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે આયોજિત આ કાર્યક્રમમાં એક સાથે અંદાજે ૩ હજાર જેટલા શહેરીજનોએ ભાગ લઈને વિવિધ યોગાભ્યાસ કર્યા હતા. 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ' નિમિત્તે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વિશાખાપટ્ટનમથી વર્ચ્યુઅલી સંબોધન કરી દેશવાસીઓને યોગદિનની શુભકામનાઓ પાઠવી હતી. આ પ્રસંગે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારતે યોગને વૈશ્વિક ઓળખ આપી છે. જે સમગ્ર માનવજાત માટે એક આશીર્વાદ સમાન છે. તેમણે કહ્યું કે યોગ એ શરીર, મન, ચિત્ત, બુદ્ધિ અને આત્મા સુધી સ્પર્શ કરવાની પ્રક્રિયા છે. દૈનિક યોગ કરવાથી શરીર, મન અને બુદ્ધિનું શુદ્ધિકરણ થાય છે.



## રાજકોટ બન્યું યોગમય:૧ લાખથી વધુ શહેરીજનો જોડાયા



આજે ૧૧મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે રાજકોટ શહેર યોગમય બન્યું હતું. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના પાંચ મુખ્ય સ્થળો સહિત વિવિધ જગ્યાઓએ યોગાભ્યાસ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં આશરે કુલ ૧ લાખ શહેરીજનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે, ''આજે યોગે સમગ્ર વિશ્વને એક સાથે જોડ્યું છે. આ એકતા સામાન્ય ન ગણાય, આ માનવતાની એકતા છે.'' મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, ''આજે ગુજરાતમાં ૧.૫ કરોડથી વધુ લોકો યોગમાં જોડાયા છે.'' મેયર નયનાબેન પેઢડીયાએ યોગને જીવનશૈલીનો કાયમી ભાગ બનાવવાની વાત કરી હતી. માધવરાય સિંધિયા ક્રિકેટ સ્ટેડિયમ, આર.એમ.સી. નાના મૌવા સર્કલ પાસેનું ગ્રાઉન્ડ, સરદાર વલ્લભભાઈ પટેલ શાળા, જીજાબાઈ મહિલા સ્નાનાગાર (એકવા યોગા) અને મહાત્મા ગાંધી મ્યુઝિયમ (દિવ્યાંગજન તથા ખાસ કેટેગરી માટે) જેવા મુખ્ય સ્થળોએ યોગાભ્યાસ યોજાયા હતા. આ કાર્યક્રમમાં વડાપ્રધાન અને મુખ્યમંત્રીના ઉદ્દ્બોધનોનું જીવંત પ્રસારણ પણ નિહાળવામાં આવ્યું હતું, અને અંતે રાષ્ટ્રગીત ગાયન કરવામાં આવ્યું હતું.

## મધ્યસ્થ જેલમાં બંદીવાન ભાઈ- બહેનોએ કર્યા યોગા



ગુજરાત રાજ્યની જેલોના વડા ડો. કે.એલ.એન. રાવ ના માર્ગદર્શન હેઠળ રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે ૧૧મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં પતંજલિ યોગ બોર્ડ સંસ્થા, રાજકોટનો સહયોગ પ્રાપ્ત થયો હતો, જેમાં યોગ ટ્રેનર કિશોરભાઈ આર. રાઠોડ, સંજયસિંહ જાડેજા અને કમલેશભાઈ શર્મા ઉપસ્થિત રહ્યા હતા. જેલના અધિકારીઓ, કર્મચારીઓ, અને મોટી સંખ્યામાં પુરુષ તેમજ મહિલા બંદીવાનોએ ઉત્સાહભેર વિવિધ યોગાસનો કર્યા હતા. કાર્યક્રમના સમાપન પ્રસંગે, જેલના અધિકારીઓ દ્વારા પતંજલિ યોગ બોર્ડ સંસ્થાના સભ્યોને પ્રશંસાપત્ર એનાયત કરીને તેમનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. રાષ્ટ્રગાન સાથે આ કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.

## ભારતીય સંસ્કૃતિના યોગશાસ્ત્રને વૈશ્વિક મંચ પર માન મળ્યું: સ્ટે. કમિટી ચેરમેન જયમીન ઠાકર



વિશ્વ યોગ દિવસ નિમિત્તે યોજાયેલા કાર્યક્રમમાં વાત કરતાં સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જૈમીન ઠાકરે જણાવ્યું હતું કે, માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં જ્યારે તેઓએ પ્રથમવાર વડાપ્રધાન તરીકે શપથ લીધા ત્યારથી આજદિન સુધી વિશ્વ યોગ દિવસની ઉજવણી થઈ રહી છે. ભારતીય સંસ્કૃતિના યોગશાસ્ત્રને વૈશ્વિક મંચ પર માન મળ્યું છે. વિશ્વ યોગ દિવસ એ તેને ઉજાગર કરવાનું એક માધ્યમ છે. તેમણે ઉમેર્યું કે, રાજકોટ મહાનગરપાલિકા છેલ્લા ૧૧ વર્ષથી શહેરના વિવિધ ઝોનમાં યોગ દિવસની ઉજવણી કરતી આવી છે. ખાસ કરીને ૨૦૧૬માં મહિલા સશક્તિકરણને ધ્યાનમાં રાખી એક્વા યોગા જેવી અનોખી શરૂઆત કરવામાં આવી હતી, જેમાં સ્વિમિંગ પુલમાં યોગ કરાવવામાં આવ્યો હતો. આજે પણ શહેરના વિવિધ વિસ્તારમાં યોગ સત્રોનું આયોજન કરાયું હતું.

## યોગ દ્વારા સ્વસ્થ સમાજની દિશામાં ભારતની અગ્રેસર ભૂમિકા: ભાજપ પ્રમુખ ડૉ.માધવ દવે



અબતક સાથેની વાતચીતમાં શહેર ભાજપ પ્રમુખ માધવ દવે જણાવ્યું હતું કે, આજે સમગ્ર વિશ્વ યોગ દિવસની ઉજવણી કરી રહ્યું છે ત્યારે 'એક પૃથ્વી, એક સ્વાસ્થ્ય' એ સ્લોગન હેઠળ પણ આ સંદેશ વિસ્તૃત રહ્યો છે. વિશાખાપટનમમાં પણ આપણાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાહેબે યોગ દિવસની ઉજવણી કરી છે. યોગ માત્ર વ્યક્તિગત આરોગ્ય માટે જ નહીં પણ સમગ્ર સમાજના સ્વાસ્થ્ય માટે મહત્વપૂર્ણ છે. વિશ્વના આરોગ્ય ક્ષેત્રે ભારતે યોગના માધ્યમથી અગ્રેસર ભૂમિકા ભજવી છે. હવે આપણું પણ ફરજ બને છે કે નિયમિત યોગ કરીને સ્વસ્થ જીવનશૈલી અપનાવીએ અને યોગ દ્વારા જીવનમાં સકારાત્મકતા લાવીએ - એ જ આ દિવસનો સાચો હેતુ છે.

## જીવનમાં સંપત્તિની સાથે તંદુરસ્તી પણ જરૂરી જે યોગથી મળે છે: ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા



આજે ૨૧ જૂનના રોજ વિશ્વભરમાં ૧૧ મો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવવામાં આવી રહ્યો છે. વિશ્વ યોગ ૨૧ જુને દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી એ આજે ઈનોમાં રજૂ કર્યો હતો.ત્યારે રાજકોટના નાના મોવા સર્કલ ખાતે યોગ દિવસ ઉજવણી કરવામાં આવી છે. આ યોગ કાર્યક્રમમાં ગુજરાતમાં ૧.૫ કરોડ થી વધુ લોકો જોડાયા હતા અને યોગ કર્યા હતા. નાના મોવા સર્કલે યોગ કાર્યક્રમમાં ૫,૦૦૦ થી વધુ લોકો જોડાયા હતા. રમેશભાઈ ટીલાળાએ જણાવ્યું કે જીવનમાં યોગ ખૂબ જ ઉપયોગી હોય છે. જ્યારે તમારી પાસે ગમે તેટલી સંપત્તિ હોય પણ તંદુરસ્તી ન હોય તો નકામું છે. યોગ કરવાથી માનસિક શારીરિક તંદુરસ્તી જળવાઈ રહે છે એટલે તો કહેવાય છે કે યોગ ભગાડે રોગ.

## ૨૧૨૧ યોગ સાધકો ભુજંગાસન થકી બન્યો નવો ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકર્ડ



ગુજરાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરણા અને માર્ગદર્શનમાં આ વર્ષના યોગ દિવસે વડનગરના ઐતિહાસિક શર્મિષ્ઠા તળાવ ખાતે ૨૧૨૧ યોગ સાધકોના એક સાથે ભુજંગાસન દ્વારા નવો કિર્તીમાન પ્રસ્થાપિત કરીને ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકર્ડ માં સ્થાન મેળવ્યું છે.

મુખ્યમંત્રીના દિશાદર્શનમાં આ અગાઉ પણ ગુજરાતે ૨૦૨૩માં ૯મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસે સુરત ખાતે એક સાથે ૧.૫૦ લાખ લોકોની સામૂહિક યોગ સાધનાનો વિક્રમ અને ૧લી જાન્યુઆરી ૨૦૨૪ એ એક સાથે ૧૦૮ સ્થળોએ ૫૦ હજાર લોકો દ્વારા સામૂહિક સુર્યનમસ્કારનો વર્લ્ડ રેકર્ડ રચીને ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકર્ડમાં સ્થાન મેળવ્યું છે.

## યોગથી સ્વસ્થ અને સુખી જીવન પ્રાપ્ત કરી શકાય: વિક્રમ પૂજારા



શિક્ષણ સમિતિ ચેરમેન વિક્રમ પુજારાએ અબતક સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, આજે વિશ્વ યોગ દિવસ નિમિત્તે રાજકોટ મનપા દ્વારા શહેરમાં પાંચ જુદા જુદા સ્થળોએ યોગ દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીમાં રાજકોટના અસંખ્ય લોકોએ ઉત્સાહભેર યોગાભ્યાસમાં ભાગ લીધો હતો, જે દર્શાવે છે કે લોકો યોગને પોતાના દૈનિક જીવનનો અભિન્ન અંગ બનાવી રહ્યા છે. પહેલા લોકો ૧૦૦ વર્ષથી વધુ જીવતા હતા. જેની મુખ્ય કારણ યોગ અને વ્યાયામ હતું. યોગ શરીરને સ્વસ્થ રાખી અનેક બીમારીઓથી રક્ષણ આપે છે. યોગ દ્વારા યુવાનો સ્વસ્થ રહી પોતાના લક્ષ્યોને વધુ સરળતાથી પ્રાપ્ત કરી શકે છે. યોગના માધ્યમથી ગંભીર બીમારીઓ પણ દૂર થઈ શકે છે, અને હાલના સમયમાં હોસ્પિટલોમાં પણ ઉપચારના ભાગરૂપે યોગનો સમાવેશ કરવામાં આવી રહ્યો છે. આપણે યોગ અપનાવીને એક સ્વસ્થ અને સુખી જીવન જીવી શકીએ છીએ.

# પોલીસ હેડ ક્વાર્ટર ખાતે પોલીસ પરિવારે કરી યોગ સાધના

### એડિશનલ પોલીસ કમિશનર મહેન્દ્ર બગડીયા, ડીસીપી ક્રાઈમ પાર્થરાજસિંહ ગોહિલ, ડીસીપી સજ્જનસિંહ પરમાર, ડીસીપી જગદીશ બાંગરવા, ડીસીપી ટ્રાફિક પૂજાબેન યાદવ સહિત ઉચ્ચ પોલીસ અધિકારીઓ રહ્યા ઉપસ્થિત: પોલીસ પરિવારે યોગથી શારીરિક, માનસિક શાંતિ-ફિટનેસથી સતેજ બન્યાં

**અબતક, રાજકોટ**

યોગ ભગાવે રોગ.. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ના આગ્રહ અને માર્ગદર્શન થી સંયુક્ત રાષ્ટ્ર મહાસંઘ ના યુનેસ્કોએ ૨૧ જૂન ના દિવસ ને વિશ્વ યોગ દિવસની જાહેરાત કરી ભારતના યોગ સંસ્કૃતિ ને સમગ્ર વિશ્વમાં ગૌરવ અપાવ્યું હતું









દર વર્ષની જેમ આ વર્ષે પણ ગુજરાત સહિત દેશભરમાં યોગ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. તે અંતર્ગત રાજકોટ પોલીસ પરિવાર દ્વારા યોગ સાધના નું આયોજન કરવામાં આવ્યું હતું. શહેરના રેસકોસ રીંગ રોડ પર આવેલા ઐતિહાસિક પોલીસ હેડ ક્વાર્ટર ખાતે વહેલી સવારે યોગ સાધનાની શરૂઆત કરવામાં આવી હતી, યોગ નિષ્ણાત શિક્ષકો ના માર્ગદર્શન હેઠળ રાજકોટના પોલીસ પરિવારના સભ્યોએ મોટી સંખ્યામાં યોગ કર્યા હતા. આ યોગમાં શહેર એ.ડી. પોલીસ કમિશનર મહેન્દ્ર બગડીયા, ડીસીપી ક્રાઈમ પાર્થ રાજસિંહ ગોહિલ, ઝોન ૧ ડીસીપી સજ્જનસિંહ પરમાર, ઝોન ૨ ડીસીપી જગદીશ બાંગરવા, ડીસીપી ટ્રાફિક પૂજાબેન યાદવ, એસીપી રાધિકાબેન ભારાઈ, એસીપી ક્રાઈમ ભરત બસીયા, એસીપી બી જે ચૌધરી, બીવી જાદવ,સાયબર ક્રાઈમ ચિંતન પટેલ, એસીપી એમ જે પઠાણ, એસીપી ટ્રાફિક વી.જે પટેલ, સહિતના અધિકારીઓ પી.આઈ, પીએસઆઈ, એએસઆઈ, હેડ કોન્સ્ટેબલ, કોન્સ્ટેબલ થી લઈ તમામ પોલીસ કર્મચારીઓ એ યોગ સાધનામાં ભાગ લીધો હતો.


# શિક્ષકો - વિદ્યાર્થીઓના પ્રયત્નોથી મોદી સ્કૂલની નીટ-યુજી પરીક્ષામાં જ્વલંત સફળતા

## ૬૦૦થી વધુ માર્કસ મેળવતા ૨ છાત્રો ૫૦૦થી વધુ માર્કસ મેળવતા ૭૧ તથા ૪૫૦થી વધુ માર્કસ મેળવતા ૧૬૩ વિદ્યાર્થીઓ, શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા


હિર વેકરીયા


વાશ્વી ગોંડલીયા


નમન સગપરીયા


યુતિ વડાલીયા

**અબતક, રાજકોટ**

હાલમાં જાહેર થયેલ નીટ યુજી-૨૦૨૫નાં પરિણામોમાં સમગ્ર દેશનાં ૨૩ લાખથી વધુ વિદ્યાર્થીઓ પરીક્ષા આપેલ તેમાં મોદી સ્કૂલમાં પ્રથમ સ્થાને રહેતા વેકરીયા હીરે ૬૨૨ માર્કસ મેળવીને ઓલ ઈન્ડિયા રેન્ક-૨૨ મેળવીને શાળા પરિવાર તથા માતા પિતાનું ગૌરવ વધારેલ છે. આ ઉપરાંત ૬૧૩ માર્કસ સાથે ઓલ ઈન્ડિયા રેન્ક-૪૩૧ મેળવી વાસ્વી ગોંડલીયાએ શાળામાં દ્વીતીય સ્થાન પ્રાપ્ત કરેલ છે.

ગુજરાતી માધ્યમમાં ૫૯૦ માર્કસ સાથે નમન સગપરીયા તથા યુતી વડાલીયાએ સમગ્ર સૌરાષ્ટ્રમાં ગુજરાતી માધ્યમનાં ટોપર બન્યા છે. આ વખતનાં નીટ-૨૦૨૫નાં કઠીન પેપરમાં પણ વિદ્યાર્થીઓએ ઉચ્ચત્તમ સ્કોર મેળવીને પોતાની મેડીકલ ક્ષેત્રની કારકીર્દી સુનિશ્ચિત કરેલ છે. આ ઉપરાંત શાળાનાં ૭૧ વિદ્યાર્થીઓ ૫૦૦ માર્કસ કે તેથી વધુ, ૧૬૩ વિદ્યાર્થીઓ ૪૫૦ માર્કસ કે તેથી વધુ તથા ૨૬૪ વિદ્યાર્થીઓ ૪૦૦ કે તેથી વધુ માર્કસ મેળવી નીટ-૨૦૨૫માં સોરાષ્ટ્રભરનુ શ્રેષ્ઠ પરિણામ હાંસલ કરેલ છે. વર્ષ ૨૦૨૫માં એમબીબીએસમાં મોદી સ્કૂલનાં ૨૩૫ વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવેલ જે સમગ્ર શહેરમાં સૌથી વધુ છે.

હાલમાં જ જાહેર થયેલ જેઈઈ (મેઈન્સ + એડવાન્સ્ડ)નાં પરિણામમાં પણ મોદી સ્કૂલે પોતાનાં જ રેકર્ડ બ્રેક કર્યા છે. જેઈઈ મેઈન્સ-૨૦૨૫નાં પરિણામોમાં ૯૯થી વધુ પીઆર - ૮૭ વિદ્યાર્થીઓ સાથે સમગ્ર ગુજરાતમાં પ્રથમ સ્થાન હાંસલ કરેલ છે. આ ઉપરાંત જેઈઈ એડવાન્સ્ડ ઓલ ઈન્ડિયા રેન્ક ટોપ-૨૦૦૦માં ૩૫ વિદ્યાર્થીઓ સાથે સમગ્ર સૌરાષ્ટ્રમાં પ્રથમ સ્થાને રહેલ છે. આ ઉપરાંત ગુજરાતની શ્રેષ્ઠ એન્જીનીયરીંગ કોલેજોમાં પ્રવેશ માટેનાં એસીપીસી મેરીટ રેન્ક ટોપ-૧૦૦ માં ૬ વિદ્યાર્થીઓ સાથે સમગ્ર સૌરાષ્ટ્રમાં મોદી સ્કૂલ ટોચ પર રહેલ છે. આવા જવલંત પરિણામ થકી મોદી સ્કૂલનાં ૧૦૦ થી વધુ વિદ્યાર્થીઓ આઈઆઈટી, એનઆઈ, આઈઆઈઆઈટી જેવી દેશની ખ્યાતનામ કોલેજમાં પ્રવેશપાત્ર બન્યા છે. જે સમગ્ર ગુજરાત કક્ષાએ કોઈપણ સ્કૂલ તથા કોચીંગ માટે કીર્તિમાન છે.

આજે જ્યારે વિદ્યાર્થીઓ મોબાઈલનાં દૂષણ તરફ તથા ડમી સ્કૂલ કલ્ચર તરફ જઈ રહ્યા છે ત્યારે મોદી સ્કૂલીંગ સિસ્ટમે એક સ્કૂલ મોડલનાં માધ્યમથી એનટીએ દ્વારા લેવાતી નેશનલ લેવલની પરીક્ષાઓમાં સમગ્ર દેશમાં ટોચનું સ્થાન હાંસલ કરીને સ્કૂલ સિસ્ટમ દ્વારા જેઈઈ (મેઈન+એડવાન્સ્ડ) તથા નીટમાં શ્રેષ્ઠ પરિણામ આપી શકાય છે તે સાબિત કર્યુ છે.

નીટનાં આવા ઉજ્જવળ પરિણામો માટે વિદ્યાર્થીઓએ શિક્ષકો, મોદીભાઈ તથા હિતભાઈનું સચોટ માર્ગદર્શન, નિયમિત ચેપ્ટર ટેસ્ટ, હાફ સીલેબસ ટેસ્ટ, ફુલ સિલેબસ ટેસ્ટનું પધ્ધતિસર આયોજન, મોદી સ્કૂલનાં તજજ્ઞ શિક્ષકો દ્વારા તૈયાર કરવામાં આવેલ મોડ્યુલ સતત કાઉન્સેલિંગ તથા મેન્ટરશિપ થકી મોદી સ્કૂલીંગ સિસ્ટમને કારણે નેશનલ લેવલની પરીક્ષામાં ટોચનું સ્થાન મેળવેલ છે.

મોદી સ્કૂલનાં સંસ્થાપક ડો.આર.પી.મોદીએ આ સફળતા અંગે જણાવ્યું કે શાળા ૩૭ વર્ષથી સૌરાષ્ટ્રનાં વિદ્યાર્થીઓની શિક્ષણ પધ્ધતિ, ઘરનાં વાતાવરણ તથા તેઓનાં એજ્યુકેશન કલ્ચરને સમજે છે. જેના કારણે શ્રેષ્ઠ પરિણામો શક્ય બને છે. હાલમાં નીટ, જેઈઈ (મેઈન + એડવાન્સ્ડ) તથા ફાઉન્ડેશન ધો.૬ થી ૧૦ માટે ૧૨ આઈઆઈટીયન્સ, ૬ એનઆઈટીયન્સ, ૨ ડોક્ટર્સ સાથે કુલ ૯૪થી વધુ ફેકલ્ટીની મોટી ટીમ કાર્યરત્ત છે. જેમાનાં ૪૨થી વધુ ફેકલ્ટી તો આઉટસ્ટેટનાં છે. ગુજરાત અને આઉટસ્ટેટ ફેકલ્ટીની ટીમ તથા મોદી સ્કૂલ મેનેજમેન્ટની સૌરાષ્ટ્રની સાયન્સનાં વિદ્યાર્થીઓનાં માનસપટને સમજવાની ક્ષમતાના કારણે આવા શ્રેષ્ઠ પરિણામો મોદી સ્કૂલ મેળવી રહી છે. રાજકોટ તથા જામનગર ઉપરાંત સૌરાષ્ટ્ર તથા ગુજરાતભરમાં ઉચ્ચ કારકિર્દી

(અનું.આઠમાં પાને)

# સ્વસ્થ જીવનનો મહાઉત્સવ: રાજકોટવાસીઓએ યોગથી સાધ્યો તન-મનનો સમન્વય

## સરકારી તંત્ર સામાજિક શૈક્ષણિક સંસ્થા અધિકારી પદાધિકારીઓ શાળા કોલેજના છાત્ર સહિત લાખો લોકો યોગ થકી સ્વસ્થ જીવનશૈલી અપનાવવાનો સંકલ્પ લીધો



**સરસ્વતિ શિશુ મંદિર:** વિદ્યાભારતી ગુજરાત પ્રદેશ સંલગ્ન તેમજ સૌરાષ્ટ્ર શિક્ષણ અને સેવા સમાજ ટ્રસ્ટ રાજકોટ સંચાલિત સરસ્વતી શિશુમંદિરમાં ૨૧ જૂન આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. શહેરના મારૂતિનગર ખાતે આવેલા પ્રવીણકાકા મણીઆર કેમ્પસ અને રણછોડનગર તથા નવા થોરાળા ખાતે આવેલા સરસ્વતી શિશુમંદિરમાં વિદ્યાર્થીઓ, વાલીઓ, પ્રધાનાચાર્યો, આચાર્યો, ટ્રસ્ટીમંડળ, શૈક્ષણિક સ્ટાફ પરિવારે સામૂહિક યોગાભ્યાસ કર્યો હતો. રૂપાલીબેન પરીખ, આદિત્યરાજસિંહ ઝાલા, અસ્મિતાબેન કાથડ, સંદર્ભભાઈ સોરઠીયાએ ઉપસ્થિત રહીને જીવનમાં યોગનું મહત્વ સમજાવ્યું હતું.

**અબતક, રાજકોટ**

રંગીલા રાજકોટમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ૨૦૨૫ ની ઉજવણી ભારે ઉત્સાહ અને ઉમંગ સાથે કરવામાં આવી. દર વર્ષની જેમ, ૨૧ જૂન ના રોજ, શહેરભરમાં વિવિધ સ્થળોએ યોગના કાર્યક્રમોનું આયોજન થયું હતું. વહેલી સવારથી જ શહેરના ખૂણેખૂણેથી ઉમટી પડેલા લોકોએ યોગાસનો કરીને સ્વાસ્થ્ય પ્રત્યેની જાગૃતિ નો સંદેશો પાઠવ્યો હતો. આ ઉપરાંત, અનેક સોસાયટીઓ, એપાર્ટમેન્ટ કોમ્પ્લેક્સ, અને ખાનગી યોગ સ્ટુડિયો દ્વારા પણ પોતાના સ્તરે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. દરેક સ્થળે, યોગ ટ્રેનર્સ અને નિષ્ણાતો દ્વારા સહભાગીઓને વિવિધ યોગાસનો, પ્રાણાયામ, અને ધ્યાનની પ્રેક્ટિસ કરાવવામાં આવી હતી.આ વર્ષે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની થીમ ‘‘એક પૃથ્વી, એક સ્વાસ્થ્ય માટે યોગ‘‘ હતી, જે દર્શાવે છે કે વ્યક્તિગત સુખાકારી અને ગ્રહનું સ્વાસ્થ્ય એકબીજા સાથે ગાઢ રીતે જોડાયેલા છે. આ થીમને અનુરૂપ, યોગના કાર્યક્રમોમાં પર્યાવરણ સંરક્ષણ અને ટકાઉ જીવનશૈલીના મહત્વ પર પણ ભાર મૂકવામાં આવ્યો હતો. દરેક વયજૂથના લોકો ઉત્સાહભેર જોડાયા હતા. નાના બાળકોથી લઈને વડીલો સુધી, સૌ કોઈએ યોગાસનોના લાભ મેળવ્યા. વિવિધ શૈક્ષણિક, સામાજિક અને સ્વૈચ્છિક સંસ્થાઓ, શાળાઓ અને કોલેજો માં વિદ્યાર્થીઓ માટે ખાસ યોગ સત્રોનું આયોજન કરવામાં આવ્યું હતું. સાથોસાથ, યોગ કેન્દ્રો અને સ્થાનિક સમુદાયો દ્વારા વિવિધ વિસ્તારોમાં યોગ શિબિરો યોજાઈ હતી, આ ઉજવણીમાં દરેક સંસ્થાએ પોતપોતાનો રંગ ઉમેર્યો, જેનાથી સમગ્ર શહેરમાં યોગનું એક સુંદર મેઘધનુષ્ય સર્જાયું. સરકારી કચેરીઓના કર્મચારીઓ અને આરોગ્યકર્મીઓ એ પણ યોગ કરીને સ્વસ્થ જીવનશૈલીનો સંદેશો ફેલાવ્યો હતો, જેણે સમાજમાં યોગ પ્રત્યેની જાગૃતિ વધુ મજબૂત બનાવી.આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી માત્ર એક દિવસ પૂરતી સીમિત ન રહેતા, તે નિયમિત યોગ પ્રેક્ટિસ અને સ્વસ્થ જીવનશૈલી અપનાવવા માટેની પ્રેરણા બની રહી. રાજકોટના લોકોએ યોગને પોતાના દૈનિક જીવનનો અભિન્ન અંગ બનાવવાનો સંકલ્પ કર્યો, જે શારીરિક, માનસિક અને આધ્યાત્મિક સુખાકારી માટે અત્યંત જરૂરી છે. આ ઉજવણીએ રાજકોટને યોગમય શહેર તરીકેની ઓળખ વધુ દ્રઢ કરી.



**નિધિ સ્કુલ:** નિધિ સ્કૂલ દ્વારા આજ રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી વિદ્યાર્થી બહેનોએ સ્કૂલ ખાતે તેમજ વિદ્યાર્થી ભાઈઓએ રાજકોટ મહાનગરપાલિકાના વેસ્ટ ઝોન દ્વારા યોજાયેલ યોગ દિવસમાં ભાગ લઈ ઉજવણી કરેલ હતી, આ યોગ દિવસમાં સ્કૂલના વિદ્યાર્થી ભાઈ બહેનો, શિક્ષક ગણ જોડાયેલ હતો, આ કાર્યક્રમમાં નિધિ સ્કૂલના ટ્રસ્ટીગણ, પ્રિન્સિપાલ શ્રી, તેમજ શિક્ષક ગણ પણ જોડાયો હતો, તેમજ આ યોગ દિવસના કાર્યક્રમનું સંચાલન યોગ શિક્ષિકા સુધાબેન મહેતા, ભાવનાબેન માળવીયા, નયનાબેન પંડ્યા, નયનાબેન અમરસેડા દ્વારા કરવામાં આવેલ હતું.



**ખોડલધામ ટ્રસ્ટ:** રાજકોટ:શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા હંમેશા આરોગ્ય અને શિક્ષણને પ્રાધાન્ય આપીને સમાજમાં આરોગ્ય અને શિક્ષણનો વ્યાપ વધે તે માટે વિવિધ પ્રકલ્પો ચલાવવામાં આવી રહ્યા છે. લોકો જીવનમાં યોગને નિયમિત અપનાવી શારીરિક અને માનસિક સ્વસ્થ રહે અને સ્વસ્થ રાષ્ટ્રનું નિર્માણ થાય તેવા ઉદ્દેશ સાથે ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા નરેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળદર વર્ષે આંતર રાષ્ટ્રીય યોગ દિવસની ભવ્યાતિભવ્ય ઉજવણી કરવામાં આવે છે.

ત્યારબાદ યોગ શિક્ષક દિપકભાઈ તળાવિયા અને તેમના ગ્રુપ દ્વારા વિવિધ યોગ, પ્રાણાયામ, ધ્યાન, આસન, સૂર્ય નમસ્કાર કરાવ્યા હતા અને સાથે સાથે તે આપણા તન ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ આયોજિત યોગ મહોત્સવ કાર્યક્રમમાં ટ્રસ્ટીઓ, કન્વીનર ભાઈઓ-બહેનો, મોટી સંખ્યામાં યોગપ્રેમી ભાઈઓ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા અને યોગ કરીને આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરી હતી. કાર્યક્રમના અંતે સૌ યોગિક અલ્પાહાર લઈને છૂટા પડ્યા હતા.



**સૌરાષ્ટ્ર યૂનિવર્સિટી:** આંતરરાષ્ટ્રીય યોગ દિન નિમિતે સામૂહિક યોગના કાર્યક્રમમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રો઼ફે. ઉત્પલભાઈ જોશીએ આ તકે જણાવેલ હતું કે,* યોગ એ આપણી વર્ષો જૂની ઋષીકાળથી ચાલી આવતી પ્રાચીન ભારતની પરંપરા છે. ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીજીએ સંયુક્ત રાષ્ટ્ર સંઘની સભામાં સમગ્ર વિશ્વ સમક્ષ યોગનું શું મહત્વ છે અને યોગ શા માટે જરૂરી છે તેના વિશે માહિતી આપતા સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા તા. ૨૧ જૂનના દિવસને ’આતંરરાષ્ટ્રીય યોગ દિન’ તરીકે ઉજવણી કરવાનું જાહેર કરવામાં આવેલ છે જે આપણા સૌ માટે ગૌરવની વાત છે. આ કાર્યક્રમમાં બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્યઓ, ડીનઓ, એકઝીક્યુટીવ કાઉન્સિલના સભ્યઓ, કુલસચિવ ડો. રમેશભાઈ પરમાર, વિવિધ ભવનોના અધ્યક્ષઓ, પ્રાધ્યાપકઓ, યુનિવર્સિટીના વહીવટી અધિકારીઓ, બિનશૈક્ષણિક કર્મચારીઓ, વિદ્યાર્થીઓ તેમજ યુનિવર્સિટી કેમ્પસમાં નિયમિત વોકીંગ કરવા આવતા નગરજનો તેમજ સિનિયર સીટીઝન ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમને સફળ બનાવવા કુલપતિ પ્રોફે. ઉત્પલભાઈ જોશીના માર્ગદર્શન હેઠળ ઈન્ચાર્જ શારીરિક શિક્ષણ નિયામક ડો. હરીશભાઈ રાબા, કે.કે. બાવડા, મૌનીકભાઈ ગઢવી, ઉમેશભાઈ માઢક તથા બાંધકામ વિભાગના કર્મચારીઓ સહિતનાએ જહેમત ઉઠાવી હતી.



**રાજકોટ રેલવે ડીવીઝન:** પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝન માં આજે ૧૧મો ‘આંતરરાષ્ટ્રીય યોગ દિવસ’ ઉત્સાહપૂર્વક મનાવવામાં આવ્યો. આંતરરાષ્ટ્રીય યોગ દિવસ - ૨૦૨૫ની થીમ છે એક પૃથ્વી, એક સ્વાસ્થ્ય માટે યોગ ભારત સરકારના આયુષ મંત્રાલય દ્વારા પ્રાપ્ત દિશા નિર્દેશો અનુસાર યોગ સત્રનું આયોજન કરવામાં આવ્યું. પતંજલિ યોગ સમિતિ-રાજકોટના યોગ પ્રશિક્ષકો ગોપાલ શર્મા, કિશોર રાઠોડ તથા તેમની ટીમનાં માર્ગદર્શન હેઠળ રેલ અધિકારીઓ, કર્મચારીઓ તેમજ તેમના પરિવારજનોને કોમન યોગા પ્રોટોકોલના અંતર્ગત આસન, પ્રાણાયામ તથા ધ્યાન સંબંધિત વિભિન્ન અભ્યાસોનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું. અશ્વની કુમારે કૌશલ કુમાર ચૌબે, વરિષ્ઠ મંડળ કાર્મિક અધિકારી અમૃત સોલંકી, સહાયક કાર્મિક અધિકારી કે. કે. દવે, વિભિન્ન વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ, રેલવે સુરક્ષા બળ, સ્કાઉટ, સીઆઈએસએફ રાજકોટની ટીમ તથા મોટી સંખ્યામાં રેલ કર્મચારી ઉપસ્થિત હતા. કાર્યક્રમનું સંચાલન મુખ્ય કલ્યાણ નિરીક્ષક શૈલેષ મકવાણા દ્વારા કરવામાં આવ્યું. અંતમાં રાષ્ટ્રગાન સાથે કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું.



**પ્રોજેકટ લાઈફ:** આજના દિવસોમાં જયા માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય એ મુખ્ય ચિંતાનો વિષય બન્યું છે. ત્યાં આતંરરાષ્ટ્રીય યોગ દિવસના અવસરે પ્રોજેકટ લાઈફ ના લાઈફ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર દ્વારા શહેરના અનેક સ્થળો પર યોજાયેલા યોગ કાર્યક્રમોએ આરોગ્ય પ્રતિ આસ્થા અને જાગૃતિનો અદભુત સંદેશ આપ્યો હતો. યોગા ફોર વન અર્થ, વન હેલ્થ જેવી વેશ્વિક થીમ સાથે ૧૧મો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ લાઈફ બિલ્ડીંગ રેસકોર્સ રીંગ રોડ તથા અન્ય સ્થળો પર મોટી સંખ્યામાં ભાગીદારી સાથે ઉજવાયો હતો.



**જલસા પરિવાર:** સન ૨૦૧૩ થી ’જલસા પરિવાર’ નામે એક યોગા ગ્રુપ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સૌજન્યથી ખુલ્લાં પટાંગણમાં સવારે છ થી સાત દરમિયાન એક કલાક યોગાની પ્રવૃતિ કરે છે.આજે પણ આંતરરાષ્ટ્રીય યોગા દિવસ અંતર્ગત આ ગ્રુપ દ્વારા યોગા દિવસની ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. જલસા પરિવારના સભ્ય વિઠલ વઘાસિયા પરિવાર વિશે વિગતે વાત કરતા જણાવે છે કે,૨૦૧૩થી આ પ્રવૃત્તિ કરી રહેલા જલસા પરિવારમાં સો થી સવાસો જેટલાં ૨૭ વર્ષથી માંડીને ૭૭ વર્ષ સુધીના અર્થાત આબાલ - વૃદ્ધ ભાઈ - બહેનો દરરોજ વહેલી સવારે છથી સાત સુધી એક કલાક માટે એકઠાં થાય છે.જેમાં ચારથી પાંચ જુદી જુદી ફેકલ્ટીના ડોકટર પણ આવે છે.જુદાં જુદાં ક્ષેત્રના નિવૃત્ત અધિકારીઓ પણ આવે છે,તો વળી ઉદ્યોગપતિઓ,બિઝનેસમેન, શિક્ષણશાસ્ત્રીઓ અને પત્રકારો પણ આ પ્રવૃત્તિમાં જોડાયેલા છે.કોઈપણ જાતની ફી વગર નિઃશુલ્ક ચલાવવામાં આવતું આ સંગઠન છે.આ પરિવારમાં કોઈપણ નાત જાત કે જ્ઞાતિના ભેદભાવ વગર પ્રવેશ આપવામાં આવે છે.આ ગ્રુપનું સંચાલન નિવૃત્ત ડીવાયએસપી રામભાઈ ઓડેદરા કરે છે.તેમની મદદમાં સર્વ શ્રી જયસુખભાઈ ડોબરીયા,જગદીશભાઈ રોજમાળા,અંજનાબેન ત્રિવેદી - પટેલ, દીપકભાઈ પટેલ,ચેતનભાઈ આસોદરિયા વગેરે ભાઈ - બહેનો કોચ તરીકેની સેવા આપે છે.



**માહી ડેરી:** રાજકોટના એરપોર્ટ રોડ પર આવેલી વીટસ સિલેક્ટ હોટલના પ્રાંગણમાં યોજાયેલા આ કાર્યક્રમમાં વિવિધ રોગોમાં કયા યોગ કરવા જોઈએ તેનું આર્ટ ઓફ લિવિંગના યોગ શિક્ષકોની ટીમ દ્વારા સુંદર નિદર્શન કરવામાં આવ્યું હતુ.

માહી ડેરીના સૌરાષ્ટ્ર-કચ્છમાં આવેલ વિવિધ જિલ્લા મથકો અનેગ્રામ્ય કક્ષાએ આવેલા બી.એમ.સી. કેન્દ્રો ખાતે પણ મોટી સંખ્યામાં કર્મચારીઓએયોગના કાર્યક્રમમાં જોડાઈને એક પૃથ્વી એક સ્વાસ્થ્યની થીમ પર વિવિધ યોગ કર્યા હતા.



**મા સંતોષી પે સેન્ટર શાળા નં.૯૮:** રાજકોટના વોર્ડ નં.૩ માં આવેલી માં સંતોષી પે સેન્ટર શાળા નં. ૯૮ ખાતે ૧૧માં વિશ્વ યોગ દિન ઉપક્રમે શાળામાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓને યોગ કરાવવામાં આવેલ યોગ શિખવનાર શિક્ષકો કાવ્યાબેન મર્થક તેમજ કૈલાસબેન કગથરાએ કાર્યક્રમનું સંચાલત કરેલ હતું. શાળાના આચાર્ય મનોજભાઈ ટાંકે વિદ્યાર્થીઓને યોગથી થવા લાભ અને યોગનું મહત્વ સમજાવ્યું હતું.કાર્યક્રમમાં ઉપસ્થિત શાળા નં. ૫૯ ના પૂર્વ આચાર્ય અને વ્યાયામ શિક્ષક મનસુખલાલ ડી. અમૃતિયાએ પોતાના પ્રવચન અને ઉદબોધનમાં જણાવેલ છે.



**ઓરમ શાંતિ નિકેતન:** ઓરમ શાંતિ નિકેતન કલાવાડ રોડ મધ્યે યોગ દિનની ઉત્સાહભેર ઉજવણી કરી. યોગ ગુરુ વિષ્ણુભાઈ અને યોગ માસ્ટર મહિમાબેનના માર્ગદર્શન હેઠળ ઓરમ શાંતિનિકેતનના ૬૫ થી ૯૦ વર્ષના રહેવાસી વરિષ્ટ નાગરીકોએ યોગ દિન નિમિતે વિવિધ આસનો અને યોગાસન કરી યોગ દિનની રંગે ચંગે ઉત્સાહ ભેર ઉજવણી કરી. આ પ્રસંગે ઘનશ્યામભાઈ ઠક્કરે યોગ એટલે શું તેઅંગે સમજણ આપી હતી. કૌશિકભાઈ બારાઈ, પ્રતાપભાઈ કોટક, મુકેશભાઈ શાહ, મુકેશભાઈ પંચાસરા, ઉષાબેન ઠક્કર, જાગૃતિબેન, પ્રભાબેન કુમુદબેન, નયનાબેન, મીનાબેન વિ. જહેમત ઉઠાવી હતી.



**શ્રેયાંસ સ્કુલ:** શ્રેયાંસ સ્કુલ (બજરંગવાડી) દ્વારા આજરોજ આંતર રાષ્ટ્રીય યોગ દિવસ ની ઉજવણી કરવામાં આવી. વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ આજના દિવસે યોગ કરીને ઉજવણી કરી. આજના દિવસે વિદ્યાર્થીઓને શિક્ષકો દ્વારા યોગનું જીવનમાં મહતવ કેટલું છે? તે સમજાવવામાં આવ્યું.

સમગ્ર કાર્યક્રમ માટેની જરુરી પ્રેરણા, પ્રોત્સાહન અને માર્ગદર્શન સંસ્થાના ટ્રસ્ટીઓ તેમજ આચાર્ય કેયુરભાઈ ડોડીયા અને વંશીતાબેન હિરાણી દ્વારા પુરુ પાડવામાં આવ્યું હતું.

# યુપીથી પતિ સાથે રાજકોટ રહેવા આવેલી પરિણીતાનું શંકાસ્પદ મોત : હત્યાનો આક્ષેપ

## લગ્ન બાદ સાસરિયા દહેજ મામલે ત્રાસ આપતાં, રાજકોટ આવ્યા બાદ મોત નીપજ્યું, માતા-પિતા આવે તે પૂર્વે જ અગ્નિસંસ્કાર પણ કરી નખાયા

**પિતાએ કાનૂની લડત આપ્યા બાદ પતિ સહિતના સાસરિયાઓ વિરુદ્ધ દાખલ થયેલ ઝીરો નંબરથી પ્ર.નગર પોલીસ મથકમાં ટ્રાન્સફર કરાઈ**

**સાસરિયાઓએ એકસંપ કરી મારી પુત્રીને મોતને ઘાટ ઉતારી દીધી : પિતાનો આક્ષેપ**

ઘટનામાં મૃતકના પિતાએ આક્ષેપ કર્યો છે કે, અમે લાંબો સમયથી ન્યાય મેળવવા માટે ભટકી રહ્યા છીએ. પુત્રીના પતિ સહિતના સાસરિયાઓએ એક સંપ કરીને તેમની પુત્રીની હત્યા કરી નાખીને આ ઘટનાને અંજામ આપેલ છે. અંતિમ વેળામાં પુત્રીનું મોઢું પણ બતાવ્યું ન હતું અને તેમના આગમન પૂર્વે જ પુત્રીના અગ્નિ સંસ્કાર કરી નાખ્યા હતા.

**જોજો આ વખતે હું જીવતી પાછી નહિ આવું... પુત્રીના શબ્દો સાચા ઠર્યા**

ફરિયાદીની પુત્રી કહેતી હતી કે, જોજો આ વખતે હું જીવતી પાછી આવીશ નહિ. આ લોકો જાણીજોઈને સાજીસ કરી મારી હત્યા કરી નાખશે, કારણ કે મારા સાસુ-સસરા મારા પતિના બીજા લગ્ન કરવાની વારે-વારે ધમકીઓ આપે છે. ખરેખર પુત્રીના આ શબ્દો સાચા પડ્યા હતા.

**અબતક, રાજકોટ**

અલીગઢથી પતિ સાથે રાજકોટ આવેલ પત્નીનું રહસ્યમય મોત થયું હતું. બાદમાં માતા-પિતા આવે તે પૂર્વે જ પુત્રીના અગ્નિસંસ્કાર પણ કરી દેવામાં આવ્યા હતા. જે મામલે પુત્રીની હત્યા થયાનો પિતાએ આક્ષેપ કર્યો હતો. જે મામલે કોર્ટમાં દાદ માંગતા પ્ર. નગર પોલીસ મથકમાં પતિ સહિતના સસરિયાઓ સામે ગુનો નોંધાયો હતો.

મામલામાં ઉત્તરપ્રદેશના અલીગઢમાં રહેતાં હરીશચન્દ્ર નન્ડરામ (ઉ.વ.૪૫) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે જીતુ કિશનલાલ, સંજય કિશનલાલ અને કિશનલાલ નામાલુમ ( રહે. તમામ કરારી, સુરીર પોલીસ સ્ટેશન, મથુરા) નું નામ આપતાં પ્ર. નગર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.વધુમાં ફરિયાદીને જણાવ્યા મુજબ તેમની પુત્રી વંદનાના લગ્ન જીતુ કિશનવાલ સાથે તા. ૧૦-૦૫-૨૦૨૪ ના સસરા પક્ષની દહેજની માંગણી અને ઈચ્છા અનુસાર કરવામાં આવેલ હતા. લગ્ન બાદ પુત્રી માવતરે આવેલ તો તેમણે જણાવેલ કે, આ દહેજ ભુખ્યા લોકો મને કહે છે કે, તું ભુખડી બારસના ઘરેથી આવેલ છો, તારા બાપે હેસીયત મુજબનો દહેજ આપેલ નથી, જેના કારણે અમારે સમાજમાં નીચું જોવાનું થાય છે.પુત્રીનું ઘર (લગ્ન સંસાર) ન બગડે તે માટે ફરિયાદીની પુત્રી ઉપર થયેલ અત્યાચાર તેઓ સહન કરતાં હતા પરંતુ તેણીના સાસરીયાવાળાઓ તથા તેમના પતિની આવી હરકતોમાં કોઈ ઘટાડો થયેલ નહિ. હંમેશા પુત્રીને ટોર્ચર કરતા હતા અને મેણા ટોણા મારીને હેરાન પરેશાન કરતાં હતા.

છેલ્લે પુત્રીની મરજી વિરુદ્ધ તેના પતિની સાથે ગુજરાન એટલા માટે મોકલી આપવામાં આવેલ કારણ કે, પુત્રી દહેજનો વિરોધ કરતી હતી. જે અંગે અગાઉ પણ એક ફરિયાદ સુરી પોલીસ સ્ટેશનમાં કરવામાં આવેલ હતી. પરંતુ તેણીના પતિ અને સાસુએ-સસરા અને જેઠ અને અન્ય સગા સંબંધીઓએ પૈસાના જોરે તેમે કોઈ કાર્યવાહી થવા દીધેલ નહીં.ફરિયાદીની પુત્રી કહેતી હતી કે, જોજો આ વખતે હું જીવતી પાછી આવીશ નહિ. આ લોકો જાણીજોઈને સાજીસ કરી મારી હત્યા કરી નાખશે, કારણ કે મારા સાસુ-સસરા મારા પતિના બીજા લગ્ન કરવાની વારે-વારે ધમકીઓ આપે છે.દરમ્યાન તા. ૦૧-૧૧-૨૦૨૪ ના પુત્રીના જેઠ સંજય દ્વારા જાણ કરવામાં આવેલ કે, તમારી પુત્રીની મૃત્યુ થઈ ગયેલ છે. જેથી ફરિયાદી દ્વારા પુત્રીની લાશને ગામડે લઈ આવવાનું કહેલ તો તેઓને ના પાડી દિધેલ અને કોઈપણ પ્રકારનો સમય આપ્યા વગર પુત્રીના રાજકોટમાં અંતિમ સંસ્કાર કરીને સાક્ષી પુરાવા સાથે ચેડા કરેલ છે.

નવા કાયદા બી.એન.એસ. હેઠળ ભારતના કોઈપણ પોલીસ સ્ટેશનમાં એફ.આઈ.આર. દાખલ કરી શકે તેવી જોગવાઈ હોવાથી ઝીરો નંબરથી એફઆઈઆર અલીગઢના પોલીસ સ્ટેશનમાં દાખલ કરીને તપાસના આદેશ કરવામાં આવેલ કારણ કે, છોકરો અને તેનો પરિવાર અલીગઢ આવીને તપાસમાં સહયોગ કરી શકે તેમ નથી. જે ફરિયાદના આધારે પ્ર. નગર પોલીસે બીએનએસ એકટ ૮૦,૮૫,૨૩૮ અને દહેજધારાની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી છે.

# માતા પિતા બીજા લગ્ન કરી લેતા, તરછોડાયેલી તરુણીનો આપઘાત

## નિરાધાર બનેલી કિશોરીને કાકીએ આશરો આપ્યો પણ માવતરના વિયોગમા ભર્યું પગલું

**અબતક, રાજકોટ**

શહેરના ભગતસિંહ ગાર્ડન પાછળ હાઉસિંગ બોર્ડ ક્વાર્ટર માં રહેતા નેપાળી પરિવારની તરુણ કિશોરીએ માતા-પિતાના વિયોગમાં ગળે ફાંસો ખાઈ લઈ જીવાદોરી ટૂંકાવી લીધી હતી.આ અંગે પ્રાપ્ત વિગત મુજબ ગાંધીગ્રામ વિસ્તારમાં માં આવેલ ભગતસિંહ ગાર્ડન પાછળ હાઉસિંગ બોર્ડ ક્વાર્ટર ૭૭૦ બ્લોક નંબર ૪૨ માં રહેતી ૧૭ વર્ષની તરુણી સરિતાબેન કરણભાઈ બુઢા નેપાળી એ ગઈકાલે સમી સાંજે પોતાના રૂમમાં જ ગળે ફાંસો ખાઈ લેતા પરિવારજનોનું ધ્યાન જતા સરિતાબેનને નીચે ઉતારી ૧૦૮ ને બોલાવતા તબીબો એ તપાસી સરિતાબેનને મૃત જાહેર કરી હતી.આ બનાવની કરુણતા એ છે કે આપઘાત કરી લેનાર સરિતા નો પરિવાર મૂળ નેપાળનો હોય અહીં આવી કામ ધંધો કરે છે, સરિતાબેનના માતા પિતાએ અલગ ,અલગ બીજા લગ્ન કરી લીધા હોય અને બંને એ સરિતા ને તેની માસીને ત્યાં મૂકી દીધી હતી માતા-પિતાના આવા પગલાથી એકલી થયેલી સરિતા છેલ્લા કેટલાક સમયથી હતાશ થઈ ગઈ હતી અને ગઈકાલે ડિપ્રેશનમાં આવી તેણે આ પગલું ભરી લીધું હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે આ બનાવ અંગે ગાંધીગ્રામ -૨પોલીસ સ્ટેશનના પી.એસ.આઇ એન કે પંડ્યા એ તપાસ હાથ ધરી છે.

# પ્રેમવાટીકા પાર્ટી પ્લોટમાંથી ડેકોરેશનનો સામાન ઉઠાવી જનાર તસ્કર ઝડપાયો

## હરિધવા રોડ પર રહેતા હરેશ ગઢીયાને રૂ. ૨.૫૦ લાખના મુદ્દામાલ સાથે યુનિવર્સિટી પોલીસે દબોચ્યો

**અબતક, રાજકોટ**

શહેરના નવા ૧૫૦ ફૂટ રીંગ રોડ પર પ્રેમવાટીકા પાર્ટી પ્લોટમાં લાઇટના ડેકોરેશનના ધંધાર્થીએ રાખેલો અઢી લાખનો ડેકોરેશનનો સામાન અહીંથી કોઈ ચોરી કરી ગયા અંગે યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. આ અંગે પોલીસે તપાસ હાથ ધરી મંડપ સર્વિસના ધંધાર્થીને ઝડપી લઇ તમામ મુદ્દામાલ કબજે કર્યો હતો.

ચોરીના આ બનાવની જાણવા મળતી વિગતો મુજબ, રાધે શ્યામ ગૌશાળા પાસે ૮૦ ફુટ રોડ પર વાવડીમાં સુરભી એપાર્ટમેન્ટ લોક બી- ૫૦૩ માં રહેતા વિપુલભાઈ જીવરાજભાઈ પેઢડીયા (ઉ.વ ૩૨) દ્વારા યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવેલી ફરિયાદમાં જણાવ્યું હતુ કે, તેઓ પ્રમુખ લાઈટ ડેકોરેશન નામે ડેકોરેશનનો વ્યવસાય કરે છે. તેમણે નવા ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આવેલ પ્રેમવાટીકા પાર્ટી પ્લોટ જે કમલેશભાઈ ભૂતનું હોય તેમાં છેલ્લા એક વર્ષથી લાઈટ ડેકોરેશનનું કામ તેમને ચાલતું હતું ત્યાં લાઈટ ડેકોરેશનનો સામાન રાખ્યો હતો.



વરસાદ હોવાથી તેઓ અહીં પ્રેમ વાટીકા પાર્ટી પ્લોટમાં રાખેલ લાઈટનો સામાન ચેક કરવા માટે ગઈ તા. ૧૮/૬/૨૦૨૫ ના બપોરના સમયે ગયા હતા. ત્યારે માલુમ પડયું હતું અહીંથી કુલ રૂપિયા ૨.૫૦ લાખનો લાઈટ ડેકોરેશનનો સામાન ચોરી થઈ ગયો હોવાનું માલુમ પડ્યું હતું. જેથી તેમણે આ અંગે યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

બનાવને લઇ યુનિવર્સિટી પોલીસ મથકના પીઆઇ એચ.એન.પટેલની રાહબરી હેઠળ પીએસઆઈ વી.જી.ડોડીયા તથા તેમની ટીમે તપાસ શરૂ કરી હતી. દરમિયાન હેડ કોન્સ. પ્રતાપસિંહ મોયા, વિરદેવસિંહ જાડેજા અને કોન્સ. વનરાજભાઈ લાવડીયાને મળેલી બાતમીના આધારે પુષ્કરધામ મેઈન રોડ મંદિર પાસેથી હરેશ દામજીભાઈ ગઢીયા(રહે. હાલ ભવનાથપાર્ક-૧ શેરી નં.૭ હરીધવા મેઈન રોડ,રાજકોટ મૂળ ખોડાપીપર તા. પડધરી) ને ઝડપી લઇ ચોરીના આ બનવાનો ભેદ ઉકેલી નાંખ્યો હતો. પોલીસે જણાવ્યું હતું આરોપી હરેશ મંડપી સર્વિસનો ધંધાર્થી છે તેને હાલ ચોરી થઈ તે પ્રેમવાટીકા પાર્ટી પ્લોટમાં કામ ચાલતું હતું.દરમિયાન તેણે તક મળતા અહીં આ સમાનની ચોરી કરી લોધિકામાં આવેલા તેના ગોડાઉને રાખી દીધો હતો. પોલીસે રૂ.૨.૫૦ લાખની કિંમતનો આ સમાન કબજે કર્યો હતો. આરોપી પર દેણુ થઈ ગઈ હોય તેણે સાળી પાસેથી પણ દોઢ લાખ જેટલી રકમ ઉછીની લીધી હોય તે પરત કરવાની હોવાથી ચોરી કરી હોવાનું રટણ કર્યું હતું. આ કામગીરમાં એએસઆઈ જગમાલભાઈ ખટાણા, હેડ કોન્સ. મહિલપાલસિંહ જાડેજા, વિજુભા જાડેજા, જીજ્ઞેશભાઈ મારૂ, ગોપાલસિંહ જાડેજા, કોન્સ. દિવ્યરાજસિંહ જાડેજા અને મૈસુરભાઈ કુંભારવાડીયા સાથે રહ્યા હતાં.

# રામાપીર ચોકડી નજીક પરપ્રાંતિય શ્રમિક પર મિત્રનો છરી વડે હુમલો

## રસોઈ બનાવતી વેળાએ બોલાચાલી થયાં બાદ કલર કામની મજૂરી કરતા યુવાનને માર મરાયો

**અબતક, રાજકોટ**

રામાપીર ચોકડી નજીક મિત્રએ છરી હુલાવતા પરપ્રાંતિય શ્રમિક ઘવાયો હતો. સાથે મળીને રસોઈ બનાવશિં વેળાએ બોલાચાલી થયાં બાદ મૂળ યુપીના શખ્સે છરીનો યુવકને કપાળના ભાગે છરી ઝીંકી દીધી હતી. મામલામાં ગાંધીગ્રામ પોલીસમાં ગુનો નોંધાયો છે. મૂળ ઉત્તરપ્રદેશના અલીગઢ જિલ્લાના વતની અને હાલ રામાપીર ચોકડી નજીક લાખના બંગલા પાસે રહેતા કલરકામના શ્રમિક માનસીંગ દયાશંકર ગૌતમ(ઉ.વ.૩૩)એ ગાંધીગ્રામ પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે ગાંધીગ્રામના શ્યામનગર શેરી નંબર-૧ માં રહેતા અમિત ગૌતમનું નામ આપતાં જણાવ્યું હતું કે, ગત તા. ૨૦/૦૬/૨૦૨૫ ના રોજ હુ કામ પર ગયેલ ન હતો અને મારા રુમ પર હતો. ત્યારે સવારે સાડા દશેક વાગ્યાની આસપાસમા મારા વતનના અને અહીં ગાંધીગ્રામમાં રહી મારી સાથે કલરકામની મજુરી કરતા મ મિત્ર અમીત ગૌતમનો ફોન આવેલ હતો અને તેણે મને તેના રુમે બોલાવ્યો હતો. જેથી હું શ્યામનગર શેરી નં.૧ મા તેના રુમે ગયેલ હતો. તેણે મને તેની સાથે તેના રુમે જમવાનુ કહેતા અમે બન્ને સાથે રસોઈ બનાવતા હતા. રસોઈ બનાવતી વખતે બપોરના બારેક વાગ્યાની આસપાસમા અમીત ગૌતમે મને ગાળો આપતા મે તેને ગાળો આપવાની ના પાડી હતી. જેથી અમીત ઉશ્કેરાઈ ગયો હતો અને મારી સાથે ઝઘડો કરવા લાગ્યો હતો. બાદમાં મને ગાળો આપી ઢીકાપાટુનો માર મારેલ હતો. બાદમાં તેણે ઘરમા પડેલ છરી વડે એક ઘા મારા કપાળના ભાગે મારી દીધેલ હતો. બીજો ઘા મારવા જતા મે ડાબા હાથે તેની છરી પકડી લેતા ડાબા હાથની હથેળીમાથી તથા કપાળ માથી લોહી નીકળવા લાગતા અમીત ત્યાથી ભાગી ગયેલ હતો. જેથી હુ ત્યાથી ખાનગી દવાખાને પ્રાથમિક સારવાર અર્થે ગયો હતો. મામલામાં યુવકની ફરિયાદ પરથી ગાંધીગ્રામ પોલીસે ગુનો નોંધી હુમલાખોર શખ્સની શોધખોળ શરૂ કરી છે.

# કાર ખરીદતા પૂર્વે ગેરેજમાં બતાવવી પડશે કહી ભેજાબાજ ફોર વ્હીલ લઇ રફુચક્કર

## પૈસા અથવા કાર પરત આપી દેવાનું કહેતા કૈલાશ વાઘેલા અવાર નવાર બહાના બનાવતો : બાદમાં ફોન ઉપાડવાનું પણ બંધ કરી દીધું

**અબતક, રાજકોટ**

શહેરના મવડી વિસ્તારમાં કારનો સોદો કરવા પહેલા ગેરેજમાં બતાવવી પડશે કહી ફોર વ્હીલ લઈ ગયા બાદ પરત નહિ આપી યુવાન સાથે ઠગાઈ આચરી લેવાયાનો બનાવ સામે આવ્યો છે. મામલામાં માલવિયાનગર પોલીસે ભેજાબાજ વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી શરૂ કરી છે.

મવડી વિસ્તારના ખીજડાવાળા રોડ પર આદિત્યપાર્ક શેરી નંબર-૩/૬ ના ખૂણે રહેતા ૪૫ વર્ષીય રીક્ષા ચાલક વિપુલભાઈ વિરજીભાઈ દેસાઈએ માલવિયાનગર પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે ધરમનગર આવાસમાં રહેતા કૈલાશ ખીમજીભાઈ વાઘેલાનું નામ આપતાં જણાવ્યું હતું કે, મારી પાસે એક આઈ-૧૦ કાર નંબર જીજે-૦૩-સીઈ-૭૧૭૯ હતી. જે મે આજથી આશરે બે વર્ષે પહેલા ૧૫૦ ફૂટ રીગ રોડ ઉપર આવેલ સોમનાથ એસ્ટેટ બ્રોકર માથી ખરીદ કરેલ હતી. દોઢેક વર્ષ પહેલા મારે રૂપીયાની જરૂર હોય જેથી મે મારી કાર વેચવા માટે મીત્ર પ્રદીપસિંહને વાત કરેલ હતી. ત્યારબાદ પ્રદીપસિંહએ મને વાત કરેલ કે, મારા મીત્ર કૈલાસભાઈ છે અને તેમને કાર ખરીદ કરવી છે. જેથી આશરે એકાદ વર્ષ પહેલા હુ તથા મારા મીત્ર પ્રદીપસિંહ અને કૈલાશભાઈ મવડી ચોકડી પાસે આવેલ જે માડી હોટલે મળેલ હતા.

મારી કાર કૈલાશભાઈને બતાવેલ હતી અને મારે આ કારનો સોદો રૂ. ૧.૧૦ લાખમા નક્કી થયેલ હતો. જેથી કૈલાશભાઈએ મને કહેલ કે, પહેલા હું તમારી કાર કોઈ ગેરેજવાળાને બતાવી આપુ પછી હું તમને કહુ મારે કાર લેવી છે કે નહી.

જેથી કૈલાશભાઈ પ્રદીપસિંહના મીત્ર હોય મે કાર ગેરેજમા બતાવવા માટે આપતા આ કૈલાશભાઈ કાર લઈને જતા રહેલ હતા. ત્યારબાદ બીજા દિવસે કૈલાશભાઈને કાર બાબતે પુછતા હુ રૂપીયાની વ્યવસ્થા કરૂ છુ અને મારે તમારી કાર લેવાની છે. બે ત્રણ દિવસ રાહ જોવો તેમ કહેલ હતું. ત્રણ દિવસ પછી મે કૈલાશભાઈને ફોન કરતા તેમણે મને કહેલ કે, મારા દિકરાની તબીયત બરાબર નથી. બે-ત્રણ દિવસ રાહ જોવો, હુ તમને કારના રૂપીયા આપી જઈશ. ત્યાર બાદ કૈલાસભાઈને ફોન કરતા તેણે ફોન ઉપાડવાનું બંધ કરી દીધું હતું.

જેથી કૈલાશ ખીમજીભાઈ વાઘેલા (રહે. ધર્મનગર આવાસ યોજના કર્વાટર બ્લોક નં. ૧૬, રામાપીર ચોકડી પાસે, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ) જેજે-૦૩-સીઈ-૭૧૭૯ નંબરની આઈ-૧૦ કાર પરત નહિ આપી વિશ્વાસઘાત કરતા યુવાને માલવિયાનગર પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

# પુરૂષાર્થ સોસાયટીમાં મકાનમાં મહિલા સંચાલિત જુગારધામ ઝડપાયું

## કણકોટમાં જુગાર રમતા ચાર શકુની, રૂ.૧૧ હજાર સાથે ઝડપાયા

**અબતક, રાજકોટ**

શહેરના વિનોદનગરમાં આવેલી પુરુષાર્થ સોસાયટીમાં મકનમાં મહિલા સંચાલિત જુગારધામ પર અને કણકોટના પાટીયા પાસે શહેર પોલીસે જુગારના દરોડા પાડી, જુગાર રમતી મહિલા સહિત ૧૦ને ઝડપી લઈ, જુગારના પટમાથી રૂ.૩૫ હજારની રોકડ કબ્જે કરી છે.શહેરના પોલીસ કમિશનર બ્રજેશકુમર ઝા, અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગડીયા, ડીસીપી ઝોન ૨ જગદીશ બંગરવા એ દારૂ અને જૂગાર સહિતની બડી દામવા આપેલી સૂચનાના પગલે, ભક્તિનગર પોલીસની ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે, વિનોદનગર મેઈન રોડ પર આવેલી પુરુષાર્થ સોસાયટીમાં જમાં રહેતા અસ્મિતાબેન નિલેશભાઈ જવિયા તેના મકાનમાં જુગારધામ ચલાવી રહી છે. ભક્તિનગર પોલીસે મકાનમાં જુગારનો દરોડો પાડી, જુગટુ રમતી અસ્મિતાબેન સહિત હરિકૃષણભાઈ સુરેશભાઈ વાઢેર, જીજ્ઞેશ મનસુખભાઈ પરમાર, જીતેન્દ્ર મોહનભાઈ ગઢિયા, જય રાજેન્દ્રભાઈ કાચા અને ગૌરવ વિનોડલાલ ટાંકણે ભક્તિ નગર પોલીસે ઝડપી લઈ, જુગારના પટમાથી રૂ ૨૩.૯૦૦ની રોકડ કબ્જે કરી છે.જ્યારે બીજો જુગારનો દરોડો રાજકોટ તાલુકા પોલીસની ટીમે કાલાવાડરોડ પર ગુજરાત હાઉસીંગના ક્વાર્ટર , કણકોટના પાટીયા પાસે પાડી, જુગટુ રમતાં કુંદનભાઈ ધુમનભાઈ પ્રસાદ, જયરાજ રામકુભાભાઈ ખાચર, આપા સામંતભાઈ વાંક અને નજુ વિરભાઈ ધાખડા નામના શખ્સોને ઝડપી લઈ, જુગારના પટમાથી રૂ. ૧૧.૬૮૦ની રોકડ કબ્જે કરી છે. આ દરોડાની કામગીરી રાજકોટ તાલુકા પી આઈ ડી એમ હીરપરા, પી એસ આઈ બી આર ભરવાડ, એ એસ આઈ હરપાલસિંહ જાડેજા, કોન્સ્ટેબલ મયુરસિંહ જાડેજા, શિવભદ્રસિંહ ગોહિલ અને કુલદીપસિહ જાડેજા સહિતના સ્ટાફે બજાવી હતી.




ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ

સ્વ. વિજયભાઈ રમણીકભાઈ રૂપાણી

સ્વ. તા. ૧૨-૦૬-૨૦૨૫

પ્લેન ક્રેશમાં મૃત્યુ પામેલા વિજયભાઈ રૂપાણી તથા તમામ દિવંગતોને અમારી ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ...

જી.આઈ.ડી.સી. પ્લોટ એન્ડ શેડ હોલ્ડર્સ એસોસિએશન દરેડ-જામનગર

કૌશલ્ય ભવન, પ્લોટ નં. ૯૦, જી.આઈ.ડી.સી., ફેસ-૨, દરેડ, જામનગર-૩૬૧૦૦૪

દિનેશભાઈ એમ. ડાંગરીયા (પ્રમુખ)

રાજેશભાઈ આર. ચોવટીયા (ઉપપ્રમુખ)
વિશાલભાઈ આર લાલકીયા (મંત્રી)
વિપુલભાઈ વી. હરિયા (સહમંત્રી)
દિનેશભાઈ નારીયા (ખજાનચી)
જીજ્ઞેશભાઈ પી. વિરાણી (સહ ખજાનચી)
વિનોદભાઈ એન. પટેલ (ઓડીટર)
ગણપતભાઈ એમ. લાહોટી (સહ એડીટર)
તુલસીભાઈ વી. મુંગરા (ઓડીટર)
ભરતભાઈ જે. ડાંગરીયા (સહ ઓડીટર)
ગોકળભાઈ સી. સામાણી (કારો. સભ્ય)
જીતેન્દ્રભાઈ કે. કામાણી (કારોબારી સભ્ય)
હરેશભાઈ બી. રામાણી (કારોબારી સભ્ય)
પ્રવિણભાઈ એચ. તાલપરા (કારોબારી સભ્ય)
મેઘજીભાઈ જી. પટોડીયા (કારોબારી સભ્ય)
રમેશભાઈ આર. વિરમગામા (કારોબારી સભ્ય)
આનંદભાઈ પી. અડાલજા (કારોબારી સભ્ય)
અશ્વિનભાઈ ડી. નંદાણીયા (કારોબારી સભ્ય)
મનસુખભાઈ એલ. ચૌહાણ (કારોબારી સભ્ય)
કાંતિભાઈ બી. લાઠીયા (કારોબારી સભ્ય)
હેમતભાઈ કે. કનખરા (કારોબારી સભ્ય)


# પોલીસ કર્મી.ઓની ફરજ રૂકાવટના ગુનામાં ચાર મહિલા નિર્દોષ છોડી મુકવા હુકમ

## પરસાણામાં જૂથ અથડામણમા બદોબસ્તમાં રહેલા પોલીસ કર્મીઓ ઉપર પથ્થરમારો કર્યો તો

**અબતક, રાજકોટ**

પરસાણા વિસ્તારમાં બે કોમ વચ્ચે થયેલ અથડામણમા બદોબસ્તમાં રહેલ પોલીસ કર્મીઓ ઉપર પથ્થરમારો કરી ફરજમા રૂકાવટ કરવાના કેસમાં સંડોવાયેલી ચાર મહિલા આરોપીને કોર્ટે નિદોર્ષ ઠરાવી છોડી મુકવા હુકમ કર્યો છે.

આ કેસની હકીકત મુજબ પ્ર.નગર વિસ્તારમા આવેલ પરસાણા વિસ્તારમાં બે કોમ વચ્ચે અથડામણ થઈ હતી. જે અંગે પ્ર.નગર પોલીસ સ્ટેશનમા ફરિયાદ નોંધાતા પોલીસ કર્મચારીઓ બંદોબસ્તમાં હતા. તે દરમિયાન બે અલગ અલગ કોમ વચ્ચે પથ્થરમારો, ઝઘડો, રાયોટીંગ અને એક શખ્સને અજાણ્યા વ્યકિતએ છરી મારેલી હોય જે બાબતે બન્ને બાજુ ઉશકેરાટમા પથ્થરમારો થયો હતો. તેને કંટ્રોલ કરવા પોલીસની અલગ અલગ ટીમો અલગ અલગ શેરી-ગલીમા ચાલીને પ્રેટ્રોલીગ કરતા હતા. ત્યારે કમીટી ચોકમા પોલીસ ઉપર રજીયાબેન, સાયનાબેન, મોમીનબેન અને તહેસીન બેને પોલીસ ઉપર પથ્થારમારો કર્યો હતો. પોલીસે ચારેય મહિલા વિરુદ્ધ પથ્થરમારો અને ફરજમા રૂકાવટ કર્યાની પ્ર.નગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. જે કેસમાં આરોપી વિરૂધ્ધના પુરાવાઓ મળી આવતા પોલીસ અધીકારીએ કોર્ટમાં ચાર્જશીટ દાખલ કર્યું હતું. ચાર્જશીટ બાદ કેસ કોર્ટમા ચાલવા પર આવતા બંને પક્ષની રજુઆત બાદ આરોપીના બચાવ પક્ષે રોકાયેલા વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલ અને ટાંકેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓ ધ્યાને લઈ કોર્ટે ચારેય મહિલા આરોપીને નિર્દોષ છોડી મુકવા હુકમ ફરમાવ્યો છે.આ કેસમાં આરોપી વતી યુવા એડવોકેટ દુર્ગેશ જી. ધનકાણી, વીજય સીતાપરા, વિવેક સોજીત્રા, દિવ્યાબા વાળા અને સજય કાટોળીયા રોકાયા હતા.


નં. જન્મ-મરણ કેસ.નં. ૫૬/૨૦૨૫

પ્રતિ
શ્રી મંજુલાબેન મણીલાલ સોરઠીયા,
રાહેઃ ધોકડવા ગામ ધોકડવા, તાલુકો-ગીરગઢડા
જિલ્લા ગીર સોમનાથ ..........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, ધોકડવા, તા.ગીરગઢડા, જિ.ગીરસોમનાથ .........સામાવાળા

**-: જાહેર નોટીસ :-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીરગઢડા તાલુકાના ધોકડવા ગામના રહીશ મણીલાલ લાલચંદભાઈ સોરઠીયા તથા મંજુલાબેન મણીલાલ સોરઠીયાના પુત્ર ફુલેશકુમાર મંજુલાબેન સોરઠીયાનો જન્મ તારીખ ૦૫/૦૩/૧૯૭૯ના રોજ ગીરગઢડા તાલુકાના ધોકડવાગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી, ધોકડવા, તાલુકો-ગીરગઢડા સને-૧૯૭૯ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે, જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૨/૦૭/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૫/૦૬/૨૦૨૫ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

(જી.કે.વાળા)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
ગીરગઢડા



**શ્રી ભંડારીયા ગ્રામ પંચાયત, તા. પાલીતાણા, જી. ભાવનગર**

**જાહેર નિવિદા**

ભંડારિયા ગામે ૧૫ મું નાણાપંચ, ૧૬મું નાણાપંચ, ધારાસભ્યશ્રી, સાંસદ સભ્યશ્રી, જિલ્લા પંચાયત સદસ્યશ્રી એ.ટી.વી.ટી ૧૫% વિવેકાધિન યોજના, ઓક્ટ્રોય ગ્રીટ, રેતી કંકર ગ્રાન્ટ, સ્વર્ણિમ જયંતી વિવિકાધિન ગ્રાંટ, રાષ્ટ્રીયપર્વ ઉજવણી ગ્રાંટ સ્વભંડોળ તેમજ, અન્ય ગ્રાંટમાંથી સને ૨૦૨૫/૨૬ ના વર્ષમાં કરવાના થતા વિકાસના કામોના નીચેની વિગતે વેપારીઓ પાસેથી વાર્ષિક ભાવપત્રકો મંગાવવામાં આવે છે. આ ભાવ પત્રકો જાહેરાત આવ્યેથી દિવસ-૭(સાત) માં બંધ કવરમાં રજી એડી. શ્રી ભંડારિયા ગ્રામ પંચાયત સરપંચ શ્રી, તા. પાલિતાણા, જી. ભાવનગર ના સરનામે મળે તે રીતે પહોંચતા કરવાના રહેશે.

**કામના મટરીચલ્સની વિગત**

(૧) આર.સી.સી. પાઈપ NP ૨, અને NP ૩ ના પાઈપ સાઈઝ ૧૫૦ એમ.એમ. થી ૧૨૦૦ એમ.એમ. ના એક મીટરનો ભાવ તથા એક મેનોલનો ભાવ. (૨) પેવર બ્લોક સાદા તથ્ય રબ્બર મોડ ૪૦ એમ.એમ થી ૧૫૦ એમ.એમ. સુધી એક બ્રાસનો ભાવ (૩) બાકડા (પિ-કાષ્ટ)ના એક નંગનો ભાવ (૪) સી.સી. અને આર.સી.સી. કામ માટે વિવિધ સાઈઝની કપચી રેતી. ગ્રીટનને મેટલના એક બ્રાસનો/ટનનો ભાવ (૫) મેટલ (હેન્ડ બ્રોકન સ્ટોન - ૨૫ એમ.એમ. થી ૯૦ એમ. એમ. સુધી સોફ્ટ મોરમ) નો એક ટનનો ભાવ (૫) પી.વી.સી. અને જી.આઈ.સી. પાઈપ લાઈન ૬ કે.જી., ૬૩ એમ.એમ. થી ૧૫૦ એમ એમ, આઈ.એસ. આઈ બ્રાન્ડ ની એક મીટરનો ભાવ (૭) સીમેન્ટ આઈ.એસ.આઈ. ઓ.પી.સી. બ્રાન્ડ થેલી એક નગનો ભાવ તથા લોખંડ(સ્ટીલ) વિવિધ સાઈઝ એક કિલોનો ભાવ (૮) જે.સી.બી. તથા હીટાચી મશીન દ્વારા કરવાના થતાં કામોનો એક કલાકનો ભાવ (૯) ઈટ એક નંગનો સાઈટ ઉપર પહોચતા સાથેનો ભાવ (૧૦) બોર (૪'S'૮') કેબલ સ્ટાર્ટર વિગેરેના એક મીટરનો ભાવ (૧૧) સબ મર્સીબલ પંપ મોટર ૧ એચ.પી. થી ૨૦ એચ.પી. સુધીનો ભાવ (૧૨) વિવિધ કામના લેબર ભાવ, માપ સાઈઝ પ્રમાણે (૧૩) ફર્નિયરને લગત માલસામાનનો ભાવ (૧૪) પંચાયત હદ વિસ્તારમાં ગટર કુંડી ચેમ્બર શૌચાલય શોષ ખાડો સફાઈ કરવા ના ભાવો(૧૫) જંતુનાશક દવાઓ ચૂનો પાવડર/ખરીદી તથા છંટકાવ ના ભાવો દૈનિક મજૂરો ના ભાવો(૧૬) નાની મોટી ટ્રક તથા ટ્રેકટર દ્વારા માટી વહન કરવાના એક ફેરા નો ભાવો (જે.સી.બીથી ભરાય કરવા સાથે તથા ભરાય વગર (૧૭)ACC રસ્તા બનાવવા માટે મજુરીના ભાવો (સ્કવેર મીટર)તથા માલસામાન સાથે ના ભાવો(૧૮)કમ્પ્લીટ નવી સ્ટીટલાઈટ/ સી.એફ. એજ એલ.ઈ.ડી તથા લાઈટના માલસામાન અંગેના ભાવો (સી એક એલા એલ ઈ ડી કમ્પ્લીટ નવી સ્ટ્રીટ લાઈના આઈ.એસ.આઈ. માર્ક કંપની તથા વોલ્ટ સાથેના ભાવો ઢ ૧૯) સ્ટ્રીટ લાઈટ (સી.એફ.એલ/ એલ.ઈ.ડી. લાકર રીપેરીંગ તથા નવી નાખવાના કામે ભાવ (૨૦) સ્ટ્રીટ લાઈટ (સી.એફ.એલ.એલ.ઈ.ડી. લાઈટના દીવાલ તથા સીમેન્ટ તથા લોખડના થાભલા પરના લોખડના કલેમ્પ બનાવવા અંગેના ભાવ (૨૧) સ્ટ્રીટ લાઈટનો સર્વીસ વાયર ૪ MDM (૧ મીટર)નો ભાવ તથા દરેક પ્રકારની HCB (૧ નંગ)નો ભાવ

**ટેન્ડરની શરતોઃ** (૧) આઈટમના ભાવ તમામ પ્રકારના ખર્ચ, ટેક્ષ, વેટ, જી.એસ.ટી. સાથેનું પાકુ બીલ, લોડીંગ તથા અનલોડીંગ અને જરૂરીયાત મુજબનું ટેસ્ટીંગ કરાવી કામની સાઈટ ઉપર પહોચતા આપવાના રહેશે. (૨)ભાવ પત્રક જાહેરાતની તારીખ થી સાતમાં દિવસે જાહેર રજાના દિવસ સિવાયના દિવસે બપોરના ૧૨:૦૦ કલાકે ગ્રામ પંચાયત કચેરીમાં ખોલવામાં આવશે. (૩) સમય મર્યાદામાં ન આવેલા ભાવ પત્રકો ધ્યાને લેવામાં આવશે નહીં. (૪) ભાવ મંજુર, નામંજુર કરવાના હક્કો ગ્રામ પંચાયતને રહેશે. અને વધારાની શરતો સરપંચ શ્રી દ્વારા રૂબરૂમાં વાંચી સંભળાવવામાં આવશે. (૫) ઉપરોક્ત કામો વર્ષ ૨૦૨૫/૨૬ ના સભવિત કાર્યો છે.

**તલાટી કમ મંત્રીશ્રી**
**શ્રી ભંડારિયા ગ્રામ પંચાયત**

**સરપંચશ્રી**
**શ્રી ભંડારિયા ગ્રામ પંચાયત**

તંત્રી લેખ

# રોજગારી આપવામાં પણ ગુજરાતનો ડંકો

ગુજરાત રાજ્ય ભારત માટે વિકાસ મોડલ છે.યુવાનોને રોજગારી આપવામાં પણ ગુજરાત રાજ્યનો દેશમાં ડંકો વાગી રહ્યો છે. છેલ્લા પાંચ વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા ૭,૭૧૨ ભરતી મેળાઓ યોજીને ૬.૨૯ લાખ કરતા વધુ લોકોને રોજગારી આપવામાં આવી છે.

દેશમાં રોજગારી આપવામાં ગુજરાત મોખરેનું સ્થાન ધરાવે છે.

સરકારના અનુબંધમ પોર્ટલ' પર અત્યાર સુધીમાં ૪.૫ લાખ કરતા વધુ રોજગારવાંચ્છુઓ તેમજ ૫૧ હજારથી વધુ નોકરીદાતાઓની નોંધણી કરાય છે. આપણું રાજ્ય પણ યુવાનોને રોજગારી આપીને વિકસિત ગુજરાતની નેમ સાથે આ અભિયાનમાં અગ્રેસર બનીને સહભાગી થઈ રહ્યું છે.

ભરતી મેળાઓના આયોજન દ્વારા રોજગારી આપનાર તથા મેળવનાર વચ્ચે સેતુ બનીને વધુમાં વધુ યુવાનો રોજગારી પ્રાપ્ત કરી શકે તે દિશામાં રાજ્ય સરકાર કામ કરી રહી છે. કેન્દ્ર સરકારના સપ્ટેમ્બર-૨૦૨૪ના સર્વે મુજબ ભારતના ૩.૨ ટકા બેરોજગારી દરની સરખામણીએ ગુજરાતનો બેરોજગારી દર માત્ર ૧.૧ ટકા જ છે.

રાજ્ય સરકારની ડિજિટલ પહેલ થકી શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા વિકસાવવામાં આવેલા 'અનુબંધમ પોર્ટલ' થકી યુવાનો રોજગારલક્ષી સેવાઓ ઓનલાઈન માધ્યમથી પણ મેળવી શકે છે. આ પોર્ટલ પર અત્યારસુધીમાં ૪.૫ લાખ કરતા વધુ રોજગારવાંચ્છુઓએ નોંધણી કરાવી છે. આ પોર્ટલ પર ૫૧ હજારથી વધુ નોંધાયેલા નોકરીદાતાઓ દ્વારા ૧૦.૯૪ લાખ કરતાં વધુ જગ્યાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે. ગુજરાતના યુવાનોએ રોજગારી માટે અન્ય રાજ્યમાં જવું ન પડે તેવી વ્યવસ્થા રાજ્યની ભાજપ સરકાર દ્વારા કરવામાં આવી છે.કોઈ પણ રાજ્ય માટે રોજગારી જ વિકાસનો સૌથી મોટો આધાર છે.બેરોજગારીનું આછું પ્રમાણ જ રાજ્યને વિકાસના પ્લેટફોર્મ પર સૌથી આગળ મૂકે છે.

હર હાથ કો કામ ઔર ખેડૂત કો સહી દામ આ સરકારની મુખ્ય નીતિ પૈકીની એક નીતિ છે.યુવાનોને તેઓની કાબેલિયત મુજબ યોગ્ય કામ મળી રહે તે કોઈ પણ સરકારની સૌથી મોટી ઉપલબ્ધિ ગણાવી શકાય.ગુજરાત આમા પણ દેશનું સમુદ્ધ રાજ્ય પૈકીનું એક છે.ગુજરાતમાં આગામી દિવસોમાં બેરોજગારીનું પ્રમાણ ઝીરો થઈ જાય તે દિશામાં સરકાર આગળ વધી રહી છે.કોઈપણ વ્યક્તિને કામ ધંધો અર્થાત રોજગારી મળી રહે એટલે આપોઆપ ક્રાઈમ રેટમાં ઘટાડો આવે છે.રાજ્યની અર્થ વ્યવસ્થા પણ મજબૂત બને છે.ગુજરાત દરેક બાબતે દેશના અન્ય રાજ્ય માટે મોડેલ બની રહ્યું છે.

# રાજકોટવાસીઓના હૃદય સિંહાસન પર સદા વિજયભાઈ રૂપાણી બિરાજમાન રહેશે: ભાગ્યેશ વોરા



**અબતક, રાજકોટ**

''રાજકોટ એટલે વિજયભાઈ.....'' ''રૂપાણી નુ રાજકોટ'' અન્ય ગામ કે રાજ્ય ના લોકો આ રીતે રાજકોટ ને ઓળખે છે,હરેક રાજકોટીયન્સ ના દિલ માં વિજયભાઈ રૂપાણી નુ સ્થાન છે એ ચાહે રાજકોટ ના વેપારીઓ,ઉદ્યોગપતિઓ, સામાજીક કાર્યકર્તાઓ, શિક્ષણવિદો, સહકારી આગેવાનો થી લઈ છેવાડા ના વંચિતો હોય કે પછી ભાજપ નો સામાન્ય કાર્યકર્તા હોય તમામ ને વિજયભાઈ રૂપાણી ની આકસ્મિક વિદાય આઘાત અને આંચકો આપનારી છે, એકમાત્ર કારણ તેઓ રાજકોટ ના કોઈ પણ ક્ષેત્ર ના આગેવાન હોય કે સામાન્ય શહેરીજન તેઓ લગભગ તમામ ને વ્યક્તિગત નામ થી બોલાવતા, મુખ્યમંત્રી હતા ત્યારે તેમનુ ગાંધીનગર સ્થિત નિવાસસ્થાન હોય કે રાજકોટનું નિવાસસ્થાન હોય તમે કોઈ પણ આગોતરી એપાઈન્ટમેન્ટ વગર નિસંકોચ તેમને મળી શકતા જાણે તમે તમારા કોઈ પ્રશ્ન ને લઈ તમારા અંગત વડીલ પાસે જતા હોય તેમ, તેમના દ્વાર હંમેશા બધા માટે ૨૪*૭ ખુલ્લા રહેતા, વિજયભાઈ રૂપાણી ની તો અસંખ્ય વાતો અને અનુભવો થી પુસ્તકો ના પુસ્તકો લખીએ તો પણ ઘણુ કહેવાનું રહી જાય, મારે તો તેમની સાથે ત્રણ દાયકા ના અનુભવો છે જે બાદમાં વિગતવાર લખીશ,એક નેતા થી જનનાયક સુધી વિજયભાઈ રૂપાણી ની સફર નો હું પણ સૂક્ષ્મ સાક્ષી રહ્યો છુ. આવા હતા રાજકોટ ના આપણા હૃદય સમ્રાટ અને ગુજરાત રત્ન વિજયભાઈ રૂપાણી..

# કષ્ટભંજન દેવને પ્યોર સિલ્કના વાઘા સાથે સિંહાસન અને ૧૦૦ કિલો ગુલાબના ફુલોનો અદ્ભૂત શણગાર



**અબતક, રાજકોટ**

સાળંગપુરધામ શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી તારીખ ૨૧-૦૬-૨૦૨૫ને વિશ્વ યોગ દિવસ એવં શનિવારના રોજ સાળંગપુરમાં દાદાને દિવ્ય વાઘા અને સુખડીનો અન્નકૂટ ધરાવાયો એવં ૧૦૦ કિલોથી વધુ ગુલાબના ફુલોનો શણગાર કરાવવામાં આવ્યો છે. આજે સવારે ૫:૩૦ કલાકે મંગળા આરતી એવં ૭:૦૦ કલાકે શણગાર આરતી પૂજારી સ્વામી દ્વારા કરવામાં આવી હતી. મંદિર પરિસરમાં આવેલ યજ્ઞશાળામાં મારૂતિ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. વિશ્વ યોગ દિવસ નિમિતે ''કિંગ ઓફ સાળંગપુર'' દાદાના સાનિધ્યમાં વિશ્વ યોગ દિવસ યોગની સૂર્યનમસ્કાર, વિવિધ આસન જેમાં બરવાળા તાલુકાના લોકો સહિત અહીં દાદાના દર્શને આવેલા ભક્તો પણ જોડાયા હતા. આજે અનેક હરિભક્તોએ દર્શન એવં મહાપ્રસાદનો લાભ લઈ ધન્યતાનો અનુભવ કર્યો હતો.

શ્રીકષ્ટભંજન દેવ હનુમાનજી દાદાને કરાયેલા શણગાર અને વિશ્વ યોગ દિવસની ઉજવણી વિશે પૂજારી સ્વામીએ જણાવ્યું કે, આજે વિશ્વ યોગ દિવસની ઉજવણી કિંગ ઓફ સાળંગપુર ખાતે કરવામાં આવી હતી. જેમાં બરવાળા તાલુકાના લોકો સહિત અહીં દાદાના દર્શને આવેલા ભક્તો પણ જોડાયા હતા. આજે હનુમાનજીને વૃંદાવનમાં ૧૫ દિવસની મહેનતે સાત કારીગરો દ્વારા બનાવવામાં આવેલા પ્યોર સિલ્કના વાઘા પહેરાવવામાં આવ્યા છે. આ સાથે સિંહાસને ૧૦૦ કિલોથી વધુ ગુલાબના ફુલનો શણગાર કરવામાં આવ્યો છે. આ ગુલાબના ફુલ વડોદરાથી મંગાવવામાં આવ્યા છે.

# વાજડી-વિરડા ગામે વીજળી પડવાથી પશુધન ગુમાવનાર કાનાભાઈ લાંબડીયાને રૂ.૪૮,૦૦૦ ની સહાય અર્પણ

**અબતક, રાજકોટ**



રાજકોટ તાલુકાના વાજડી-વિરડા ગામે ગત તા. ૧૬/૦૫/૨૦૨૫ ના રોજ આકાશી વીજળી પડવાને કારણે કાનાભાઈ હીરાભાઈ લાંબડીયાના ૧૨ ઘેટાં-બકરાં સહિતના પશુધનનું મૃત્યુ થયું હતું. થયેલા પશુધનના નુકસાન બદલ સરકાર દ્વારા રૂ.૪૮,૦૦૦/- (અડતાલીસ હજાર રૂપિયા) ની સહાયનો ચેક અર્પણ કરવામાં આવ્યો.આ સહાય ચેક અર્પણ કાર્યક્રમમાં તાલુકા વિકાસ અધિકારી વનરાજસિંહ પી. ચૌહાણ, જિલ્લા પંચાયત સદસ્ય પ્રતિનિધિ રાજાભાઈ ચાવડા, રાજકોટ તાલુકા પંચાયત પ્રમુખ ચેતનભાઈ કથીરીયા, તાલુકા ભાજપ મહામંત્રી વિપુલભાઈ બસીયા, કેયુરભાઈ ઢોલરીયા, વિક્રમભાઈ હુંબલ, દિલીપભાઈ હુંબલ, તલાટી-કમ-મંત્રી ડાયાભાઈ ભરવાડ અને અનિલભાઈ લાંબડીયા સહિતના પદાધિકારીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વોર્ડ નં.૧ માં વરસાદી પાણીના નિકાલ માટે પાઈપલાઈન બિછાવવાના કામનું ખાતમુહૂર્ત



**અબતક, રાજકોટ**

વોર્ડ નં.૧માં વરસાદી પાણીના નિકાલ માટેની લાઈન તથા રસ્તાની સાઈડ સોલ્ડરમાં પેવિંગ બ્લોક નાખવાના કામનું ખાતમુહૂર્ત શહેર ભાજપ પ્રમુખ ડો.માધવ દવેના વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું.

વોર્ડ નં.૧માં આશરે રૂ.૩૬ લાખના ખર્ચે વરસાદી પાણીના નિકાલ માટેની લાઈન તથા રસ્તાની સાઈડ સોલ્ડરમાં પેવિંગ બ્લોક નાખવાના કામનું ખાતમુહૂર્ત કરાયું હતું.

આ તકે શહેર ભાજપ પ્રમુખ ડો.માધવ દવે, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, શાસક પક્ષ દંડક મનિષભાઈ રાડિયા, રાજકોટ શહેર ભાજપ પૂર્વ પ્રમુખ મુકેશભાઈ દોશી, કોર્પોરેટર ડો.હિરેનભાઈ ખીમાણીયા, દુર્ગાબા જાડેજા, ડો.અલ્પેશભાઈ મોરજરીયા, વોર્ડ નં.૧ના પ્રભારી કાથડભાઈ ડાંગર, પ્રમુખ જયરાજસિંહ જાડેજા, મહામંત્રી નાગજીભાઈ વરૂ, રાણાભાઈ ગોજીયા, લલિતભાઈ વાડોલિયા, રામભાઈ ગોજીયા, ગૌરવભાઈ મહેતા, કાનાભાઈ ખાણધર, જયદિપસિંહ જાડેજા, મોહિતભાઈ શિયાર, સવિરાજસિંહ જાડેજા, રાજુભાઈ, પાર્થભાઈ સોનારા, લાલાભાઈ જોગરાણા, શક્તિસિંહ જાડેજા, મગનભાઈ પટેલ, જેરામભાઈ વાડોલીયા, અશોકસિંહ જાડેજા, આર.ડી.જાડેજા, ગઢવીભાઈ, ગંભીરસિંહ, ભરતસિંહ, નરેન્દ્રભાઈ સરવૈયા, દીપકભાઈ લાડવા, સેજલબેન ચૌધરી, જલ્પાબેન, જ્યોતિબેન, રમાબેન, હર્ષાબા જાડેજા, પાયલબેન, રીતુબેન, તનીશાબેન, આરતીબેન, ભારતીબેન, રૂચાબેન તથા બહોળી સંખ્યામાં વિસ્તારવાસીઓ હાજર રહ્યા હતાં.

# શીખ સમુદાય દ્વારા કાલે વિજયભાઈ રૂપાણીને શ્રદ્ધાંજલિ અર્પણ કરાશે



**અબતક, રાજકોટ**

અમદાવાદ-લંડન વિમાન દુર્ઘટનામાં કરુણ અવસાન પામેલા દિવંગતોના આત્માની શાંતિ અર્થે અને ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી સ્વ. વિજયભાઈ રૂપાણીજીને શ્રદ્ધાંજલિ આપવા માટે, સમગ્ર શીખ સમુદાય દ્વારા એક વિશેષ શ્રદ્ધાંજલિ આયોજન કરવામાં આવ્યું છે. આવતી કાલે ગુરુદ્વારા ગોવિંદધામ, થલતેજ, અમદાવાદ ખાતે કીર્તન દરબાર સવારે ૯:૩૦ થી ૧૧:૩૦ શ્રદ્ધાંજલિ કાર્યક્રમે બપોરે ૧૧:૩૦ થી ૧૨:૦૦ દરમિયાન રાખેલ છે.

# વિજયભાઈનો એસજીવીપી સાથે વર્ષો જુનો નાતો: બાલકૃષ્ણ સ્વામી

## સ્વામિનારાયણ મંદિર વડતાલ સંસ્થાનના સંતોએ પૂર્વ સીએમ રૂપાણીને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા



**અબતક, રાજકોટ**

અમદાવાદ-લંડન વિમાન દુર્ઘટનામાં ૨૭૦ થી વધુ લોકોના કરુણ મોત થયા હતા. આ ગોઝારી ઘટનામાં પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીનુ પણ નિધન થતા રાજકોટ સહિત સમગ્ર ગુજરાત અને સ્વામિનારાયણ સંપ્રદાયમાં ઊંડા શોકની લાગણી પ્રસરી ગઈ છે.

ભાજપ અગ્રણી ચેતનભાઈ રામાણી દ્વારા સમાચારની પુષ્ટિ થતા જ, સંપ્રદાયના આચાર્ય રાકેશપ્રસાદજી મહારાજ સહિત વરિષ્ઠ સંતો શોકમાં ગરકાવ થયા હતા. તેમણે જણાવ્યું કે સંતો માટે વિજયભાઈ રૂપાણી માત્ર એક રાજનેતા નહોતા, પણ સંપ્રદાયના એક લાડિલા અને અભિન્ન અંગ સમાન હતા. જૈન ધર્મના હોવા છતાં, તેઓ સંતો પ્રત્યે અપાર આદરભાવ રાખતા અને તેમના મુખ્યમંત્રીકાળ દરમિયાન તેઓ સંપ્રદાયના અનેક પ્રશ્નોનો સંવેદનશીલતાથી ઉકેલ લાવ્યા હતા.

વિજયભાઈ રૂપાણીનું જીવન સરળ, સાદગીભર્યું અને સેવાભાવી હતું. તેમણે ''સીએમ એટલે કોમન મેન'' ના સૂત્રને ખરા અર્થમાં જીવી બતાવ્યું. તેમની ખોટ માત્ર સંપ્રદાય કે રાજ્યને જ નહીં, પરંતુ સમગ્ર દેશને પણ હંમેશા રહેશે. તેમને શ્રદ્ધાંજલિ આપવા માટે, ચેતનભાઈ રામાણીની આગેવાની હેઠળ રાજકોટ ખાતે અને ગાંધીનગર ખાતે શ્રદ્ધાંજલિ સભાઓ યોજાઈ હતી. આ સભાઓમાં સૌરાષ્ટ્ર અને રાજ્યભરના સંતો-મહંતો ઉપસ્થિત રહી, રૂપાણી પરિવારને સાંત્વના પાઠવી અને દિવંગત આત્માને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા.

# પી.પી. સવાણી ગ્રુપ આયોજિત ચારધામ યાત્રાનું દ્વિતીય ટુર રવાના

## ૩૦૦ ગંગાસ્વરૂપ બહેનોને ફુલહાર અને કંકુ તિકલ કરાયા




**અબતક, રાજકોટ**

કેપી ગ્રુપ તેમજ પી.પી.સવાણી ગ્રુપ સંગાથે ''ચારધામ'' તેમજ ''ઉમરાહ'' પ્રવાસ અંતર્ગત ગત રોડ મીટીંગ યોજવામાં આવી હતી જ્યારે તેમથી ગઈકાલે નાત-જાતના ભેદભાવ વગર હિન્દુ તમામ જ્ઞાતિના ૩૦૦ ગંગા સ્વરૂપ બહેનો પૈકી દ્વિતીય ટુર ''ચારધામ યાત્રા'' રવાના થયા.

જેમાં પી.પી.સવાણી ગ્રુપના મહેશભાઈ સવાણી ઉપસ્થિત રહી ઉધના રેલ્વે સ્ટેશન તામ્રીગંગા એક્ષપ્રેસ સ્લીપર કોચમાં તમામ બહેનોને વ્યવસ્થિત બેસાડી દીકરીઓ દ્વારા ફૂલહાર અને કંકુ-તિલક કરી ખુશ ખુશાલ રવાના કરવામાં આવ્યા હતા.

જેમાં પ્રયાગરાજ, અયોધ્યા, વારાણસી, છપૈયા જેવી અનેક ધાર્મિક સ્થળો એ ૬ દિવસ રહેવા-જમવાની તમામ વ્યવસ્થા અગાઉથી કરી રાખવામાં આવી છે.

# બાલાજી દાદાને રંગબેરંગી પુષ્પોનો મનમોહક શણગાર



**અબતક, રાજકોટ**

રાજકોટ વાસીઓની શ્રદ્ધા અને આસ્થાનું કેન્દ્ર એટલે બાલાજી હનુમાનજી મંદિર આજે શનિવારના પવિત્ર દિવસે મહાપ્રતાપી બાલાજી હનુમાનજી મહારાજને ગુલાબ, ઝરબરા સહિત વિવિધ રંગબેરંગી પુષ્પોના અદભુત અલૌકિક અને દિવ્ય શણગાર કરવામાં આવ્યા છે. મંદિરના મહંત પૂ.વિવેકસાગર દાસજી સ્વામી, સ્વામિનારાયણ મંદિરના મહંત પૂ. રાધારમણદાસજી સ્વામી, કોઠારી પૂ.મુનિવત્સલ સ્વામીના માર્ગદર્શન હેઠળ અહીં દાદાને શણગાર કરવામાં આવે છે.

આજના આ અદભુત શણગાર આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. જેના દર્શન કરી ભક્તોએ ધન્યતા અનુભવી છે .આજની સંધ્યા આરતીમાં બહોળી સંખ્યામાં ભક્તો જોડાશે અને રાજોપચાર પૂજનથી થતી દાદાની સંધ્યા આરતીનો દિવ્ય લાભ લેશે.

# જનકલ્યાણ ચેરી. ટ્રસ્ટ દ્વારા ચક્ષુદાન જાગૃતિ ઝુંબેશ

**અબતક, રાજકોટ**



સુચિત યોગ અને ફિટનેસ ના હરીફાઈ કાર્યક્રમ બાદ જનકલ્યાણ સાવર્જનીક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા તમામને અંગદાન, ચક્ષુદાન, સ્કિન ડોનેશન, દેહદાન અંગે ચેરમેન ઉમેશ મહેતાએ વિગતવાર માહિતગાર કર્યા હતા. મધુબેન પટેલ તથા હિનાબેન પંડયાએ સહયોગ આપ્યો હતો.

આ કાર્યક્રમને સફળ બનાવવા શારદાબેન રાબડીયા સહિતના ઓએ એ જહેમત ઉઠાવેલ, જનકલ્યાણ ટ્રસ્ટ દ્વારા અત્યાર સુધીમાં ૭૧૦ ચક્ષુદાન, ૩૪ સ્કિન ડોનેશન, ૬૧ દેહદાન કરેલ છે. અંગદાન, ચક્ષુદાન, સ્કિન ડોનેશન, દેહદાન, જાગૃતિ કાર્યક્રમની વધુ માહીતી માટે ઉમેશભાઈ મહેતા મો. નં. ૯૪૨૮૫ ૦૬૦૧૧ પર સંપર્ક કરવા જણાવાયું છે.

# રોયલપાર્ક સ્થાનકવાસી જૈન મોટા સંઘ ચાતુર્માસ પ્રવેશ મહોત્સવની ઉજવણી

## ૩૦ જૂનેએ ભવ્ય પ્રવેશ અને પ્રસ્થાન, સંતો-મહંતોના આશિર્વાદ વરસશે

**અબતક, રાજકોટ**

જૈન સમાજમાં ચાતુર્માસનું આગમન હંમેશા ભકિત અને આસ્થાનો માહોલ લઈને આવે છે. આ વર્ષે પણ રાજકોટના રોયલપાર્ક સ્થાનકવાસી જૈન મોટા સંઘ દ્વારા ચાતુર્માસ પ્રવેશ મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે ગોંડલ સંપ્રદાયના પૂજ્ય નરેન્દ્રમુની મ.સા. અને પંથકમુની મ.સા. તેમજ જયાબાઈ મહાવિજયબાઈ મ.સા. તથા અન્ય શિષ્યવૃંદના સાધનાબાઈ મ.ના આશીર્વાદ પ્રાપ્ત થશે.

આ પાવન અવસરે ''માઉ પરિવાર''ના આંગણે સંતો-મહંતોના પાવન પધરામણા થશે, જે ભાવિકો માટે આસ્થા અને આનંદનો માહોલ સર્જશે. ચાતુર્માસ પ્રવેશનો શુભારંભ ૩૦ જૂન, ૨૦૨૪, સોમવારના રોજ સવારે ૦૯:૦૦ કલાકે થશે.

પૂજ્ય સંતો-સતીજીઓનું ચાતુર્માસ પ્રસ્થાન વિવિધ સ્થળોએથી થશે, જેમાં માતૃશ્રી કલાવતીબેન ભૂપતલાલ માઉ, શીલાબેન શૈલેષભાઈ માઉ, પ્રિયંકા હર્ષિત માઉ, ૩૦૩ હાર્મીની હોમ્સ, ૮-ચરાડા નગર સોસાયટી, શીહાર સ્કુલ વાળી શેરી, યુનિવર્સીટી રોડ, રાજકોટનો સમાવેશ થાય છે. ચાતુર્માસ કક્ષ મંગલ પ્રવેશ તથા પ્રસ્થાન સવારે ૮:૦૦ કલાકે થશે, જ્યારે નવકારશી સવારે ૭:૦૦ થી ૮:૦૦ અને જપ સવારે ૮:૦૦ થી ૯:૦૦ રહેશે. આ ઉપરાંત, હાર્મોનીહોમ્સ ડી નંદનવન સોસાયટી, રાજગીરી ઉપાશ્રય, વ્હાઈટહાઉસ બિલ્ડીંગ થી રોયલપાર્ક ઉપાશ્રય સુધી પ્રયાણ થશે.

આ ચાતુર્માસ મહોત્સવમાં સીએમ. એમ. શેઠ પોષધશાળા-ઓમનવાળા ઉપાશ્રય - રાજકોટના સર્વે શ્રાવક-શ્રાવિકાઓને પધારી, આ સંઘ સાથે મળી અક્ષત હૃદયે સંતો-સાધ્વીજીને આવકારી, તેમના દર્શન અને આશીર્વાદ પ્રાપ્ત કરવા માટે રોયલપાર્ક સ્થાનકવાસી જૈન મોટા સંઘ દ્વારા હાર્દિક અનુરોધ કરવામાં આવ્યો છે. આ પાવન અવસરે જૈન ધર્મ અને સંસ્કૃતિના વારસાનું જતન થશે અને ધાર્મિક ભાવનાઓ વધુ દઢ બનશે.

# ૭૦-રાજકોટ દક્ષિણ મામલતદાર કચેરી દ્વારા સુપર વાઈઝરને તાલિમ અપાઈ



**અબતક, રાજકોટ**

ભારતના ચૂંટણી પંચ દ્વારા મતદાર યાદી સુધારણા, બી.એલ.ઓ. નિમણુંક નવી માર્ગદર્શિકા જેવા વિવિધ મુદ્દાની ૭૦-રાજકોટ દક્ષિણ મામલતદાર કચેરીના બુથ ૧ થી ૧૨૮ના રૂટ નં.૧ થી ૨૨ના સુપર વાઈઝરને આજરોજ તાલિમ આપવામાં આવી હતી. જેમાં ટ્રેનરો દ્વારા વિવિધ કામગીરીની સમજ સાથે વિવિધ ઉદ્ભવતા પ્રશ્નો બાબતે માહિતગાર કરાયા હતા. આ કાર્યક્રમમાં પ્રાંત અધિકારી ૭૦-રાજકોટના ડો.ચાંદની પરમાર, ઈ.ચા.મામલતદાર એલ.બી. ઝાલા, રાજ્ય વેચાણ વેરા અધિકારી શૈલેષ પરમાર, આર.એન.પટેલ, સીટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટ ફોરમબેન, મતદાર યાદી સુધારણા કાર્યક્રમના અમરદીપસિંહ વાઘેલા સહિતના અધિકારી અને ચૂંટણી પ્રક્રિયાના માસ્ટર ટ્રેનર અરૂણ દવે હાજર રહીને સુપરવાઈઝરને તાલિમ આપી હતી. સર્વોને કામગીરીના પત્રકો આપીને આગામી બે-ત્રણ દિવસમાં કામગીરી કરવાની સુચના આપી હતી.

# વેસ્ટર્ન રેલવે મજદૂર સંઘના પ્રમુખપદે હિરેન મહેતા , જનરલ સેક્રેટરી તરીકે આર.જી. કાબરની નિમણુંક

## વેરાવળ ખાતે યોજાયેલા દ્વિવાર્ષિક અધિવેશનમાં વિવિધ ડિવિઝનોમાંથી હજારોની સંખ્યામાં રેલ કર્મચારીઓએ જોડાયા

**અબતક, રાજકોટ**

વેસ્ટર્ન રેલવે મજદૂર સંઘ દ્વિવાર્ષિક અધિવેશન તાજેતરમાં વેરાવળ ખાતે ભવ્યતાપૂર્વક યોજાઈ ગયું. આ અધિવેશનમાં મુંબઈ, પરેલ વર્કશોપ, મહાલક્ષ્મી, રતલામ, અમદાવાદ, વડોદરા, રાજકોટ, ભાવનગર અને વર્કશોપ જેવા વિવિધ ડિવિઝનોમાંથી હજારોની સંખ્યામાં રેલ કર્મચારીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો,આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે પશ્ચિમ રેલવે, મુંબઈના મંજુલા સક્સેના ઉપસ્થિત રહ્યા હતા. તેમજ, રાષ્ટ્રીય અધ્યક્ષ ગુમાનસિંહજીની ગરિમામય ઉપસ્થિતિમાં આ સફળ અધિવેશનનું આયોજન કરવામાં આવ્યું હતું.આ અધિવેશનમાં સર્વસંમતિ અને પ્રચંડ સમર્થન સાથે રાજકોટ ડિવિઝનના ડિવિઝનલ સેક્રેટરી હિરેન મહેતાજીની વેસ્ટર્ન રેલવે મજદૂર સંઘના પ્રમુખ પદે વરણી કરવામાં આવી છે. છેલ્લા ચાલીસ વર્ષથી વેસ્ટર્ન રેલવે મજદૂર સંઘના નેજા હેઠળ રેલ કર્મચારીઓના વિવિધ પ્રશ્નો, સમસ્યાઓ, હક અને હિત માટે આક્રમક રજૂઆતો કરી સતત કાર્યરત રહ્યા છે. તેઓ રાષ્ટ્રીય સ્તરના ટેબલ ટેનિસ ખેલાડી પણ રહી ચૂક્યા છે અને હાલમાં સૌરાષ્ટ્ર ટેબલ ટેનિસએસોસિએશનના સેક્રેટરી તરીકે સેવા આપી રહ્યા છે. સ્પોર્ટ્સને પ્રોત્સાહન આપવા માટે





તેઓ ફૂટબોલ, બાસ્કેટબોલ, ક્રિકેટ, ટેબલ ટેનિસ, વોલીબોલ, લોન ટેનિસ જેવી વિવિધ ટુર્નામેન્ટ્સનું પણ આયોજન કરતા રહે છે.આ અધિવેશનમાં આર.જી. કાબરજીની વેસ્ટર્ન રેલવે મજદૂર સંઘના જનરલ સેક્રેટરી તરીકે વરણી કરવામાં આવી છે. ત્યારબાદ, તેમણે સેન્ટ્રલ વર્કિંગ કમિટીના અન્ય સભ્યોની પણ જાહેરાત કરી હતી.આમંત્રિત મહેમાનોનું સ્વાગત કરતા મુખ્ય મહેમાન મંજુલા સક્સેએ જણાવ્યું હતું કે વેસ્ટર્ન રેલવે મજદૂર સંઘ એ રેલ કર્મચારીઓના વિવિધ પ્રશ્નોના નિવારણ માટે સતત જાગૃત સંગઠન છે, જેનું નેતૃત્વ મજબૂત અને જ્ઞાન ધરાવનાર છે. તેમણે ઉમેર્યું કે ટ્રેડ યુનિયન કર્મચારીઓની સમસ્યાઓને તંત્ર સુધી પહોંચાડીને તેને હલ કરવા માટે સતત પ્રયત્નશીલ રહે છે અને આ ભવ્ય અધિવેશનમાં આમંત્રિત કરવા બદલ તેમણે વેસ્ટર્ન રેલવે મજદૂર સંઘનો આભાર વ્યક્ત કર્યો હતો ગુમાન સિંહજીએ રેલવેમાં ટ્રેડ યુનિયનની મહત્વતા, સંઘર્ષ કથા અને આજે મળેલા અધિકારો, વિવિધ એલાઉન્સિસ, પગાર પંચ અને પગાર ધોરણો, રેગ્યુલર પેમેન્ટ, બોનસ, ડીએ, રાત્રી કાર્ય ભથ્થું, અન્ય ભથ્થાંઓ, મળતી રજાઓ, વેતન આયોગ વગેરે માટેની સંઘર્ષ યાત્રા અને સફળતાઓની વાત રજૂ કરી હતી. સાથે જ, તેમણે આજની કાર્યસ્થિતિઓ, સમસ્યાઓ, સરકારની શ્રમ વિરોધી નીતિઓ, ખાનગીકરણ, ઠેકેદારી પ્રથાઓ, વિવિધ મહત્વની પોસ્ટ્સ અંડર કરવી અને સ્ટાફ શોર્ટેજ જેવી અનેક સમસ્યાઓનો ચિતાર આપ્યો હતો. રાજકોટ ડિવિઝનમાંથી હિરેન મહેતાના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ આ અધિવેશનને સફળ બનાવવા માટે ડી.આર. સોઢા, મયુર સિંહ, ડી.એસ. શર્મા, હરદેવસિંહ જાડેજા, ધર્મેન્દ્રસિંહ ઝાલા, હરિસિંહ, હિતેશ ઠાકર, એમ.કે. જાડેજા, નિરવ રાવલ, હરેશ અમદાવાદી, પ્રદીપ ખાચર, સુદીપ મિશ્રા, એ.એસ. દવે, મનીષભાઈ મહેતા, કેતન ભટ્ટી, ગજેન્દ્રસિંહ, રામકૃષ્ણ, જયેશભાઈ ડોડીયા, અભિષેક રંજન, વિવેકાનંદ, જતિન જોશી તથા મહિલા વિંગમાં અવની ઓઝા, ધર્મિષ્ઠા થોરીયા, જયશ્રી એ., મનીષા દીક્ષિત, ફાલ્ગુની મહેતા, પુષ્પા ડોડીયા, જ્યોતિ મહેતા, ધર્મિષ્ઠા પૈજા, સોનશબા, દયા રનોલીયા, વિધિ મહેતા, મંજુલા આર. વગેરેએ જહેમત ઉઠાવી હતી.

# મોબાઈલમાં વ્યસ્ત રહેનારી પુત્રીને માતાએ ઠપકો આપતાં સગીરા ભેદી રીતે ગુમ

## હોસ્પિટલમાં દાખલ પિતા માટે પાણી ભરવા ગયેલી તરૂણી પરત નહિ આવતા ભક્તિનગર પોલીસમાં અપહરણનો ગુનો

**અબતક, રાજકોટ**

નવાગામ મામા વાડીમાં રહેતા યુવાનની સગીર વયની દીકરી ને માતાએ ફોન બાબતે ઠપકો આપતા તેણી ઘર છોડીને ચાલી જતા ભકિતનગર પોલીસમાં અપહરણની ફરિયાદ નોંધાઈ છે.

વધુ વિગતો મુજબ, નવાગામમાં રહેતા યુવાને ફરિયાદમાં જણાવ્યું હતું કે,ગઇ તા.૧૬/૦૬ નાં રોજ મને પેટની બીમારી સબબ કોઠારીયા મેઈન રોડ ભકિતનગર પોલીસ સ્ટેશન સામે આવેલ કે.જે.પટેલ હોસ્પીટલ ખાતે દાખલ થયેલ હતો અને ત્યાં મારી પત્ની તથા મારી માતા અને મારી નાની દિકરી મારી સાથે હતા બાદ તા.૧૮/૦૬નાં રોજ સવારનાં આશરે નવેક વાગ્યે મારી દિકરી સતત મોબાઈલ જોતી હોય જેથી મારી માતાએ તેને ખીજાયેલ તેમ છતા મોબાઈલ જોતી હોય જેથી તેની પાસેથી મોબાઈલ લઇ લીધો હતો. બાદ મે તેને ફ્રીઝમાંથી પાણીની બોટલ ભરી લઈ આવવા માટે જણાવેલ હતુ. જેથી મારી દિકરી પાણીની બોટલ લઈને નીચે દવાખાનાના પહેલા માળે પાણી ભરવા ગયેલ હતી અને આશરે અડધા કલાક સુધી મારી દિકરી પાણી લઇને પરત ના આવતા મારી પત્ની તથા મારી માતા તેને દવાખાનામાં શોધી હતી.

તેમ છતા મારી દિકરી કયાંય મળેલ નહી અને અમો પરીવારે આજદિન સુધી અમારી રીતે બધે જાહેર જગ્યાઓએ તથા અમારા સગા સંબંધીનાં ઘરે તપાસ કરેલ પરંતુ મારી દીકરી ક્યાંય મળી આવેલ નહી જેથી મારી સગીર વયની દીકરી જેની ઉમર ૧૨ વર્ષ ૧૧ માસ વાળીને કોઈ અજાણ્યો શખ્સ લલચાવી ફોસલાવી અપહરણ કરી લઈ ગયો હોવાનું લાગતું હોય જેથી ભક્તિનગર પોલીસમાં અપહરણ અંગે ફરિયાદ નોંધાવી હતી.

# આજી ડેમ નજીક આવેલા પ્લોટ માથાભારે શખ્સોએ પચાવી લીધાનો આક્ષેપ

## યોગીનગરનો ૯૪૦ વારના પ્લોટનો બોગસ દસ્તાવેજ ઉભો કરી ત્રણ શખ્સોએ કબ્જો કર્યો

## આજી ડેમ પોલીસને ફરિયાદ કર્યા છતાં એક વર્ષમાં કાર્યવાહીના નામે શૂન્ય : અરજદારનો આરોપ

**અબતક, રાજકોટ**

શહેરના આજીડેમ નજીક આવેલ ૨-યોગીનગર વિસ્તારનો ૯૪૦ વારનો પ્લોટ માથાભારે શખ્સો ખોટા દસ્તાવેજ ઉભા કરી પચાવી લીધાના આક્ષેપ સાથે પોલીસ કમિશ્નરને રજુઆત કરવામાં આવી છે. મામલામાં આજીડેમ પોલીસને એક વર્ષ પૂર્વે અરજીરૂપી ફરિયાદ આપી છતાં હાલ સુધી કોઈ કાર્યવાહી નહિ થયાનો આક્ષેપ અરજદાર દ્વારા કરવામાં આવ્યો છે.

મામલામાં હાલ મુંબઈના અંધેરી વિસ્તારમાં રહેતા મૂળ રાજકોટના જનતા સોસાયટીના રહેવાસી જાગૃતભાઈ મહાસુખલાલ શાહે રાજકોટ પોલીસ કમિશનરને સંબોધી કરેલી અરજીમાં જણાવ્યું હતું કે, રાજકોટ શહેરમાં આજીડેમ પાસે ૨-યોગીનગરમાં રેવન્યુ સર્વે નંબર ૧૯૬, ૧૯૭ પૈકીની ખુલ્લા પ્લોટ નંબર-૨ ની ૯૪૦ ચોરસ વારનો પ્લોટ અમારી માલિકીનો આવેલ છે. જે પ્લોટના રક્ષણ માટે અમે ફેન્સીંગ કરેલ હતી. દરમિયાન ઈસરારખાન જમીરખાન પઠાણ તથા પોરબંદરના અરજણ મેરામણભાઈ કેશવાળા અને રામભાઈ મેરામણભાઈ કેશવાળા સહિતનાએ આ પ્લોટના મૂળ માલિક ભગવાનજી મંગળજી



નથવાણીના નામનું તારીખ ૦૫-૦૧-૨૦૦૮ ના રોજ ખોટું મુખત્યારનામું ઉભું કરી ખોટા દસ્તાવેજો ઉભા કરી મારા પ્લોટની જમીન હડપ કરી લેવા કાવતરું કર્યું છે.

તે સંબંધે મે આજીડેમ પોલીસ મથકમાં તા.૨૯-૦૪-૨૦૨૫ ના રોજ લેખિત ફરિયાદ આપેલ છે પરંતુ હજુ સુધી તે અંગે ગુનો દાખલ કરવામાં આવ્યો નથી કે પછી આજીડેમ પોલીસ મથકમાંથી કોઈ સંતોષકારક જવાબ પણ આપવામાં આવતો નથી. વધુમાં અરજદારે જણાવ્યું હતું કે મારો પ્લોટ પડાવી લેનાર માથાભારે શખ્સો પોલીસ સાથે સંકળાયેલા હોય તેવું જણાય છે. માથાભારે શખ્સોએ મારા પ્લોટમાં ગેરકાયદે પ્રવેશ કરી જેસીબી થકી પ્લોટની ફરતે કરેલી ફેન્સીંગ પણ તોડી નાખી હતી અને પ્લોટમાં ગેરકાયદે ઘૂસણખોરી કરી કબજો કર્યો હતો. મે પ્લોટની ફેન્સીંગ નહીં તોડવા કહેતા મને મારી નાખવાની ધમકી આપી રાજકોટ છોડીને જતો રહે નહીંતર તું બચીશ નહીં તેવી ધમકી આપેલ હતી. વધુમાં અમારી સામે ફરિયાદ કરીશ તો તને જાનથી મારી નાખીશું તેવી ધમકી પણ માથાભારે શખ્સો દ્વારા આપવામાં આવી હોય તેવો આક્ષેપ અરજદાર દ્વારા કરવામાં આવ્યો છે. વધુમાં અરજદારે જણાવ્યું છે કે, હવે મારી મિલકત અથવા મારા જાનમાલને કોઈ પણ નુકસાન થશે તો તેની જવાબદારી પોલીસ ખાતાની રહેશે. તાત્કાલિક આ મામલે ફરિયાદ દાખલ કરવા અરજદારે પોલીસ કમિશ્નરથી માંડી ગૃહપ્રધાન, ડીજીપી, કલેકટરને રજુઆત કરી છે.

# વિદેશી દારૂના ગુનામાં કાર ચાલકના હાઈકોર્ટ દ્વારા જામીન મંજુર

## હાલના આરોપીનું નામ એફઆઈઆરમાં નથી, પોલીસે માત્ર શંકાના આધારે પકડ્યો હોવાની દલીલો થઈ

**અબતક, રાજકોટ**

૩.૭૦ લાખનો વિદેશી દારૂ મામલે ભાગી છુટેલો ફોરવ્હીલ ચાલક ઝડપાઈને જેલ હવાલે થયા બાદ તેણે હાઈકોર્ટમાં કરેલી જામીન અરજી મંજૂર કરવામાં આવી છે.

આ અંગેની હકીકત મુજબ, લખતર પો.સ્ટે. પોલીસ સ્ટાફ તા. ૧૫/ ૦૫/ ૨૫ના રોજ પેટ્રોલિંગમાં હતા તે દરમ્યાન કમાલપુર ગામ નજીક સામેથી એક્ટીવા તથા ફોરવ્હીલને શંકાના આધારે રોકવામાં આવતા, પોલીસની ગાડીને જોઈને એકટીવાનો ચાલક તથા ફોરવ્હીલનો ચાલક ભાગી ગયેલ, જે સફેદ કલરની ડ્સ્ટ ૫૦૦ ગાડી ચેક કરતા તેમાં વિદેશી દારૂની ૧૨૦ બોટલ કિંમત ૩.૭૦ લાખ, એક એકટીવા તથા ફોરવ્હીલ વગેરે કુલ કિંમત રૂપિયા ૯ લાખના મુદ્દામાલ સાથે જશવંત ઉર્ફે જશો કાળુભાઈ સોયા ઝડપાઈ ગયો હતો, જશા સહિતના આરોપીઓ સામે બજાણા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી અને તપાસમાં પોલીસે ભાગી છુટેલા ચાલક તરીકે યશ કનુભાઈ નરોલાની ધરપકડ કરી ધોરણસરની કાર્યવાહી અને તપાસ બાદ જેલહવાલે કર્યો હતો.

ત્યારબાદ યશે ધ્રાંગધા સેશન્સ કોર્ટમાં ગુજારેલી જામીન અરજી નામંજુર થતાં, તેણે ગુજરાત હાઈકોર્ટમાં જામીન અરજી કરી હતી. જેમાં આરોપીના એડવોકેટની દલીલ હતી કે હાલના આરોપીનું એફઆઈઆરમાં નામ નથી, પોલીસ દ્વારા માત્ર શંકાને આધારે પકડવામાં આવેલ છે, તેવા સંજોગોમાં રજુ રાખેલ ઉચ્ચ અદાલતોના પ્રસ્થાપિત કરવામાં આવેલ સિધ્ધાંતો તથા વડી અદાલતના ચુકાદાઓ ધ્યાનમાં રાખી ગુજરાત હાઈકોર્ટે ઉપરોકત આરોપીને આ ગુન્હાના કામ સબબ જામીન પર મુકત કરવાનો હુકમ ફરમાવ્યો હતો. આ કામમાં આરોપી યુવા એડવોકેટ ડેનિશ જે. મહેતા, સિધ્ધાર્થ કે. મહેતા, ગુજરાત હાઈકોર્ટમાં દક્ષેશ બારોટ રોકાયા હતા.

# કુવાડવા ગામે યુવાન પર માસીયાઈ ભાઈ સહિત બે શખ્સોનો છરી વડે હુમલો

## ચોટીલા રહેતા નાના ભાઈને પિતરાઈની પત્ની સાથે આડા સંબંધ હોય મોટો ભાઈ પીટાયો : બે વિરુદ્ધ ગુનો

**અબતક, રાજકોટ**

કુવાડવા ગામની વાંકાનેર ચોકડી પાસે ચોટીલાના શીરોડા ગામે રહેતા યુવાન પર માસીયાઈ ભાઈ અને અજાણ્યા શખસે છરી વડે હુમલો કર્યો હતો. યુવાનના નાના ભાઈને માસીયાઈ ભાઈની પત્ની સાથે સંબંધ હોય જે બાબતોનો ખાર રાખી આ હુમલો કરવામાં આવ્યો હતો.ચોટીલા તાલુકાના શીરોડા (પાદર) ગામે રહેતા રાજુભાઈ પીઠાભાઈ ખાવડુ (ઉ.વ ૩૦) નામના યુવાને કુવાડવા રોડ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે ચોટીલા તાલુકાના ફુલઝર ગામે રહેતા માસીયાઈ ભાઈ મનસુખ ગોવાભાઈ સાગઠીયા અને એક અજાણ્યા શખસનું નામ આપ્યું છે. બે વર્ષ પહેલાં દિનેશ ફરી માસીયાઈભાઈની પત્નીને ભગાડી ગયો હતો તે સમયે મનસુખે કહ્યું હતું કે હું તમને બધાને સમય આવ્યે જોઈ લઈશ.દરમિયાન ગત તા. ૧૯/૬ ના સવારના દસેક વાગ્યા આસપાસ યુવાન તેના ગામથી કુવાડવા ગામ મામાના પુત્ર સુરેશ સોલંકીના ઘરે જવા માટે નીકળ્યો હતો. બપોરના દોઢેક વાગ્યે આસપાસ કુવાડવા ગામ ખાતે પહોંચતા અહીં વાંકાનેર ચોકડી પાસે હોટલે ચા પીતો હતો. ત્યારે આરોપી મનસુખ અહીં બાઈક લઈને આવ્યો હતો અને ઝઘડો કરવા લાગ્યો હતો. યુવાન અહીંથી રોડ તરફ જતા મનસુખ પાછળ પાછળ આવ્યો હતો અને તેની સાથે એક અજાણ્યો શખસ પણ હોય બંને ઝઘડો કરવા લાગ્યા હતા. બાદમાં આ અજાણ્યા શખસે છરી કાઢી મારવા જતા યુવાનને હાથના ભાગે ઈજા પહોંચી હતી. દરમિયાન અહીં લોકો એકત્ર થઈ જતા આ બંને શખસો અહીંથી નાસી ગયા હતા. બાદમાં યુવાનને સારવાર માટે સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. હુમલામાં યુવાનને હાથમાં ત્રણ ટાકા આવ્યા હતા. હોસ્પિટલમાંથી રજા અપાતા તે વતન જતો રહ્યો હતો બાદમાં તેણે આ અંગે માસીએ ભાઈ અને અજાણ્યા શખસ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

# જીકાસ: સૌરાષ્ટ્ર યુનિ.ના ૨૧ હજારથી વધુ વિદ્યાર્થીઓનો પ્રવેશ કન્ફર્મ

**અબતક, રાજકોટ**

જીકાસ પોર્ટલ પર વિદ્યાર્થીઓ એક જ અરજી દ્વારા રાજ્યની વિવિધ યુનિવર્સિટીના એક કરતા વધુ પ્રોગ્રામ્સ-કોલેજોમાં પ્રવેશ માટેની અરજી ઘર બેઠા કરી શકે છે. સ્નાતકમાં પ્રવેશ આપવામાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજ્યમાં બીજા ક્રમે રહી છે. રાજ્યની કુલ ૧૩ યુનિવર્સિટીમાં ૧,૨૬,૬૯૩ વિદ્યાર્થીઓએ પ્રવેશ કન્ફર્મ કરાવ્યો છે જેમાંથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ૨૧,૫૪૨ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. સૌથી વધુ વડોદરાની એમ.એસ યુનિવર્સિટીમાં ૩૧,૨૭૯ વિદ્યાર્થીએ પ્રવેશ કન્ફર્મ કરાવ્યો છે ત્યારબાદ સૌથી વધુ પ્રવેશ લેનાર વિદ્યાર્થીઓ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના છે. રાજ્ય સરકારના ઉચ્ચ શિક્ષણ વિભાગ દ્વારા શરૂ કરવામાં આવેલા ગુજરાત કોમન એડમિશન સિસ્ટમ પોર્ટલના માધ્યમથી સ્નાતક અને અનુસ્તાક કક્ષાએ યુનિવર્સિટીમાં પ્રવેશ માટે એક સાથે અરજી કરી શકાય છે. ૨૦૨૫-૨૬ના શૈક્ષણિક વર્ષમાં ૪,૨૧,૩૭૪ વિદ્યાર્થીઓએ ધો,૧૨ની પરીક્ષા ઉત્તીર્ણ કરી છે તેમાંથી ૩,૧૫,૭૯૧ વિદ્યાર્થીઓએ અત્યારસુધીમાં જીકેઅજ પોર્ટલમાં તેમની અરજી વેરિફાય કરાવી છે તેમાંથી ૧,૨૬,૬૯૩ વિદ્યાર્થીઓએ પોતાના પ્રવેશ કન્ફર્મ કરાવ્યા છે. બાકી રહેલા ૧,૮૯,૦૯૮ વિદ્યાર્થીઓ માટે પ્રવેશનો આગામી રાઉન્ડ શનિવાર, તા. ૨૧ જૂનથી શરૂ થશે અને પ્રવેશ કાર્યવાહી ૩ જુલાઈ, ૨૦૨૫ સુધીમા પૂર્ણ કરવામાં આવશે. અનુસ્નાતક કક્ષાના વિવિધ અભ્યાસક્રમમોમાં પ્રવેશ માટેના પ્રથમ તબક્કાનો પ્રથમ રાઉન્ડ ૨૦ જૂને પૂર્ણ થયો છે. બીજા તબક્કા માટે રજિસ્ટ્રેશનની પ્રક્રિયા ૧૯મી જૂનથી શરૂ કરી દેવામાં આવી છે. તેમજ આ બીજા તબક્કાનું સંપૂર્ણ ફોર્મ ફિલિંગ ૧ જુલાઈ સુધી કરી શકાશે. પ્રથમ તબક્કામા અરજી કરી હોય અને આવી અરજીમાં સુધારો કરવા ઈચ્છતા હોય, પ્રથમ તબક્કામા પ્રવેશ રદ કરાવ્યો હોય, પોતાની યુનિવર્સિટી-કોલેજ-પ્રોગ્રામની ચોઈસ બદલવા ઈચ્છતા હોય તો તે તા.૨ અને ૩ જુલાઈ દરમિયાન કરી શકાશે.

# આલાપ ગ્રીન સિટીના રહેણાંક મકાનમાં જુગાર રમતા પાંચ ખેલીઓ ઝબ્બે

## રૂ. ૨૫,૮૦૦ ની રોકડ કબ્જે : ક્રાઈમ બ્રાન્ચ પીએસઆઈ વી ડી ડોડીયા ટીમનો દરોડો

**અબતક, રાજકોટ**

શહેર ક્રાઈમ બ્રાન્ચ ટીમે રૈયા રોડ પર આવેલ આલાપ ગ્રીનસીટીમાં આવેલ મકાનમાં જુગાર રમતા પાંચ શખ્સોને રૂ. ૨૫,૮૦૦ ની રોકડ સાથે દબોચી લીધા છે.

શહેરમાં દારૂ-જુગારની બદીને ડામવા ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ એમ આર ગોંડલીયા, એમ એલ ડામોર અને સી એચ જાદવના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ વનરાજસિંહ ડોડીયા ટીમના હેડ કોન્સ્ટેબલ જયરાજસિંહ કોટીલા, દીપકભાઈ ચૌહાણ અને કોન્સ્ટેબલ વિશાલભાઈ દવે ગત તા.૨૦-૦૬-૨૦૨૫ ની સાંજે વાગ્યાથી પેટ્રોલિંગમાં હતા. દરમિયાન રૈયા ચોકડી પાસે પહોંચતા જયરાજસિંહ કોટીલાને ખાનગી રાહે બાતમી મળી હતી કે, રૈયા રોડ પર આવેલ આલાપ ગ્રીન સીટી બ્લોક નંબર એ-૮૩ માં રહેતા ધાર્મિક રમેશભાઈ હિરાણી પોતાના મકાનમાં બહારથી માણસો બોલાવી નાલ ઉઘરાવી જુગાર રમાડે છે અને હાલમાં જુગાર ચાલુ છે. જે બાતમી મળતાની સાથે જ ક્રાઈમ બ્રાન્ચની ટીમે રાહદારી પંચોને સાથે રાખી આલાપ ગ્રીન સીટી ખાતે આવેલ બ્લોક નંબર એ-૮૩ માં દરોડો પાડ્યો હતો. જ્યાં ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલ રૂમમાં પાંચ શખ્સો ગોળ કુંડાળું વળી ગંજીપત્તાના પાના વડે જુગાર રમતા જોવા મળ્યા હતા.

પોલીસે ધાર્મિક રમેશભાઈ હિરાણી (ઉવ ૨૪ રહે. આલાપ ગ્રીન સિટી, બ્લોક નંબર એ-૮૩, રૈયા રોડ, રાજકોટ), અલ્તાફ રહીમભાઈ પાધરસી (ઉવ ૪૫ રહે. નેહરુનગર શેરી નંબર ૪, આમ્રપાલી પાસે, રૈયા રોડ,રાજકોટ), મુકેશગીરી દલપતગીરી ગોસ્વામી (ઉ.વ.૫૬ રહે મોટા મવા, કોઝી કોર્ટયાર્ડ એપાર્ટમેન્ટ એ-૯૦૨, રાજકોટ), ભાવેશ હસમુખભાઈ રાઠોડ (ઉવ ૪૫ રહે જે કે પાર્ક શેરી નંબર ૨, આલાપ ગ્રીન સિટી પાછળ, રૈયા રોડ,રાજકોટ) અને સુરેશ વિઠ્ઠલદાસ મદાણી (ઉવ ૬૨ રહે. રવિ રત્ન પાર્ક શેરી નંબર ૪, રૈયા ટેલીફોન એકસચેન્જ પાછળ,૧૫૦ ફૂટ રીંગ રોડ, રાજકોટ)ની કુલ રોકડ રૂ. ૨૫,૮૦૦ ના મુદ્દામાલ સાથે ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# યોગ એક જીવનશૈલી: એઈમ્સ ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી

## ૧૦૦૦ થી વધુ ફેકલ્ટી,ડીન, ડોક્ટર, નર્સિંગ, અને અન્ય તમામ વિભાગના લોકો જોડાયા



**અબતક, રાજકોટ**

એઈમ્સ માં ૧૧ માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીમાં મુખ્ય મહેમાન કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના જોઈન્ટ સેક્રેટરી ગુલામ મુસ્તુફા ની અધ્યક્ષતા માં કરવામાં આવી હતી,

કાર્યક્રમમાં લાઈઝનિંગ ઓફિસર તરીકે ડો.ઉત્સવ પારેખ જોડાયા હતા,યોગ વિશ્વભરમાં એક જીવનશૈલી બની છે ત્યારે યોગ દિવસ ની ઉજવણી માં ૧૦૦૦ થી વધુ ફેકલ્ટી,ડીન, ડોક્ટર, નર્સિંગ, અને અન્ય તમામ વિભાગના લોકો યોગ માટે જોડાયા હતા,૧૧ માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસ સફળ બનાવવા એઈમ્સ ના ડેપ્યુટી ડાયરેકટર કર્નલ અંકુર પ્રતાપ સિંહ સાથે ડીન,ફેકલ્ટી,એડમીન વિભાગ તેમજ સ્પોર્ટ્સ વેલ્ફેર એન્ડ કલ્ચર કમિટી વિભાગ દ્વારા જહેમત ઉઠાવી હતી,જેમાં ફેકલ્ટી મેમ્બર,એમ.બી.બી.એસ વિદ્યાર્થીઓ,નર્સિંગ,અધિકારીઓ, અને આઈમ્સ માં અન્ય તમામ વિભાગોના સ્ટાફ મેમ્બર એ યોગ સત્ર માં ભાગ લીધો હતો , ડો.ગૌરાંગ વ્યાસ ની યોગ નિષ્ણાત ટીમ સાથે સત્ર નું આયોજન અને સમાપન કરવામાં આવ્યું હતું એઈમ્સ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ પણ કરવામાં આવ્યો હતો રાષ્ટ્રગાન સાથે કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતુ

# થોરાળાના કારચાલક યુવાનનો જાતે છરીનો ઘા ઝીંકી આપઘાત

## બે દીકરીના બાપને નશો કરી પત્ની સાથે રકઝક થતાં પોતાના હાથે જ પગલું ભરી લેતા પરિવારમાં શોકનું મોજુ ફેલાયું

**અબતક રાજકોટ**

રાજકોટમાં ઈકો ગાડી ચલાવી ગુજરાન ચલાવતા ડ્રાઈવર યુવાને મોડી રાત્રે નશાની હાલતમાં પોતાના પેટમાં છરી નો ઘા ઝીકી લેતા ગંભીર ઈજાઓને કારણે બે ભાન થઇ ઢળી પડેલા યુવાનને સારવાર મળે તે પહેલા તેનું મોત નિપજ્યું હતું.આ અંગે પ્રાપ્ત વિગત મુજબ થોરાળા પોલીસ મથક ની હદમાં ભાવનગર રોડ પર આવેલ મેરામણ બાપાની વાડી વિસ્તારમાં રહેતા ઈકો કાર ચાલક સિકંદર ભાઈ હુસેનભાઈ જુણેજા ૩૫ ગઈકાલે મોડી રાત્રે ૧૨/૩૦ કલાકે ઘેર આવ્યા બાદ



પોતાના રૂમમાં જઈને કોઈ કારણોસર પત્ની સાથે ઝઘડી પડ્યો હતો ,અને આવેશ માં આવી છરીનો એક ઘા પોતાની છાતીમાં ઝીંકી લેતા લોહી લુહાણ થઈને ઘરમાં જ ઢળી પડ્યો હતો,

પોતાની નજર સામે જ લોહી લુહાણ થઈનેઢળી પડેલા પતિને જોઈને સિકંદરની પત્નીએ બૂમાબૂમ કરીને આખા ઘરને બેલાવતા સિકંદર ના પિતા હુસેનભાઈ અને પરિવારજનોએ તાત્કાલિક બેભાન હાલતમાં સરકારી હોસ્પિટલમાં દાખલ કર્યો હતો

બેભાન હાલતમાં સિવિલમાં સારવાર દરમિયાન સિકંદર ને મોડી રાત્રે ૨/૦૮ કલાકે મૃત જાહેર કર્યો હતો.

સિકંદર ના પિતા હુસેનભાઈ નિવૃત્ત હોય, બે ભાઈઓમાં નાનો સિકંદર ઈકો ગાડી ચલાવતો હોવાનું અને તેને બે નાની બાળકીઓ હોવાનું પારિવારિક સૂત્ર એ જણાવ્યું હતું.

દારૂ પીવાની ટેવ ધરાવતા સિકંદર એ ગઈકાલે રાત્રે ઘેર આવી ઝઘડો કર્યો હતો અને આવેશ માં આવી પોતે જ પોતાના હાથે જ પોતાની જાતને છરી મારી મૃત્યુ પામ્યો હતો સિકંદર જુણેજા ના આ પગલાથી પિતા સહિતના પરિવારજનો ભાંગી પડ્યા હતા આ અંગે થોરાળા પોલીસે તપાસ હાથ ધરીછે

### સિકંદર અગાઉ હત્યાના કેસમાં જેલવાસ ભોગવી ચૂક્યો

થોરાળા ના મેરામણ બાપાની વાડી વિસ્તારમાં રહેતા અને પોતાના હાથે છરી થી આપઘાત કરનાર સિકંદર ના હાથે સાથે બેસી દારૂ પીવાના વ્યવહાર ધરાવતા મિત્ર ભુપત નામના યુવાનની હત્યા થઈ ગઈ હતી , આ કેસમાં સિકંદર જુનેજા પાંચ વર્ષ જેલમાં રહી આવ્યો હતો અને નિર્દોષ છૂટ્યો હતો પારિવારિક સૂત્રોએ જણાવ્યું હતુ

## વરસાદ આવે છે લાઈટ જાય છે

# પીજીવીસીએલ દ્વારા કસ્ટમર કેર સેન્ટરના નંબર જાહેર

**અબતક રાજકોટ**

આગામી ચોમાસાની ઋતુને ધ્યાનમાં રાખીને, વીજ વિક્ષેપ, વીજ ફોલ્ટ, શોર્ટ સર્કિટ અને કોઈપણ જાનહાનિના બનાવોને ટાળવા માટે તમારી જાગૃતતા અને તાત્કાલિક સહકાર અત્યંત આવશ્યક છે. વીજ પ્રવાહ સાતત્યપૂર્ણ પૂરો પાડી શકાય તે માટે, કોઈપણ સમસ્યા જણાય તો તાત્કાલિક ફરિયાદ નોંધાવવા વિનંતી છે.ચોમાસા દરમિયાન વીજ લાઈન, થાંભલા કે અન્ય કોઈ વીજ ઉપકરણોથી દૂર રહેવું. જો કોઈ ખામી જણાય તો તાત્કાલિક ઉપરોક્ત નંબર પર જાણ કરવી કસ્ટમર કેર સેન્ટર દ્વાર ફરિયાદ

તમે ડ્રસ્ટ્ઈક વીજળી હેલ્પલાઈનના કસ્ટમર ૧૮૦૦૨૩૩૧૯૪૪ અને ૧૯૧૨૨ કેર સેન્ટરના ટોલ-ફ્રી નંબરો તમારી ફરિયાદ નોંધાવી શકો છો:

સામાન્ય પૂછપરછ માટે ૦૨૮૧-૨૩૮૦૪૨૭ (કામકાજના દિવસોમાં સવારે ૧૦:૩૦ થી સાંજે ૬:૧૦)તેમજ તમે પાવર સંબંધિત કોઈપણ ફરિયાદ વોટ્સએપના માધ્યમથી ૯૫૧૨૦૧૯૧૨૨નોંધાવી શકો છો:તમારા સબ-ડિવિઝનના ફોલ્ટ સેન્ટર પર ફરિયાદ: તમારા વીજ બિલમાં દર્શાવેલ સબ-ડિવિઝનના ફોલ્ટ સેન્ટર પર સીધો સંપર્ક કરીને ફરિયાદ નોંધાવી શકો

### રાજકોટ શહેર અંતર્ગત ફોલ્ટ સેન્ટરના નંબરો

| નં. | વિભાગીય કચેરીનું નામ | પેટા વિભાગીય કચેરીનું નામ | ફોન નંબર | મોબાઈલ નંબર |
|---|---|---|---|---|
| ૧ | શહેર વિભાગ - ૧ | પ્રહલાદપ્લોટ સબડિવિઝન | ૨૨૨૫૫૬૦ | ૯૬૮૭૬૩૩૬૯૨ |
| ૨ | શહેર વિભાગ - ૧ | મીલપરા સબડિવિઝન | ૨૨૨૫૫૬૦ | ૯૬૮૭૬૩૩૭૧૩ |
| ૩ | શહેર વિભાગ - ૧ | કોઠારિયારોડ સબડિવિઝન | ૨૨૩૨૯૨૮ | ૯૬૮૭૬૩૩૭૧૫ |
| ૪ | શહેર વિભાગ - ૧ | સોરઠીયાવાડી સબડિવિઝન | ૨૨૩૩૧૫૮ | ૯૬૮૭૬૩૩૭૧૮ |
| ૫ | શહેર વિભાગ - ૧ | આજી - ૧ સબડિવિઝન | ૨૭૦૬૦૧૨ | ૯૯૨૫૨૦૯૭૬૮ |
| ૬ | શહેર વિભાગ - ૧ | રણછોડનગર સબડિવિઝન | ૨૭૦૧૧૬૫ | ૯૬૮૭૬૩૩૭૧૭ |
| ૭ | શહેર વિભાગ - ૧ | આજી-ઈન્ડ. સબડિવિઝન | ૨૩૮૪૪૫૩ | ૯૬૮૭૬૩૩૭૧૪ |
| ૮ | શહેર વિભાગ - ૧ | મોરબી રોડ સબ ડિવિઝન | ૯૯૨૫૨૧૫૭૧૭ | ૬૩૫૭૩૨૭૩૪૮ |
| ૯ | શહેર વિભાગ - ૨ | બેડીનાકા સબડિવિઝન | ૨૪૭૭૬૧૮ | ૯૯૨૫૨૦૯૭૭૭ |
| ૧૦ | શહેર વિભાગ - ૨ | લક્ષ્મીનગર સબડિવિઝન | ૨૩૬૦૩૩૩ | ૯૯૨૫૨૦૯૭૮૬ |
| ૧૧ | શહેર વિભાગ - ૨ | મહિલાકોલેજ સબડિવિઝન | ૨૪૭૧૪૧૧ | ૮૮૨૫૨૦૮૭૮૦ |
| ૧૨ | શહેર વિભાગ - ૨ | પ્રધુમનનગર સબડિવિઝન | ૨૪૭૭૩૯૭ | ૯૯૨૫૨૦૯૭૮૨ |
| ૧૩ | શહેર વિભાગ - ૨ | ઉદ્યોગનગર સબડિવિઝન | ૨૩૬૬૧૩૪ | ૯૯૨૫૨૦૯૭૭૯ |
| ૧૪ | શહેર વિભાગ - ૩ | માધાપર સબડિવિઝન | ૨૨૨૨૪૭૩ | ૯૯૨૫૨૦૯૭૯૯ |
| ૧૫ | શહેર વિભાગ - ૩ | રૈયારોડ સબડિવિઝન | ૨૫૮૩૭૩૨ | ૮૦૮૮૦૪૭૭૦ |
| ૧૬ | શહેર વિભાગ - ૩ | કાલાવડ રોડ સબડિવિઝન | ૨૫૮૫૬૪૪ | ૯૯૨૫૨૦૯૭૮૧ |
| ૧૭ | શહેર વિભાગ - ૩ | મવડી રોડ સબડિવિઝન | ૨૩૧૨૮૨૩ | ૯૯૨૫૨૦૯૭૭૩ |
| ૧૮ | શહેર વિભાગ - ૩ | વાવડી સબડિવિઝન | ૨૩૧૧૬૮૧ | ૯૯૨૫૨૦૯૭૬૫ |
| ૧૯ | શહેર વિભાગ - ૩ | નાનામવા સબડિવિઝન | ૨૩૬૦૧૧૪ | ૯૯૨૫૨૦૯૭૮૩ |
| | ખોખડદળ સબ ડિવિઝન | | - | ૬૩૫૭૦૮૪૮૬૮ |
| ૨૧ | શહેર વિભાગ - ૩ | મોટામવા સબ ડિવિઝન | - | ૬૩૫૭૩૭૩૪૧૬ |

# માલધારી ફાટક નજીકથી મોબાઈલ પર ક્રિકેટ સટ્ટો રમતા રજનીશ ભૂત ઝડપાયો

## મહેશ આસોદરીયા નામના બુકીએ આઈડી આપ્યાનો ક્રાઈમ બ્રાન્ચની તપાસમાં ખુલાસો : શોધખોળ

**અબતક, રાજકોટ**

શહેરના ગોંડલ રોડ પર માલધારી ફાટક પાસેથી ક્રાઈમ બ્રાન્ચની ટીમે મોબાઈલ આઈડી મારફત ક્રિકેટ સટ્ટો રમી રહેલા કોઠારીયાના શખસને ઝડપી લીધો હતો. આ શખસની પૂછતાછ કરતા આઈ.ડી આપનાર તરીકે મહેશ આસોદરીયાનું નામ ખૂલ્યું હતું. જેથી પોલીસે તેને ઝડપી લેવા તપાસ હાથ ધરી છે. ક્રાઈમ બ્રાન્ચના હેડ કોન્સ્ટેબલ દિપકભાઈ ડાંગર અને કનકસિંહ સોલંકી તથા ઉમેશભાઈ ચાવડા પેટ્રોલિંગમાં હતા દરમિયાન મળેલી બાતમીના આધારે ગોંડલ રોડ પર માલધારી ફાટકથી અંદર સાંઈબાબા ચોક સંબલપુર ઈન્ડસ્ટ્રીઝ એરિયામાં અજય ફોરજીગ નામના કારખાના વાળી શેરીમાં પાનની દુકાન પાસેથી એક શખસને મોબાઈલ પર શંકાસ્પદ પ્રવૃત્તિ કરતા ઝડપી લીધો હતો. પોલીસે આ શખસની પુછતાછ કરતા તેનું નામ રજનીશ ધીરૂભાઈ ભૂત(ઉ.વ ૩૮ રહે. કોઠારીયા) હોવાનું જણાવ્યું હતું. પોલીસે આ શખસના મોબાઈલની તપાસ કરતા તે ઓલ પેનલ ૭૭૭ નામની આઈડી મારફત ક્રિકેટ સટ્ટો રમતો હોવાનું માલુમ પડ્યું હતું. જેથી પોલીસે આરોપી પાસેથી રૂ.૧૦,૦૦૦ ની કિંમતનો આ મોબાઈલ ફોન કબજે કર્યો હતો. પોલીસે આ શખસને આઈડી બાબતે પૂછતા આ આઈડી તેને મહેશ આસોદરીયા (રહે. રાજકોટ) એ આપી હોવાનું જણાવ્યું હતું. જેથી પોલીસે બંને સામે ગુનો નોંધી આઈડી આપનાર મહેશ આસોદરિયાને ઝડપી લેવા તપાસ હાથ ધરી છે.

(પહેલા પાનાનું ચાલું)

### ચીન યુધ્ધ વિમાનો

જાહેરમાં દર્શાવવામાં આવ્યું હતું. ભારતીય વાયુસેનાના ભૂતપૂર્વ ફાઈટર પાઈલટ અને સંરક્ષણ વિશ્લેષક ગ્રુપ કેપ્ટન (નિવૃત્ત) અજય અહલાવતે કહ્યું છે કે આ ચિંતાજનક સમાચાર છે. તેમણે વધુમાં કહ્યું કે પાકિસ્તાનને જે ૩૫ મળવાથી ભારતમાં ચિંતા વધશે. ગ્રુપ કેપ્ટન અહલાવતે કહ્યું, ‘‘આ ચિંતાજનક સમાચાર છે. સ્વતંત્રતા પછી, ભારતે ઓછામાં ઓછા ખરીદી ક્ષેત્રમાં પાકિસ્તાન પર પોતાનો પ્રભાવ જાળવી રાખવા માટે ખૂબ જ સંઘર્ષ કર્યો છે અને પાકિસ્તાની રંગોમાં જે-૩૫ નું કોઈપણ સંસ્કરણ આપણા માટે ચિંતાનું કારણ બનશે. આ ચિંતાજનક છે.‘‘ તેમણે કહ્યું, ‘‘તે આશ્ચર્યજનક નથી કે પાકિસ્તાન ચીન પાસેથી ફાઈટર જેટ મેળવી રહ્યું છે. છ મહિનાથી વધુ સમયથી, પાકિસ્તાનના ફાઈટર જેટ પાઈલટ્સ ચીનમાં છે અને તાલીમ લઈ રહ્યા છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે પાકિસ્તાન ચીન પાસેથી જે જેટ મેળવવા જઈ રહ્યું છે તે એફસી-૩૧ છે અને તે જે-૩૫ નું નબળું સંસ્કરણ છે. જો કે, કોઈ પણ દેશ બીજા દેશને ફાઈટર જેટનું સંપૂર્ણ સંસ્કરણ આપતું નથી.‘‘

### ચૂંટણી ખર્ચ...

પક્ષોએ રૂ. ૩,૩૫૨.૮૧ કરોડનો ખર્ચ કર્યો, જેમાં રાષ્ટ્રીય પક્ષોનો હિસ્સો રૂ. ૨,૨૦૪ કરોડથી વધુ હતો, જે કુલ ખર્ચના ૬૫.૭૫% છે. આ ચૂંટણીમાં પક્ષોએ કુલ રૂ. ૭,૪૪૫.૫૬ કરોડનું ભંડોળ એકત્ર કર્યું હતું, જેમાં રાષ્ટ્રીય પક્ષોએ ૯૩.૦૮% ભંડોળ મેળવ્યું હતું. ચૂંટણી પ્રચાર અને પ્રવાસ ખર્ચ એ મુખ્ય ખર્ચના ક્ષેત્રો હતા. પક્ષોએ પ્રચાર અને પ્રમોશનલ પ્રવૃત્તિઓ પર સંયુક્ત રીતે રૂ. ૨,૦૦૮ કરોડ ખર્ચ્યા હતા, જે કુલ જાહેર ખર્ચના ૫૩% થી વધુ છે. પ્રવાસ ખર્ચ રૂ. ૭૯૫ કરોડ હતો, જેમાંથી રૂ. ૭૬૫ કરોડ (૯૬.૨૨%) સ્ટાર પ્રચારકોના પરિવહન પાછળ ખર્ચાયા હતા. આ ઉપરાંત, પક્ષોએ તેમના ઉમેદવારોને રૂ. ૪૦૨ કરોડનું વિતરણ કર્યું, રૂ. ૧૩૨ કરોડ વર્ચ્યુઅલ પ્રચાર માટે અને રૂ. ૨૮ કરોડ ઉમેદવારોના ગુનાહિત ઈતિહાસને પ્રકાશિત કરવા માટે ખર્ચ્યા. એડીઆરએ નોંધ્યું કે કેટલાક પક્ષો, જેમ કે આમ આદમી પાર્ટી અને ભાજપ, તેમના ખર્ચના અહેવાલો સમયસર સબમિટ કરવામાં વિલંબ કર્યો હતો.

એડીઆરએ ચૂંટણી ખર્ચમાં પારદર્શિતાના અભાવ અંગે ચિંતા વ્યક્ત કરી છે. અહેવાલ તૈયાર કરતી વખતે, રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી, ભારતીય કમ્યુનિસ્ટ પાર્ટી, ઝારખંડ મુક્તિ મોરચા અને શિવસેના સહિત ૨૧ પક્ષોના ખર્ચના નિવેદનો ચૂંટણી પંચની વેબસાઈટ પર ઉપલબ્ધ નહોતા. રસપ્રદ વાત એ છે કે, જમ્મુ અને કાશ્મીર પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટી અને કેરળ કોંગ્રેસ એ ચૂંટણીમાં ભાગ લેવા છતાં શૂન્ય ખર્ચ જાહેર કર્યો હતો. એડીઆરએ ભલામણ કરી છે કે ચૂંટણી ખર્ચ શક્ય હોય ત્યાં સુધી ચેક, ડિમાન્ડ ડ્રાફ્ટ અથવા આરટીજીએસ દ્વારા કરવામાં આવે અને ચૂંટણી પંચ રાજકીય પક્ષોના ખર્ચ પર નજર રાખવા માટે નિરીક્ષકોની નિમણૂક કરે, જેમ તે વ્યક્તિગત ઉમેદવારો માટે કરે છે.

### વિદ્યાર્થીઓની વતન વાપસી...

છૂટ આપી ત્રણ ચાર્ટર ફ્લાઈટની મંજૂરી આપી છે. ઈરાનની રાજધાની તેહરાનથી વિદ્યાર્થીઓને મશહદ ખસેડવામાં આવ્યા હતા, જ્યાંથી તેઓ સુરક્ષિત રીતે ભારતમાં લાવવામાં આવ્યા. ઈરાનના ડેપ્યુટી ચીફ ઓફ મિશન હોસેનીએ જણાવ્યું કે અમે ભારતીયોને પોતાના લોકો જેવી જ લાગણીથી જોઈએ છીએ અને તેમનો માર્ગ સુરક્ષિત બનાવવાનો પૂરો પ્રયાસ કરી રહ્યા છીએ.

વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર આગામી દિવસોમાં વધુ ફ્લાઈટ્સનું આયોજન થશે. તેહરાનથી કોમ અને પછી મશાદ ખસેડવામાં આવેલા લગભગ ૧૦૦૦ ભારતીયોને ત્રણ ચાર્ટર ફ્લાઈટમાં નવી દિલ્હી ખસેડવામાં આવશે. પહેલી ફ્લાઈટ આજે રાત્રે નવી દિલ્હી એરપોર્ટ પર આવી છે, અને આજે વધુ બે ફ્લાઈટ્સ ભારત પરત ફરશે. તીવ્ર તણાવ થી ઓપરેશન સિંધુ તાત્કાલિક રીતે શરૂ કરવામાં આવ્યું હતું અને તેની સફળતા ભારત સરકારની કાર્યક્ષમતા અને પૂર્વ તૈયારીનો પુરાવો છે.

### વધુ એક પ્લેનનું મે ડે...

એરપોર્ટ (કેઆઈએ) પર ઈમરજન્સી લેન્ડિંગ કરાવવું પડ્યું હતું.

આ ઘટના ગુરુવારે સાંજે બની હતી જ્યારે ગુવાહાટીથી સાંજે ૪.૪૦ વાગ્યે ઉડાન ભરેલી આ ફ્લાઈટે સાંજે ૭.૪૫ વાગ્યે ચેન્નઈમાં લેન્ડિંગ કરવાનો પ્રયાસ કર્યો હતો. લેન્ડિંગ ગિયર રનવેને સ્પર્શી ગયા પછી, પાયલોટે 'બાલ્કડ લેન્ડિંગ' એટલે કે 'ફરીથી ચઢાણ' કરવાનો નિર્ણય લીધો. આ ઘટનાથી વાકેફ એક સૂત્રએ જણાવ્યું હતું કે, ‘‘બેંગલુરુ એરપોર્ટથી લગભગ ૩૫ માઈલ દૂર, કેપ્ટને 'મેડે' કોલ કર્યો.‘‘ સૂત્રએ ઉમેર્યું હતું કે આ એક 'અસ્થિર અભિગમ' જેવું લાગતું હતું. એક મુસાફરે જણાવ્યું કે અચાનક અને તીવ્ર ચઢાણને કારણે ઘણા મુસાફરો તેમની સીટની ધાર પર ઊભા હતા અને કેટલાક ડરી ગયા હતા. એરપોર્ટ અને એટીસીના સૂત્રોએ પુષ્ટિ કરી કે પાયલોટે બીજો અભિગમ અપનાવ્યો ન હતો અને સીધા બેંગલુરુ જવાનું નક્કી કર્યું.

કેઆઈએના સૂત્રો અનુસાર, ‘‘દુ:ખનો કોલ મળ્યા પછી, એટીસી એ ગ્રાઉન્ડ સ્ટાફને ચેતવણી આપી, જેઓ તરત જ કાર્યવાહીમાં લાગી ગયા. તબીબી અને અગ્નિશામક સેવાઓના કર્મચારીઓ સ્થળ પર હાજર હતા.‘‘ વિમાન રાત્રે ૮.૨૦ વાગ્યે સુરક્ષિત રીતે બેંગલુરુમાં ઉતર્યું હતું. એક સૂત્રએ જણાવ્યું હતું કે બંને પાયલોટ્સને રોસ્ટરમાંથી દૂર કરવામાં આવ્યા છે, પરંતુ ઈન્ડિગોએ આ માહિતીની પુષ્ટિ કરવાનો ઈનકાર કર્યો હતો. એરલાઈન્સે દાવો કર્યો હતો કે ચેન્નઈ એરપોર્ટ પર ટ્રાફિક જામને કારણે ફ્લાઈટને બેંગલુરુ વાળવામાં આવી હતી, જોકે ચેન્નઈ એટીએસ દ્વારા આ દાવાને ખોટો ઠેરવવામાં આવ્યો હતો. એક સૂત્રએ જણાવ્યું કે ‘‘એવું લાગે છે કે 'ફરીથી ચઢાણ' કર્યા પછી વિમાનમાં ફરજિયાત લઘુત્તમ ડાયવર્ઝન ઈંધણ નહોતું.‘‘ ઈન્ડિગોએ પાયલોટે 'મેડે' કોલ કર્યો હતો કે નહીં તેની પુષ્ટિ કરવાનો ઈનકાર કર્યો. રાત્રે ૮.૨૦ વાગ્યે બેંગલુરુમાં ઉતરાણ કર્યા પછી, ક્રૂએ જાહેરાત કરી કે ફ્લાઈટ રિફ્યુઅલિંગ પછી ચેન્નઈ જવા રવાના થશે. પાયલોટ્સના એક અલગ સમૂહે વિમાનને ચેન્નઈ ઉડાવ્યું, જ્યાં તે રાત્રે ૧૧.૨૫ વાગ્યે સુરક્ષિત રીતે ઉતર્યું. આ ઘટનાએ વિમાન સુરક્ષા પ્રોટોકોલ અને પાયલોટની તાલીમ અંગે પ્રશ્નો ઉભા કર્યા છે.

### સરકારી હોસ્પિટલો...

અને કોન્ટ્રાક્ટ ડોક્ટર ધૈવત શુક્લાનો સમાવેશ થાય છે. આ ત્રણેય ડોકટરોએ કથિત રીતે ફાર્માસ્યુટિકલ કંપનીઓ પાસેથી રૂ.૧૭ કરોડથી રૂ. ૨૦ કરોડ તેમના અંગત અને કૌટુંબિક ખાતાઓમાં જમા કરાવ્યા હતા. કેટલાક કિસ્સાઓમાં, પૈસા અસંબંધિત વ્યક્તિઓના ખાતામાં પણ જમા થયા હતા.

આ કૌભાંડ ચાંદખેડાના કોંગ્રેસ કાઉન્સિલર રાજશ્રી કેસરીએ ફરિયાદ નોંધાવ્યા બાદ પ્રકાશમાં આવ્યું હતું, જેમાં ડોકટરો ગેરકાયદેસર ટ્રાવેલ કરીને ખાનગી બેંક ખાતાઓમાં પૈસા જમા કરાવતા હોવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. પ્રાથમિક તપાસ બાદ, મ્યુનિસિપલ કમિશનરે ૧૯ એપ્રિલના રોજ પાંચ સભ્યોની એક વિશેષ તપાસ પેનલની રચના કરી હતી. જોકે, પેનલના એક સભ્યની વિશ્વસનીયતા પર પ્રશ્નો ઊભા થતાં, એએમસીના ઈન્ચાર્જ આરોગ્ય અધિકારી ડો. ભાવિન સોલંકીને સમિતિમાં સામેલ કરવામાં આવ્યા હતા. આ તપાસ એએમસીના વિજિલન્સ વિભાગના વડા હિના ભઠાવાલાએ સંભાળી હતી. અગાઉ, ડો. રાણા સહિત આઠ ડોકટરોને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા, અને નિવૃત્ત હોસ્પિટલ સુપરિન્ટેન્ડેન્ટને નોટિસ પાઠવવામાં આવી હતી.

તપાસ અહેવાલ મુજબ, ચાર વર્ષના સમયગાળામાં, ૫૮ ફાર્માસ્યુટિકલ કંપનીઓએ ૫૦૦ થી વધુ દર્દીઓ પર વિવિધ અનિયંત્રિત રસી અને દવા ક્લિનિકલ સંશોધન હાથ ધર્યા હતા. આ કંપનીઓએ કાયદેસર રીતે રૂ. ૧૭ થી રૂ. ૨૦ કરોડ ચૂકવ્યા હતા, પરંતુ તેમાંથી એક પણ રૂપિયો હોસ્પિટલના સત્તાવાર ખાતામાં પહોંચ્યો ન હતો. તેના બદલે, આ રકમ ડો. પટેલ, ડો. રાણા, ડો. શુક્લા, તેમના જીવનસાથીઓ અને પરિવારના એચ યુ એફ ખાતાઓમાં જમા કરવામાં આવી હતી. કેટલીક ચૂકવણી કથિત રીતે રોકડમાં પણ કરવામાં આવી હતી. આ ક્લિનિકલ ટ્રાયલ્સ એએમસી, હોસ્પિટલના મેનેજમેન્ટ બોર્ડ અથવા મેડિકલ એજ્યુકેશન ટ્રસ્ટ પાસેથી મંજૂરી મેળવવાને બદલે ખાનગી નૈતિક સમિતિની મંજૂરીનો ઉપયોગ કરીને હાથ ધરવામાં આવ્યા હતા.

અહેવાલમાં વધુમાં જણાવાયું છે કે આ ટ્રાયલ્સને લગતા દસ્તાવેજો કાં તો ખરાબ રીતે જાળવવામાં આવ્યા હતા અથવા જાણી જોઈને છુપાવવામાં આવ્યા હતા. ડો. પટેલે હોસ્પિટલના ખાતામાં રૂ. ૬ કરોડ જમા કરાવવાનો દાવો કર્યો હોવા છતાં, સમિતિને આ દાવાને સમર્થન આપતા કોઈ દસ્તાવેજો મળ્યા નથી. આ કૌભાંડ દર્દીઓની સુરક્ષા, તબીબી નીતિશાસ્ત્ર અને નાણાકીય પારદર્શિતાના ગંભીર ઉલ્લંઘનો સૂચવે છે, જેના પર હવે કમિશનર દ્વારા કાર્યવાહી કરવામાં આવશે.

(ચોથા પાનાનું ચાલુ)

### મોદી સ્કૂલ

ઘડતર કરવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે મોદી બોર્ડિંગ સ્કૂલ આશીર્વાદરૂપ છે. બોર્ડિંગ સ્કૂલનું શાંત વાતાવરણ, શિક્ષણ માટેનું શ્રેષ્ઠ આયોજન, રીડીંગ લાઈબ્રેરી તથા ડાઉબ્ટ ચેમ્બર, મોબાઈલ તથા સોશ્યલ મિડીયાનાં દૂષણોથી દૂર કુદરતિ અને શાંત વાતાવરણ તથા સક્ષમ વિદ્યાર્થીઓ વચ્ચેની હરિફાઈ વગેરેના કારણે સૌરાષ્ટ્રભર તથા ગુજરાતભરનાં વિદ્યાર્થીઓને પોતાની ઉચ્ચ કારકિર્દીનાં ઘડતર માટેનો મજબૂત પાયો પૂરો પાડે છે. મોદી સ્કૂલનાં શ્રેષ્ઠ પરિણામ બદલ સ્કૂલનાં સંસ્થાપક ડો.આર.પી. મોદી, પારસભાઈ, હીતભાઈ તથા ધવલભાઈએ બધા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા છે તથા સારી કારકિર્દી બનાવીને સ્કૂલ તથા માતા-પિતાનું ગૌરવ વધારે તેવી શુભકામનાઓ પાઠવી છે.

(૧૧માં પાનાનું ચાલું)

### જૈન સમાજ...

સંઘ, શ્રી પ્રહલાદ પ્લોટ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, શ્રી યુનિવર્સિટી રોડ શ્વેતાંબર મૂર્તિ જૈન તપગચ્છ સંઘ, શ્રી પંચવટી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન તપગચ્છ સંઘ, શ્રી શાંતિનાથ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન તપગચ્છ સંઘ, શ્રી મણિયાર જૈન દેરાસર શ્રાવક શ્રાવિકા, શ્રી વિમલનાથ સ્વામી જૈન દેરાસર, શ્રી ગાંધીગ્રામ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, શ્રી વાસુપૂજ્ય સ્વામી જિનાલય, શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલય, શ્રી સિદ્ધચક્ર તપગચ્છ શ્વેતાંબર મૂર્તિપૂજક તપગચ્છ જૈન સંઘ, શ્રી રૈયારોડ શ્વેતાંબર મૂર્તિપૂજક તપગચ્છ જૈન સંઘ, શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક તપગચ્છ સંઘ ટ્રસ્ટ, શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ જિનાલય, શ્રી મુનિસુવ્રત સ્વામી જૈન દેરાસર - જય ધર્મ પ્રતાપ સ્મૃતિ ટ્રસ્ટ, જાગનાથ જિનાલય, રણછોડનગર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ પટણી દેરાસર, શ્રી આનંદનગર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, ટ્રસ્ટ, બાવન જિનાલય, શ્રી આનંદ મંગલ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ શ્રી જીરાવાલા પાર્શ્વનાથ જૈન દેરાસર, શ્રી રૈયા હિલ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, શ્રી શાંતિનાથ જિનાલય, શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાન મંદિર ટ્રસ્ટ, શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, શ્રી કુંદકુંદ કહાન પરિવાર યુવક મંડળ ટ્રસ્ટ, શ્રી મહાવીર સ્વામી દિગંબર જિન મંદિર, દિગંબર ગુરૂકુળ, તેરાપંથી સંપ્રદાય, શ્રમણસંઘના સભ્યો ઉપસ્થિત રહેશે.

### ચંદ્રકાંત શેઠ...

જીવનશૈલી અને મૂળભૂત મૂલ્યોનો ત્યાગ કર્યો નહોતો. રાજકીય વર્તુળો અને સામાન્ય જનતા, બંનેમાં તેઓ હંમેશા એક સહજ અને સુલભ નેતા તરીકે જાણીતા હતા.

ચંદ્રકાંત શેઠ વિજયભાઈ રૂપાણીએ લોકોના મનમાં કેવું સ્થાન બનાવ્યું હતું. તેમનું અવસાન થયું હોવા છતાં, તેમની છાપ એક જીવંત અને પ્રેરણાદાયક વ્યક્તિત્વ તરીકે જળવાઈ રહી છે. હજુ પણ લોકોમાં ભાવનાત્મક રીતે પડકારજનક છે, જે તેમના પ્રત્યેના ઊંડા પ્રેમ અને આદરને પ્રતિબિંબિત કરે છે.

### રોજગારી...

કરવામાં આવે છે. રોજગાર વિનિમય કચેરીઓ દ્વારા પ્રચારના વિવિધ માધ્યમો થકી ભરતી મેળાની વ્યાપક પ્રસિદ્ધિ કરવામાં આવે છે. ભરતી મેળાના દિવસે ઉમેદવારોની સ્થળ પર પસંદગી તેમજ આનુષાંગિક કામગીરીનું અમલીકરણ કરવામાં આવે છે.

(૧૨માં પાનાનું ચાલું)

### સૌ. પ્રો લીગ ...

ટુર્નામેન્ટને સફળ બનાવવામા સહભાગી દરેકનો આભાર માન્યો - જેમાં તમામ સરકારી વિભાગો, એસસીએ ના ઓફિસ બેરર્સ અને સ્ટાફ, ખેલાડીઓ, ફ્રેન્ચાઈઝીઓ, અરીવા સ્પોર્ટ્સ, અથાક મહેનત કરનાર ગ્રાઉન્ડ સ્ટાફ, સુરક્ષાકર્મીઓ, હાઉસકીપિંગ ટીમ, ટીવી પ્રોડક્શન પાર્ટનર, મુખ્ય સ્પોન્સર્સ અને સૌથી અગત્યના, બધા ઉત્સાહી ક્રિકેટ ચાહકોનો આભાર માન્યો હતો.

જેએમડી કચ્છ રાઈડર્સ ને પ્રમુખ જયદેવ શાહ અને નિરંજન શાહના હસ્તે રૂપિયા ૨૦ લાખ અને શાનદાર ચેમ્પિયન ટ્રોફી આપવામાં આવી, બીજા સ્થાને રહેલી અનમોલ કિંગ્સ હાલાર ને પણ રૂપિયા ૧૦ લાખનો ચેક આપીને તેમની લડાયક રમત અને ટુર્નામેન્ટ દરમિયાનના ઉત્કૃષ્ટ પ્રદર્શનને બિરદાવવામાં આવ્યું. આ ભવ્ય સમારોહ સૌરાષ્ટ્રમાં ક્રિકેટના ઉજ્જ્વળ ભવિષ્ય અને યુવા ખેલાડીઓને પ્રોત્સાહન આપનારો સાબિત થયો, જે ભવિષ્યમાં આવા અનેક ક્રિકેટ સ્ટાર્સને જન્મ આપશે.

### કોટેચા ગર્લ્સ હાઈસ્કુલ...

ડો.રાજુભાઈ કોઠારી, યોગેનભાઈ મહેતા તથા પ્રમુખ સૌરભભાઈ સંઘવી, સેક્રેટરી નીરવભાઈ વોરા પૂર્વ પ્રમુખ પ્રણવ તોરલ મહેતા સંગીની જૈન સોશિયલ ગ્રુપ રાજકોટ ડાઉનના પ્રમુખ કોમલબેન સંઘવી અને સેક્રેટરી કોમલબેન વોરા પણ ઉપસ્થિત રહ્યા હતા.

(છેલ્લા પાનાનું ચાલુ)

### યોગ દિને...

દિવસે યોગ સાધનામાં વિશાખાપટ્ટનમથી જોડાયા હતા અને દેશવાસીઓને મેદસ્વિતા મુક્તિ સાથે યોગ દ્વારા સ્વાસ્થ્ય-તંદુરસ્તીની પ્રેરણા આપતો સંદેશ આપ્યો હતો.

વડાપ્રધાનની વતનભૂમિ વડનગરમાં શર્મિષ્ઠા તળાવ, હાટકેશ્વર મહાદેવ મંદિર, તાના-રીરી ગાર્ડન, કીર્તિ તોરણ, પ્રેરણા સ્કૂલ, વડનગર રેલ્વે સ્ટેશન તથા વડનગર મ્યુઝિયમ, પ્રેરણા સ્ટ્રીટ, વોચ ટાવર, હાથી દેરાસર અને બી.એન.શાહ હાઈસ્કૂલ એમ ૧૧ આઈકોનિક સ્થળો પર યોગ અને સૂર્ય નમસ્કાર દ્વારા યોગ દિવસ ની ઉજવણી કરાય હતી.

જન-જનને યોગ સાથે જોડીને સ્વસ્થ-તંદુરસ્ત રહેવાનું જે આહવાન કર્યું છે તેને ૧૧માં વિશ્વ યોગ દિવસે સાકાર કરવા ગુજરાતે ગ્રામ્ય કક્ષાથી લઈને મહાનગરો સુધી જન ભાગીદારી સાથે યોગ કાર્યક્રમનું વ્યાપક આયોજન કરાયું હતુ.

૧૮,૨૨૬ ગ્રામ પંચાયતો અને ૨૫૧ તાલુકા પંચાયતો ખાતે પણ યોગ દિવસની ઉજવણીમાં લાખો લોકોને જોડવામાં આવ્યા હતા.

શાળા કોલેજોના છાત્રો પણ આ યોગ દિવસે ઉત્સાહપૂર્વક સહભાગી થાય તે માટે ૪૫ હજાર પ્રાથમિક શાળાઓ, ૧૨,૫૦૦ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તેમજ ૨૬૦૦ કોલેજ અને ૩ યુનિવર્સિટી મળી ૬૦,૧૦૦ સ્થળોએ શિક્ષકો-વિદ્યાર્થીઓ મળીને અંદાજે ૫.૭૩ લાખ લોકો યોગમય બન્યા હતા.

રાજ્યની ૨૮૭ ઔદ્યોગિક તાલીમ સંસ્થા, ૧૪૭૭ પી.એચ.સી., ૬૫૦૦ વેલનેસ સેન્ટર્સ, ૩૦ જેલ, ૩૩ પોલીસ હેડક્વાટર્સ અને ૧૧૫૨ પોલીસ મથકો ખાતે પણ યોગ દિવસ ઉજવવામાં આવશે. રાજ્યમાં ૧૦૦ જેટલા અમૃત સરોવરના સ્થળોએ પણ સામુહિક યોગ કાર્યક્રમ યોજાયા હતા.

૧૧મા આંતરરાષ્ટ્રીય યોગદિવસના ઉપલક્ષમાં વડનગરના સર્મિષ્ઠા તળાવ ખાતે ભુજંગાસનમાં નવો વર્લ્ડ રેકર્ડ પ્રસ્થાપિત થયો હતો.

### ગ્રામ પંચાયતો...

આપવા જનાર મતદારે ભારતના ચૂંટણી પંચે આપેલ મતદાર ઓળખપત્ર રજૂ કરવાનું રહેશે. અનિવાર્ય સંજોગોમાં જો મતદાર ઓળખપત્ર રજૂ ન કરી શકે તો રાજ્ય ચૂંટણી આયોગે નક્કી કરેલ ૧૪ પુરાવા પૈકી કોઈ એક ફોટો સાથેનો દસ્તાવેજી પુરાવો રજૂ કરી મતદાન કરી શકશે. આ ચૂંટણીમાં મતદાન મતપત્ર/મતપેટીઓથી લેવામાં આવશે.

જે મતદાન મથકો પર મતદાન થવાનું છે, તે પૈકી સંવેદનશીલ - અતિસંવેદનશીલ મતદાન મથકો છે તેવા મતદાન મથકો પર મતદારો નિર્ભયતાથી મતદાન કરી શકે તે માટે વધારાના પોલીસ ફોર્સ - પોલીસ પેટ્રોલીંગની પણ વ્યવસ્થા કરવામાં આવેલ છે.

રાજ્ય ચૂંટણી આયોગના તા.૧૭-૧૧-૨૦૨૧ના આદેશ મુજબ મતદાન બંધ કરવા માટે નિયત કરેલ કલાક સહિત પુરા થતા ૪૮ કલાકના સમયગાળા દરમ્યાન જાહેર સભા બોલાવવા, ભરવા તથા હાજર રહેવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યું છે.

સામાન્ય, વિભાજન, મધ્યસત્ર, પેટા ચૂંટણી હેઠળની ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ સંપૂર્ણપણે ન્યાયી, મુક્ત રીતે અને શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજાય તેવી નેમ વ્યક્ત કરતા રાજ્ય ચૂંટણી આયોગે રાજ્યના મતદારોને અભિયાનમાં સંપૂર્ણ સહયોગ આપવા અપીલ કરે છે. રાજ્ય ચૂંટણી આયોગ તથા જિલ્લાના ચૂંટણી તંત્રે સામાન્ય, વિભાજન, મધ્યસત્ર અને પેટા ચૂંટણીઓમાં મતદારો પોતાની પસંદગી મુજબ મતદાન કરી શકે તે માટે તથા શાંતિપૂર્વક, એખલાસભર્યા વાતાવરણમાં ચૂંટણી યોજાય તે માટે ચૂંટણી તથા પોલીસ તંત્રે પૂરતી વ્યવસ્થા કરી છે ત્યારે આ લોકતાંત્રિક પર્વનાં અભિયાનમાં આગેવાનો, ઉમેદવારો, મતદારો તથા જનતા સહયોગ આપશે.

### વિજયભાઈની વિદાય...

ભાજપ માટે કદી ન પુરાય તેવી ખોટ છે. સ્વ.વિજયભાઈના વ્યક્તિત્વને એક જ શબ્દોમા કહીએ તો સંગઠન સમાજ અને સરકારના પ્રતિનિધી એટલે સ્વ.વિજયભાઈ. સ્વ.વિજયભાઈએ ચરેવીતી ચરેવિતીના મંત્ર સાથે સોંપેલી દરેક જવાબદારી નિષ્ઠા પુર્વક નિભાવી. સ્વ.વિજયભાઈએ ગુજરાત પ્રદેશના અધ્યક્ષ તરીકેના કાર્યકાળમાં પક્ષને નવી દિશા આપવાનુ કામ કર્યુ. સ્વ.વિજયભાઈએ રાજકારણ અને સામાજીક ક્ષેત્રના દરેક તબક્કે લોકસેવાને પ્રાધાન્ય આપ્યુ છે. ગુજરાતના મુખ્યમંત્રી તરીકે રાજ્યના અવિરત વિકાસમા તેમનુ મહત્વપુર્ણ યોગદાન ગુજરાત ભાજપ હમેંશા યાદ રાખશે તેમની ચિરવિદાયથી ગુજરાતના રાજકીય અને સામાજીક જીવનમાં પુરી ન શકાય તેવી ખોટ પડી છે. સ્વ.વિજયભાઈના શોકમગ્ન પરિવારજનોને તથા દુર્ઘટનામાં જેમણે પોતાના સ્વજનો ગુમાવ્યા છે તે દરેક પરિવારજનોને દુઃખ સહન કરવાની ઈશ્વર શક્તિ આપે તેવી પ્રાર્થના.

કેન્દ્રિય જળશક્તિ મંત્રી તેમજ પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલે જણાવ્યું હતું કે દુર્ઘટનાગ્રસ્ત સ્વ.વિજયભાઈ રૂપાણી પણ આ વિમાનમા સવાર છે તેવી જાણ થઈ હતી અને કદાચ શબ્દ ખોટો પડે તે આત્મવિશ્વાસ સાથે કોઈ કહે પરંતુ હોનીને કોઈ ટાળી શકતુ નથી. જે બનાવ બન્યો ત્યારે સ્વ.વિજયભાઈ પણ આ જ વિમાનમા છે તેની જાણ થતા હ્રદયના ધબકારા બંધ થઈ જાય તેવા આચકો લાગ્યો. ગુજરાત ભાજપમાં વિવિધ પદની જવાબદારી સંભાળી છે અને દરેક ભૂમિકામા લોકો સાથે સંપર્ક વધાર્યા અને તેમની ક્ષમતા સાબિત કરી તેના કારણે તેમની અંતિમ યાત્રામા રાજકોટ સહિત ગુજરાતના લોકો પ્રાર્થનસભામાં જોડાયા છે તે બતાવે છે કે સ્વ.વિજયભાઈએ સૌને પ્રેમ આપ્યો અને મેળવ્યો છે. આજે સ્વ.વિજયભાઈના પરિવાર આપણી સાથે છે અને આપણે સૌ તેમના પરિવારના સભ્યો છીએ. તે જ પથ પર આપણે પણ સેવાકીય કાર્ય કરીએ તો ખરા અર્થમા સ્વ.વિજયભાઈ રૂપાણીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી કહેવાશે. ભાજપને ક્યારેય પુરી નહી શકાય તેવી ખોટ પડી છે.

રાજસ્થાન મુખ્યમંત્રી ભજનલાલ શર્માજીએ શ્રદ્ધા સુમન પાઠવતા જણાવ્યું કે, આપણી વચ્ચે સતત કામ કરતા અને રાષ્ટ્રીય સ્વયંમ સેવક સંઘ અને વિદ્યાર્થી પરિષદના કાર્યકર્તા તરીકે ખૂબ કામ કર્યુ છે. સ્વ.વિજયભાઈ રૂપાણી સાથે મારો સંબોધ ઘણો જૂનો છે. મે એમની સાથે ઘણુ કાર્ય કર્યુ છે. તેમણે જે રીતે સેવાકીય કાર્ય કર્યુ છે. તેનાથી આજે ગુજરાત જ નહી પણ દેશ પણ તેમની ગેરહાજરી અનુભવશે. સ્વ.વિજયભાઈ રૂપાણીજીને ભાવભરી શ્રદ્ધાંજલિ અર્પણ કરૂં છું.

આ ઉપરાંત પ્રદેશ કાર્યાલય ખાતે સંતો-મહંતો, રાજ્ય સરકારના મંત્રીઓ, પ્રદેશ પદાધિકારીઓ, સાંસદઓ, ધારાસભ્યો સહિત હોદ્દેદારો, સામાજિક આગેવાનો અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓએ ઉપસ્થિત રહી દિવંગતો અને સ્વ.વિજયભાઈને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા.

### વિસાવદર વિધાનસભા...

પાર્ટીના ઉમેદવાર ગોપાલ ઈટાલીયા એ આક્ષેપ અને ફરિયાદ કરી હતી, દરમિયાન ચૂંટણીના જનરલ ઓબ્ઝર્વર તથા રિકેરિંગ અધિકારી દ્વારા રિપોર્ટ પણ કરવામાં આવેલ જે અનુસંધાને ચૂંટણી પંચ દ્વારા આ બંને મતદાન મથકો ઉપર પુનઃ મતદાન કરવામાં આવે તેઓ નિર્ણય લેતા આજે તા. ૨૧ જુનના રોજ આ બંને મતદાન મથકો ઉપર ફરી મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. સાંજ સુધી મતદાન યોજાશે.

આ માટે જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેકટર અનિલ વારાસણીયાના માર્ગદર્શન નીચે ચૂંટણી પ્રક્રિયાને લગતી તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે. બીજી બાજુ પોલીસ તંત્ર દ્વારા પણ બંને મતદાન મથકો ઉપર જડબેસલાક બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો આજે મતદાન પૂર્ણ થયા બાદ આગામી સોમવારે મતગણતરી હાથ ધરવામાં આવશે.

# શાપર-વેરાવળ પોલીસે ખોવાયેલા ૧૦ મોબાઈલ મૂળ માલિકોને પરત અપાવ્યા

## મોબાઈલ પરત મળતા અરજદારોએ પોલીસ નો આભાર માન્યો

**અબતક રાજકોટ**





શાપર વેરાવળ પોલીસ એ પોણા બે લાખની કિંમતમાં ખોવાયેલા દસ મોબાઈલ મુળ માલિકને પરત કરાવતા મોબાઈલ મેળવનાર અરજદારોએ પોલીસનો આભાર માનયો હતો.રાજકોટ જિલ્લાના તમામ પોલીસ મથકમાં આવતા લોકોને શક્ય તેટલી મદદ કરી ખોવાયેલી વસ્તુઓ પરત અપાવવા ના રાજકોટ પોલીસ મહા નિરીક્ષક અશોકકુમાર યાદવ, અને ગ્રામ્ય પોલીસ અધિક્ષક હિમકર સિંહ ના આદેશના પગલે શાપર વેરાવળ પોલીસ દ્વારા મોબાઈલ ચોરીઓની અરજીઓની તપાસ કરી ટેકનીકલ માહિતી અને હ્યુમન સોર્સ સીઈઆઈ આર પોર્ટલ ની મદદથી અલગ અલગ કંપનીના કિંમતી ૧૦ મોબાઈલ નો રૂપિયા પોણા બે લાખ નો મુદ્દામાલ મૂળ માલિકને પરત કરાવતા મોબાઈલ પાછા મેળવનાર લોકોએ પોલીસનો આભાર માન્યો હતો આ કામગીરીમાં શાપર વેરાવળ પીઆઈ આર બી રાણા અને ટીમના દિવ્યરાજસિંહ સરવૈયા, મયુર સિંહ જાડેજા, જયદીપસિંહ વાઘેલા, વિરમભાઈ ભીંભા, લગધીરસિંહ જાડેજા, અલ્પેશભાઈ ડામશિયા, વિમલભાઈ વેકરીયા, મનસુખભાઈ ચૌહાણ, દિવ્યેશભાઈ શામળા, જગસીભાઈ ઝાલા એ જહેમત ઉઠાવી હતી.

## દુ:ખદ અવસાન

**સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના**

### ઉપલેટા સરદાર ફર્ટીલાઈઝર વાળા બારૈયાના પિતાનું અવસાન: સોમવારે બેસણું



**ઉપલેટા:** જાણીતા ખાતરના વેપારી સરદાર ફર્ટીલાઈઝર વાળા અને નગરપાલિકાના ચેરમેન શૈલેષભાઈ, સંજયભાઈના પિતા, ભાદાભાઈ અળશીભાઈ બારૈયા (ઉ.વ.૬૯) તે જાનીબેનના પતિ, ઈલાબેનના સસરા, અચ્યુતના દાદાનું તા. ૨૦ ને શનિવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૨૩ ને સોમવારે સાંજે ૪ થી ૬ બારૈયા પરિવાર ખોડીયાર મંદિર વિક્રમ ચોક ઉપલેટા મુકામે રાખેલ છે.

**રાજકોટ:** રાજકોટ નિવાસી મોઢ ત્રિવેદી બ્રાહ્મણ શૈલેન્દ્રભાઈ ચંદ્રશંકરભાઈ ત્રિવેદી ( ઉ.વ. ૭૫ ) પન્નાબેન(બેબીબેન) ના પતિ , વૈદિક,વિહાન ના દાદા, પીનાકભાઈ એચ. ત્રિવેદી ના કાકા, દ્રષ્ટીબેન પી. ત્રિવેદી ના કાકાજી સસરા નું તા.૨૦ શુક્રવારના રોજ અવસાન થયેલ છે.સદગતનુ બેસણું તા.૨૩ સોમવારના સાંજે ૪ થી ૬ કલાકે શ્રી સોમનાથ મહાદેવના મંદિર,ગૌરવપાર્ક, એ.જી. હાઉસીંગ સોસાયટી, કાલાવડરોડ પાસે રાજકોટ રાખેલ છે

**કોટડાસાંગાણી:** મચ્છુ કઠીયા સઈ સુથાર જ્ઞાતિ દરજીસ્વ. મંગળાબેન મગનભાઈ સોલંકી (ઉ.વ. ૮૬) જે સ્વ. મગનભાઈ લાધાભાઈ સોલંકી ના પત્ની, રાજેશભાઈ, વિનોદભાઈ, સ્વ.ઈન્દુબેન, ગં.સ્વ.ઉષાબેન ના માતા, જોશનાબેના વર્ષાબેન ના સાસુ, ધર્મેશભાઈ, જયદીપભાઈ, મમતા, જલ્પા, ખૂશ્બૂ ના દાદી, શીતલબેન, માધવીબેન ના દાદી સાસુ નુ ૨૦ ના રોજ અવસાન પામેલ છે. સદગત બેસણું તા. ૨૩ ના સાંજે ૪ થી ૬ દરમિયાન પંચનાથ મહાદેવ મંદિર, ગોંડલ રોડ, કોટડા સાંગાણી ખાતે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

### ગુજરાતમાં અત્યાધુનિક રોડ નેટવર્કનું નિર્માણ

# ગુજરાતમાં રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ૯૩ હજાર કરોડના ખર્ચે મજબૂત બનશે

## નમોશક્તિ અને સોમનાથ-દ્વારકા એક્સપ્રેસ વે મહત્વના ઔદ્યોગિક અને પ્રવાસન સ્થળોને જોડશે

**અબતક, રાજકોટ**

રાજ્યના સર્વાંગી વિકાસ માટે મહત્વપૂર્ણ એવા રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત અને વિશ્વસ્તરીય બનાવવાનો પાયો તત્કાલીન મુખ્યમંત્રી અને દેશના હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નાખ્યો હતો. તેમણે વિઝનરી આયોજનથી રાજ્યના માર્ગોને આધુનિક ટેકનોલોજીથી સજ્જ કરીને રાજ્યના વિવિધ વિસ્તારો સુધી કનેક્ટિવિટીનો વ્યાપ વધાર્યો હતો. આ વિકાસયાત્રાને આગળ લઈ જતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્યમાં સમયની માંગને અનુરૂપ વિશ્વસ્તરીય રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર નિર્માણનું આયોજન કરવામાં આવ્યું છે. આ માર્ગોના નિર્માણથી ગુજરાતનું રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફ્યુચર રેડી બની જશે અને રાજ્ય સહિત દેશની અર્થવ્યવસ્થામાં નોંધપાત્ર યોગદાન આપશે.




### ઉ. ગુજરાત અને સૌરાષ્ટ્રના આર્થિક વિકાસ થશે વ્યાપક

આ વર્ષે રાજ્યના બજેટમાં બે ગ્રીનફીલ્ડ એક્સપ્રેસ વે નિર્માણ કરવાની જાહેરાત કરવામાં આવી છે. આ બે એક્સપ્રેસ વે છે (અ) નમોશક્તિ અને (બ) સોમનાથ - દ્વારકા એક્સપ્રેસ વે. અંદાજિત ₹ ૩૬,૧૨૦ કરોડના ખર્ચે નમોશક્તિ એક્સપ્રેસ વે ડીસાથી પીપાવાવ સુધી નિર્માણ કરવામાં આવશે, જેની લંબાઈ ૪૩૦ કિ.મીની હશે. બીજી તરફ સોમનાથ-દ્વારકા એક્સપ્રેસ વે કુલ ૬૮૦ કિ.મીનો હશે જે અંદાજિત ₹૫૭,૧૨૦ કરોડના ખર્ચે નિર્માણ પામશે, જેનાથી અમદાવાદ, રાજકોટ અને દ્વારકાની આસપાસના વિસ્તારો માટે ની કનેક્ટિવિટી સુગમ બનશે.

### બન્ને એક્સપ્રેસ વે ૧૩ જિલ્લામાંથી પસાર થશે, રાજ્યની ૪૫ ટકા વસ્તીને ફાયદો

આ બન્ને એક્સપ્રેસ વે એક અભૂતપૂર્વ રોડ નેટવર્કનું નિર્માણ કરશે જેનો ફાયદો રાજ્યના ૧૩ જિલ્લાને થશે. બન્ને એક્સપ્રેસ વે અમરેલી, બોટાદ, સુરેન્દ્રનગર, પાટણ, બનાસકાંઠા, અમદાવાદ, રાજકોટ, મોરબી, જામનગર, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જુનાગઢ અને ગીર સોમનાથમાંથી પસાર થશે અને રાજ્યની આશરે ૪૫ ટકા વસ્તીને તેનો ફાયદો મળશે. આ ૧૩ જિલ્લા કેન્દ્રોમાં થી આ એક્સપ્રેસ વે પર પહોંચવા માટે એક કલાક કરતા પણ ઓછો સમય લાગશે.

આ બે પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ રાજ્યમાં એક ભવ્ય રોડ નેવટર્કનું નિર્માણ થશે અને નાગરિકોને ૮,૦૦૦ કિ.મીથી વધુના ૪-૬ લેન હાઈવે ઉપલબ્ધ થશે.

### સૌરાષ્ટ્રના ઉદ્યોગો માટે વ્યૂહાત્મક પોર્ટ કનેક્ટિવિટી

આ બન્ને એક્સપ્રેસ વે રાજ્યના મહત્વપૂર્ણ બંદરો સુધી સીધી અને ઝડપી કનેક્ટિવિટી પ્રદાન કરશે અને ગુજરાતને ભારતના અન્ય પ્રદેશો સાથે પણ મજબૂતી સાથે જોડશે. આ કનેક્ટિવિટી શરૂ થવાથી ટ્રાફિકના ભારણમાં ઘટાડો થશે અને પ્રદૂષણને ઘટાડવામાં પણ મદદરૂપ થશે. અમદાવાદ-રાજકોટ એક્સપ્રેસ-વે મુખ્ય ઔદ્યોગિક અને ઉત્પાદન કોરિડોર તરીકે સ્થાપિત થશે

મહત્વપૂર્ણ બાબત એ છે કે આ એક્સપ્રેસ વે ધોલેરા-મુંબઈ ઈન્ડસ્ટ્રીઅલ કોરિડોરના ઈન્ફલુઅન્સ એરિયામાંથી પસાર થાય છે. પરિણામે અમદાવાદ-રાજકોટ એક્સપ્રેસ વે એક મુખ્ય ઔદ્યોગિક અને ઉત્પાદન કોરિડોર તરીકે ઉભરી આવશે. લોજિસ્ટિક્સ અને સપ્લાય ચેઈનમાં કાર્યક્ષમતા વધવાથી સાણંદના સમૃદ્ધ ઔદ્યોગિક ક્ષેત્રને ફાયદો થશે. આ કનેક્ટિવિટીથી રાજકોટના ટૂલ્સ અને મશીન ઉપકરણોનું ઉત્પાદન કરતા એકમોને પણ ફાયદો થશે. સુરેન્દ્રનગરમાં ખજખઊત ને આ મુખ્ય શહેરો સાથે સુગમ જોડાણ મળશે. તે સિવાય ઉત્તર ગુજરાતમાં પાલનપુર અને ડીસા જેવા વિસ્તારોમાં કૃષિ સંબંધિત વ્યવસાયિક અને આર્થિક પ્રવૃત્તિઓને પણ વેગ મળશે.

# જિલ્લાની વિકાસ વાટિકાનું કલેક્ટરના હસ્તે વિમોચન

**જિલ્લા વિકાસ વાટિકા પુસ્તકમાં જિલ્લાની એક વર્ષની વિકાસ ગાથાઓ દર્શાવી**



**અબતક, રાજકોટ**

જિલ્લા સમાહર્તા પ્રભવ જોશીના હસ્તે જિલ્લાની એક વર્ષની વિકાસ ગાથાઓને દર્શાવતી જિલ્લા વિકાસ વાટિકા પુસ્તિકાનું વિમોચન કરવામાં આવ્યું હતું. આ પુસ્તિકામાં રાજકોટ જિલ્લામાં વર્ષ ૨૦૨૪ દરમિયાનમાં વિવિધ વિભાગો દ્વારા કરવામાં આવેલા વિકાસના વિવિધ આયામોને દર્શાવવામાં આવ્યા છે.

આ વિકાસ વાટિકાનું નિર્માણ પ્રાદેશિક માહિતી કચેરી રાજકોટના સંયુક્ત માહિતી નિયામક મિતેશ મોડાસીયાના માર્ગદર્શન હેઠળ પ્રાદેશિક માહિતી કચેરીના કર્મચારીઓની જહેમતથી કરવામાં આવ્યું છે.

આ વિમોચન પ્રસંગે અધિક નિવાસી કલેકટર એ.કે.ગૌતમ, નાયબ માહિતી નિયામક પ્રશાંત ત્રિવેદી, સહાયક માહિતી નિયામક સર્વઓ સોનલબેન જોષીપુરા, પ્રિયંકાબેન પરમાર, રાધિકાબેન વ્યાસ તથા કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજ્યભરમાં ઉનાળુ મગની ટેકાના ભાવે ખરીદી શરૂ

## ૨૩૪૦૦ ખેડૂતોએ ટેકાના ભાવે મગ વેચવા રજીસ્ટ્રેશન કરાવ્યું

**અબતક, રાજકોટ**

રાજ્યભરમાં આજથી ટેકાના ભાવે ઉનાળુ મગની ખરિદી શરૂ કરવામાં આવશે. ૨૩૪૦૦ ખેડૂતોએ ટેકાના ભાવે મગના વેચાણ માટે નોંધણી કરાવી છે.

ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ માટે મગ પાક માટે ટેકાનો ભાવ રૂ.૮,૬૮૨ પ્રતિ ક્વિન્ટલ જાહેર કરવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૨૪-૨૫માં ગુજરાતમાં ઉનાળુ મગનું કુલ વાવેતર ૫૬ હજાર હેકટરમાં થયું હતું. ઉનાળુ મગની ટેકાના ભાવે ખરીદી માટે રાજ્ય સરકાર દ્વારા નિયુકત રાજ્ય નોડલ એજન્સીઓ દ્વારા નોંધણી કરાવેલા ખેડૂતો પાસેથી ૯૩ જેટલા ખરીદ કેન્દ્રો પરથી આજથી ટેકાના ભાવે ખરીદી શરૂ કરવામાં આવશે.

ટેકાના ભાવે ઉનાળુ મગના વેચાણ માટે નાફેડના ઈ-સમૃધ્ધિ પોર્ટલ પર રાજ્યના કુલ ૨૩,૪૮૮ ખેડૂતોએ નોંધણી કરાવી છે. નોંધણી કરાવેલા તમામ ખેડૂતોને એસએમએસ મારફતે જાણ કરવામાં આવશે. તે પ્રમાણે નિયત કરવામાં આવેલા ખરીદી કેન્દ્ર ખાતે ખેડૂતોએ પોતાની જણસી સાથે ઉપસ્થિત રહેવાનું રહેશે. ખેડૂતો પાસેથી આજથી ટેકાના ભાવે ઉનાળુ મગની ખરીદી શરૂ કરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, અનિવાર્ય સંજોગોના કારણે તા.૧૪ જૂને મોકુફ રખાયેલી ઉનાળુ મગના ટેકાના ભાવની ખરીદી આજથી શરૂ કરાય છે.

# શહેર ભાજપ કાર્યાલય ખાતે સોમવારે પ્રાર્થના સભા: વિજયભાઈને પૂષ્પાંજલી અર્પણ કરાશે

**અબતક, રાજકોટ**

અમદાવાદ વિમાન દુર્ઘટનામાં અવસાન પામેલ તમામ દિવંગતો અને પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને શ્રધ્ધાંજલી આપવા માટે શહેર ભાજપ કમલમ કાર્યાલય ખાતે તા. ૨૩/૬ સોમવારને સવારે ૧૦ કલાકે રાજકોટ શહેર ભાજપ દ્વારા પ્રાર્થનાસભાનું આયોજન કરવામાં આવેલ છે. વધુમાં શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દવેએ જણાવ્યું હતું કે વિજયભાઈની આમ અચાનક વસમી વિદાય થવાથી ભારતીય જનતા પાર્ટી અને રાજકોટ શહેરને કાયમી ખોટ પડશે. વિજયભાઈએ તેમના મુખ્યમંત્રીના કાર્યકાળ દરમ્યાન રાજકોટ શહેરને ઘણી બધી ભેટો આપી હતી. જેમાં એઈમ્સ હોસ્પિટલ, હીરાસર આંતરરાષ્ટ્રીય વિમાન મથક, ટ્રાફીકની સમસ્યાના કાયમી નિવારણ માટે પાંચ જેટલા ઓવરબ્રીજ, રાજકોટનો મુખ્ય પ્રશ્ન એવો પીવાના પાણીની સમસ્યાને કાયમી સ્વરૂપે નિરાકરણ લાવતી સૌની યોજના પણ તેમના ભવિષ્યના વિઝનને આભારી છે. વિજયભાઈ રૂપાણી વિધાર્થી પરિષદના કાર્યકર્તાથી મુખ્યમંત્રી સુધીની રાજકીય સફરમાં હંમેશા પક્ષની વિચારધારાને વફાદાર અને સમર્પિત રહયા છે. તેઓ હંમેશા રાષ્ટ્રભાવનાને સર્વોચ્ચ શિખરે લઈ જવામાં માનતા હતા. તેઓએ તેમનું મુખ્યમંત્રી પદ પણ એક જ સેકન્ડમાં છોડીને તેમની ભારતીય જનતા પાર્ટી પ્રત્યેની વફાદારી અને સમર્પિતતાનું ઉત્તમ ઉદાહરણ છે. વિજયભાઈ રૂપાણીના રાજકીય અને સામાજીક અવિસ્મરણીય છે. રાજકોટ શહેર ભાજપ પરિવાર દ્વારા વિજયભાઈ તેમના પ્રત્યેની ભાવ વંદના અને શ્રધ્ધાંજલી અર્પણ કરવા રાજકોટ શહેર ભાજપ દ્વારા પ્રાર્થનાસભાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રાર્થનાસભામાં વિજયભાઈ રૂપાણી પરિવારના સભ્યો ઉપસ્થિત રહેશે. આ પ્રાર્થનાસભામાં રાજકોટ શહેર ભાજપના તમામ શ્રેણીના હોદ્દેદારો અને કાર્યકર્તાઓ તેમજ શહેરના નાગરિકોને ઉપસ્થિત રહી વિમાન દુર્ઘટનામાં અવસાન પામેલા તમામ દિવંગતો અને લોકલાડીલા નેતા આદરણીય વિજયભાઈને શ્રધ્ધાંજલી આપવા શહેર ભાજપ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# રાજકોટ નાગરિક સહકારી બેંક સભાસદોના સંતાનોને શૈક્ષણિક પુરસ્કાર સ્કોલરશીપ આપશે

**અબતક, રાજકોટ**

રાજકોટ નાગરિક સહકારી બેંક લિ. દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ સભાસદોના સંતાનોને શૈક્ષણિક પુરસ્કાર અને સ્કોલરશીપ આપવામાં આવશે અને તે માટેના ફોર્મનું વિતરણ કાર્ય શરૂ થયું છે.

બેંકના ચેરમેન દિનેશભાઈ પાઠકે જણાવ્યું હતું કે 'માર્ચ-૨૦૨૫માં લેવાયેલી ધો. ૧૦, ધો. ૧૨ની પરીક્ષામાં બેંકના સભાસદોનાં સંતાનો કે સભાસદ, જેઓએ એ-૧ અને એ-૨ ગ્રેડ મેળવેલા છે તેઓને શૈક્ષણિક પુરસ્કાર આપવામાં આવશે. આવી જ રીતે માર્ચ ૨૦૨૫માં લેવાયેલ ધો. ૧૨ની પરીક્ષામાં ઉર્તીણ થયેલા હોય, તેવા વિદ્યાર્થીઓ સ્કોલરશીપ યોજનાનો પણ લાભ મેળવી શકશે. તેમાં એ-૧ અને એ-૨ ગ્રેડ મેળવેલ વિદ્યાર્થીઓ અને માન્ય ગણાશે. આર્થિક રીતે પછાતની કેટેગરીમાં, સરકારમાન્ય અધીકારીનાં આર્થિક રીતે પછાત હોવાના દાખલાની ઝેરોક્ષ જોડવાની તથા આ યોજનાનો સભાસદ પરિવારજનો મહત્તમ લાભ મેળવે તેવી અપીલ કરવામાં આવી છે.

સમગ્ર પ્રોજેક્ટ માટે બેંકના પ્રોજેકટ ચેરમેન સી.એ. ભૌમિકભાઈ શાહ અને પ્રોજેક્ટ ડિરેકટર નવિનભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ કામગીરી થઈ રહી છે.

આ માટેનાં નિયત ફોર્મનું વિતરણ શરૂ થયું છે. ફોર્મ રાજકોટ શહેરની અને બહારગામની તમામ શાખાઓથી મેળવી શકાશે. ફોર્મમાં સંપુર્ણ વિગતો ભરી પરત આપવાની અંતિમ તા. ૧૯ જુલાઈ ૨૦૨૫ને શનિવાર સુધીમાં સવારના ૧૧ થી ૪ દરમિયાન પરત કરી શકાશે. સંપુર્ણ વિગતો સાથે ફોર્મ બહારગામમાં જે તે શાખામાં અને રાજકોટ શહેરમાં રાજકોટ નાગરિક સહકારી બેંક લિ., હેડ ઓફિસ, 'અરવિંદભાઈ મણીઆર નાગરિક સેવાલય', સેક્રેટરી વિભાગ, ચોથો માળ, ૧૫૦ ફુટ રીંગ રોડ, રૈયા સર્કલ પાસે, રાજકોટ ખાતે પરત આપવાના જણાવાયું છે. અત્રે ખાસ ઉલ્લેખનીય છે કે બેંક દ્વારા ૧૦ વર્ષથી ૧૮ વર્ષ સુધીના માયનોર બાળકોના બચત ખાતા ખોલી નિયત રકમનાં વ્યવહાર સાથે સ્વતંત્ર રીતે બેંકિંગ કરવાની સુવિધા આપવામાં આવે છે. તેમની જ સહીથી ચેક લખી શકાય છે. આમ, બાળકોમાં બાળપણથી જ બેંક વ્યવહાર સાથે બચતની ટેવ કેળવી શકાય છે. માયનોર બાળકોની પોતાની સહીથી ખાતામાં વ્યવહાર થાય તેવી સુવિધા આપનાર ગુજરાતની સર્વપ્રથમ સહકારી બેંક છે.

# મોરબી-વાંકાનેર કાલની ત્રણેય ડેમુ ટ્રેન રદ

**અબતક, રાજકોટ**

મોરબી અને વાંકાનેર વચ્ચે દૈનિક ધોરણે ચાલતી ડેમુ ટ્રેનની તમામ ત્રણ ટ્રિપ ૨૨મી જૂનના રોજ રદ કરવામાં આવી છે. રેલવે વિભાગે આપેલી માહિતી મુજબ આ નિર્ણય તકેદારીના ભાગરૂપે લેવાયો છે, અને યાત્રીઓની સુરક્ષા તથા લાઈન પર નિર્ધારિત કાર્યને ધ્યાનમાં રાખીને ટ્રેન સેવા અટકાવવામાં આવી છે. સવારે, બપોરે અને સાંજે ચાલતી ત્રણેય ટ્રિપો યથાક્રમ બંધ રહેશે, જેના કારણે દરરોજ રેલવે દ્વારા મુસાફરી કરતાં હજારો યાત્રીઓને અસર થશે. રેલવે અધિકારીઓએ યાત્રીઓને આગાહ રાખવા અને અન્ય વિકલ્પો માટે સ્થળીય સૂચનાઓનું પાલન કરવા વિનંતી કરી છે. મુસાફરી પૂર્વે ટ્રેન સમયપત્રક અને સેવાઓ અંગે તાજેતરની માહિતી મેળવવા પણ સૂચવાયું છે.

મોરબી વાંકાનેર વચ્ચે ચાલતી ૩ ડેમુ ટ્રેન ટેક્નિકલ કારણોસર બંધ રાખવામાં આવી છે. જેમાં, પ્રથમ ટ્રેન સંખ્યા ૭૯૪૪૯ વાંકાનેર - મોરબી ડેમુ જેનો પ્રસ્થાન સમય સવારે ૧૯:૦૦ વાગ્યે, ત્યારબાદ ટ્રેન સંખ્યા ૭૯૪૪૮ મોરબી - વાંકાનેર ડેમુ જેનો પ્રસ્થાન સમય ૨૦:૦૦ વાગ્યે, અને તૃતીય ટ્રેન સંખ્યા ૭૯૪૫૧ વાંકાનેર - મોરબી ડેમુ જેનો પ્રસ્થાન સમય ૨૧:૩૦ વાગ્યે છે.

આ તમામ ટ્રેન રદ કરવામાં આવી છે. જેને અનુસંધાને તમામ યાત્રીઓને આ માહિતી અંગે પૂર્વ નોંધ લેવા રેલવે વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું છે.

# કોઠારીયામાં યુવાને ઘરમાં જ ગળેફાંસો ખાય કર્યો આપઘાત

## યુવાનના અચાનક અંતિમ પગલાંથી પરિવારજનો દિગ્મૂઢ

**અબતક, અમદાવાદ**

શહેરમાં આત્મહત્યાનો બનાવો માં ચિંતાજનક રીતે વધારો થતો હોય તેમ રોજ બરોજ યુવાનોના આપઘાત ના બનાવ નોંધાઈ રહ્યા છે.જેમાં કોઠારીયા ગામે યુવાને ઘરમાં જ ગળેફાંસો ખાય આપઘાત કરી લેતા પરિવારમાં શોકનું મોજુ ફેલાયું છે.

વધુ વિગત મુજબ શહેરના કોઠારીયા વિસ્તારમાં મીરા ઉદ્યોગ પાસે રામ પાર્ક શેરી નંબર ૪ માં રહેતા જગદીશભાઈ રાયધનભાઈ ડવ ૪૦ એ દશ રાત્રે દસેક વાગે પરિવારજનો નિત્યક્રમ મુજબ સુવાની તૈયારી કરી રહ્યા હતા ત્યારે પોતાના રૂમમાં જઈ જગદીશભાઈ ડવે છત પર દોરી બાંધી ગળે ફાંસો ખાઈ લીધો હતો.પરિવારજનો એ તાત્કાલિક ૧૦૮ બોલાવતા ડોક્ટરોની ટીમે જગદીશભાઈ ને તપાસી મૃત જાહેર કર્યા હતા, જગદીશભાઈ એ આ પગલું શા માટે ભરી લીધું છે તે માટે પરિવાર પણ અસમંજસમાં છે આ અંગે આજી ડેમ પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ જે કે કુરિયા એ તપાસ હાથ ધરી છે

# પ્લેન ક્રેશ બાદ DGCAએ એર ઈન્ડિયાને ત્રણ અધિકારીઓને બરતરફ કરવાનો આદેશ

## ડ્રીમલાઈનર અને એરબસ એરક્રાફટનું વિશે તપાસ શરૂ છે, બ્લેક બોક્સની પ્રારંભિક માહિતી પણ એકત્રિત કરવામાં આવી રહી છે

**અબતક, અમદાવાદ**

અમદાવાદમાં ૧૨ જૂને થયેલી વિમાન દુર્ઘટના બાદ દુર્ઘટનાની તપાસન કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. એવામાં ભારતની નાગરિક ઉડ્ડયન નિયામક સંસ્થા એ એર ઈન્ડિયાને કહ્યું કે, તે આ વિમાન દુર્ઘટનામાં ગંભીર સુરક્ષાના ઉલ્લંઘનના કારણે ત્રણ કર્મચારીઓને તાત્કાલિક ધોરણે બરતરફ કરે. આ આદેશ ૧૨ જૂને સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી ઉડાન ભર્યાની થોડી જ મિનિટો બાદ બોઈંગ ૭૮૭-૮ ડ્રીમલાઈનર ક્રેશ થયાના થોડા દિવસો પછી આવ્યો છે, જેમાં ૨૭૦થી વધુ લોકોના મોત નિપજ્યા હતાં. આ દુર્ઘટના બાદ હાથ ધરવામાં આવેલી સઘન તપાસ દરમિયાન, ડીજીસીએ એર ઈન્ડિયાના ત્રણ કર્મચારીઓને તાત્કાલિક બરતરફ કરવા જણાવ્યું છે.ડીજીસીએ સુરક્ષાના ઉલ્લંઘનોની ગંભીરતાને ધ્યાને રાખીને એર ઈન્ડિયાને આદેશ કર્યો છે કે, આ કર્મચારીઓને તાત્કાલિક ધોરણે બરતરફ કરવામાં આવે. નોંધનીય છે કે, ડ્રીમલાઈનર અને એરબસ એરક્રાફટનું ખાસ નિરીક્ષણ ઝડપથી થઈ રહ્યું છે. આ વિશે તપાસ શરૂ છે. બ્લેક બોક્સની પ્રારંભિક માહિતી પણ એકત્રિત કરવામાં આવી રહી છે. પ્રાથમિક અનુમાન મુજબ, આ અકસ્માત એન્જિન, સ્લાઈડ, ફ્લેપ અથવા ટેકઓફ સંબંધિત કોઈ ટેકનિકલ ખામીને કારણે થયો હોઈ શકે છે. આ અગાઉ, નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલયએ ત્રણ એરબસ વિમાનોના ઈમરજન્સી ઉપકરણોની તપાસ કરવાની નિર્ધારિત તારીખથી વધુ સમય થયા પછી પણ ઉડાન ભરવા બદલ એર ઈન્ડિયાને સુરક્ષા નિયમોનું ઉલ્લંઘન કરવા માટે ચેતવણી આપી હતી.ડીજીસીએ એ આ મુદ્દાને ઉકેલવામાં ધીમી ગતિએ કામ કરવા બદલ પણ તેને ઠપકો આપ્યો હતો. આ મામલો મે મહિનામાં એર ઈન્ડિયાના ત્રણ એરબસ વિમાનોની તપાસ સાથે સંબંધિત છે.

# 'કોચિંગ સહાય યોજના' હેઠળ છેલ્લા પાંચ વર્ષમાં ૯,૨૨૯ વિદ્યાર્થીઓએ મળ્યો લાભ

## નીટ, જેઈઈ અને ગુજકેટ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે રૂ.૨૦ હજારની સહાય મળે છે

**અબતક, રાજકોટ**

ગુજરાત સરકારે 'સૌ ભણે, સૌ આગળ વધે' ના સૂત્રને સાકાર કરવા માટે વિવિધ શિક્ષણલક્ષી યોજનાઓ અમલી બનાવી છે. આ સૂત્રનો મુખ્ય ઉદ્દેશ્ય રાજ્યના દરેક વર્ગના વિદ્યાર્થીને ગુણવત્તાસભર શિક્ષણ પ્રાપ્ત થાય અને તેઓ પોતાના સપનાને સાકાર કરી દેશ અને દુનિયામાં પોતાનું અને પરિવારનું નામ રોશન કરી શકે તેવો છે. રાજ્યના છેવાડાના દરેક વર્ગના નાગરિકને યોગ્ય શિક્ષણ મળી રહે તેની દરકાર ગુજરાત સરકાર કરી રહી છે. અનુસૂચિત જાતિ તથા વિકસતી જાતિના વિદ્યાર્થીઓને નીટ, જેઈઈ,ગુજકેટ જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે 'કોચિંગ સહાય યોજના' હેઠળ અમલી બનાવાઈ છે. છેલ્લા પાંચ વર્ષમાં અનુસૂચિત જાતિ તથા વિકસતી જાતિના ૯,૨૨૯ વિદ્યાર્થીઓને આ યોજના હેઠળ લાભ આપવામાં આવ્યો છે. જે અંતર્ગત વિકસતી જાતિના ૮,૭૯૪ તથા અનુસૂચિત જાતિના ૪૩૫ વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષાઓની પુર્વ તૈયારી માટે સહાય આપવામાં આવી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન તથા સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ભાનુબેન બાબરીયાના નેતૃત્વમાં અનુસૂચિત જાતિ તથા વિકસતી જાતિના વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષાઓની પુર્વ તૈયારી માટે કોચિંગ સહાય યોજનામાં રૂ. ૨૦ હજારની સહાય ડીટીબી મારફતે વિદ્યાર્થીના બેંક ખાતામાં જમા કરાવવામા આવે છે. આ યોજના દ્વારા અનુસુચિત જાતિ તથા વિકસતી જાતિના વિદ્યાર્થીઓને ઉચ્ચ ગુણવત્તાવાળી કોચિંગ ઉપલબ્ધ થાય છે. વર્ષ ૨૦૨૫-૨૬ના બજેટમાં અનુસૂચિત જાતિ પ્રભાગ હેઠળ ત્રણસો વિદ્યાર્થીઓ માટે રૂ. ૬૦ લાખ તથા વિકસતી જાતિના ત્રણ હજાર વિદ્યાર્થીઓ માટે રૂ. ૭ કરોડની બજેટની જોગવાઈ કરવામાં આવી છે.

વિવિધની પરીક્ષાઓની પૂર્વ તૈયારી માટે તાલીમ સહાય આપવાની યોજના અંતર્ગત લાભ મેળવવા ઈચ્છુક વિદ્યાર્થીઓએ esamaj.kalyan.gujarat.gov.in પર રજિસ્ટ્રેશન કરી ઓનલાઈન અરજી કરવાની રહે છે. સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે આ યોજનાનો લાભ વિદ્યાર્થીઓને ફક્ત એક જ વાર મળવાપાત્ર છે. લાભ મેળવવા ઈચ્છુક અનુસૂચિત જાતિ તથા વિકસતી જાતિના વિદ્યાર્થીએ ધોરણ ૧૦માં ૭૦% કે તેથી વધુ ગુણ મેળવેલ હોય અને ધોરણ ૧૨ વિજ્ઞાનપ્રવાહમાં અભ્યાસ કરતા હોવા જરૂરી છે. આ યોજના હેઠળ વિકસતી જાતિના વિદ્યાર્થીના વાલીની આવક મર્યાદા રૂ. ૭ લાખ રાખવામાં આવી છે.

આ યોજનાનો લાભ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ અરજી સાથે જાતિ પ્રમાણપત્રની નકલ, ધોરણ ૧૦ની માર્કશીટની નકલ, વિદ્યાર્થી હાલ જે શાળામાં ધોરણ ૧૨ વિજ્ઞાનપ્રવાહમાં અભ્યાસ કરતા હોય તે અંગે શાળાનું બોનાફાઈડ પ્રમાણપત્ર, રહેઠાણનો પુરાવો, આધારકાર્ડની નકલ, વિદ્યાર્થીના બેંકની વિગતો તથા જે તે સંસ્થામાં ફી ભર્યાની પાવતીની નકલ સાથે અપલોડ કરવાની રહેશે.

આ યોજના અનુસૂચિત જાતિ તથા વિકસતી જાતિના વિદ્યાર્થીઓને તેમના સપનાની કારકિર્દી તરફ આગળ વધવા માટે મહત્વપૂર્ણ સહારો પૂરું પાડે છે. પાત્રતા ધરાવતા ઈચ્છુક વિદ્યાર્થીઓએ આ તકનો લાભ લઈને તેમના ભવિષ્યને ઉજ્જવળ બનાવવું જોઈએ.

# જયોતિષનો મુખ્ય આધાર નક્ષત્ર: આદ્રા નક્ષત્રનો કાલથી પ્રારંભ

## આદ્રાનો અર્થ ભીનું અને રસિક થાય, આ નક્ષત્ર ઉગ્ર હોવાથી તેનો રંગ લાલ હોય છે: આદ્રામાં ભગવાન આદિત્યનું આગમન અને તેનો સ્વામી શંકર છે

સંકલન: ઘનશ્યામભાઈ ઠકકર ગાયત્રી ઉપાસક - રાજકોટ

નક્ષત્ર એ ભારતીય ખગોળ અને જ્યોતિષ પદ્ધતિ અને તેની જાણકારીની એક આગવી અનોખી આપણા આર્ષદ્રષ્ટાઓની અદભૂત દેન છે. વૈદિક તથા મહાભારતના સમય સુધી ભારતીય જયોતિષ શાસ્ત્રમાં રાશિઓનું અસ્તિત્વ ન હતું એ સમયે ફકત નક્ષત્ર વિજ્ઞાન જ હતું અને એના આધારે ફળકથન થતું હતું. વ્યવહારમાં પણ કોઈ બાળક અતી તોફાની હોય તો આપણા વડવાઓ કહેતા, 'ભગવાન જાણે કયાં નખતર (નક્ષત્ર)માં જન્મ્યો છે.' કર્ણ પણ ભગવાન શ્રીકૃષ્ણને કહે છે આજકાલ મારા ગ્રહોની સ્થિતિ સારી નથી રોહિણ નક્ષત્ર થી મંગળને પીડિત કરે છે. જ્યારે મંગળ જયેષ્ઠા નક્ષત્રમાં વક્રી થઈ અનુરાધા નક્ષત્રથી યુતી કરે છે વિગેરે.

આમ જ્યોતિષનો મુખ્ય આધાર નક્ષત્ર ઉપર જ હતો. રાશિ તો ઈ.સ.ની પ્રારંભિક સદીમાં બેબીલોન દ્વારા ધીરે ધીરે દાખલ થઈ. એટલેસ્તો શ્રી લોકમાન્ય તિલકે પોતાના પુસ્તક 'ઓરાયન' 'મૃગમંડલ સબંધી પુસ્તકમાં લખ્યું છે કે, ભારતના નક્ષત્રોના જ્ઞાન સંબંધીનું વર્ણન વેદોમાં પણ છે. આ વિદ્યા બેબીલોન કે યુનાનથી ભારતમાં નથી આવી એ આના પરથી સહેજે સમજાય છે.

ટૂંકમાં રાશિ કરતાં નક્ષત્રની જ મહિમા અને મહત્તા છે જ્યારે રાશિનો એક સ્વામી હોય છે. પરંતુ એક રાશિમાં લગભગ ત્રણ નક્ષત્રોનો સમાવેશ થાય છે અને એનું જુદું જુદું ફળકથન થાય છે અને એટલે જ મેકસમુલરને પણ લખવું પડયું કે, ભારતવાસીઓ આકાશમંડળ અને નક્ષત્ર આદિમંડળમાં અન્ય દેશો પર આધારિત નથી પરંતુ તેઓ સ્વયમ આવિષ્કર્તા છે.



આટલી આછેરી નક્ષત્રોની મહત્તા અને મહિમા જાણ્યા બાદ આપણે 'આદ્રા' નક્ષત્રોનો આછેરો આસ્વાદ માણીએ.

દરેક નક્ષત્રોની પોતાની ખૂબીઓ અને ખામીઓ હોય છે. તેના વાહન અંગે પણ અનુભવના આધારે વિશેષ વરતારા અને ફળકથન હોય છે.

જૈનોમાં આ નક્ષત્રનો અદકેરો મહિમા છે. આ નક્ષત્રમાં સૂર્યનો પ્રવેશ થતા જૈનો આરોગ્યની દ્રષ્ટિએ કેરી અને જાંબુ ખાવાનું બંધ કરે છે.

આદ્રાનો અર્થ ભીનું અને રસિક થાય આમ તો આ નક્ષત્ર ઉગ્ર છે. એનો રંગ લાલ છે. અને એના સ્વામી શંકર છે. તંત્ર શાસ્ત્રમાં મારણકાર્યને આ સમયમાં શ્રેષ્ઠ ગણવામાં આવે છે.

એટલે જ અમાસ કે એકમના આ નક્ષત્ર હોય તો એને અષાઢી નોરતા જેવું મહત્વ આપવામાં આવે છે. આ નક્ષત્ર ઉગ્રની સાથે ઉત્પાદક પણ છે એને સૃષ્ટિ રચનાનો પાયો ગણવામાં આવે છે. અને એટલે જ ભીમ અગિયારસ અને વાવણી સાથે બાખૂબી વણી લેવામાં આવ્યું છે.

માનવીનું જીવન જળ છે અને જળની મહત્તા સમજાવવા ભીમ અગિયારસના નિર્જલા ઉપવાસ કરવાનું કહેવામાં આવ્યું છે.

આમ તો આ નક્ષત્ર મૃગમંડળનું એક સદસ્ય છે. જેમાં ચાર ચમકીલા તારા છે. ઉત્તર-પૂર્વ આદ્રા, ઉત્તર-પશ્ચિમ 'બેલોટ્રીકસ', દક્ષિણ-પશ્ચિમ 'રાઈગેલ' અને દક્ષિણ-પૂર્વ તારો 'મૃગપૂચ્છ' છે. આ નક્ષત્ર મિથુન રાશિમાં સમાય છે. આ મિથુન રાશિ પણ સૂચક છે. આ નક્ષત્રને ઝેરી નક્ષત્ર પણ કહે છે એટલે જ તંત્રશાસ્ત્રમાં આની અધિક મહત્તા છે.

આ નક્ષત્રનો આધિપતિ રાહુ છે ઉપયતિ ગુરુ છે. એટલે તંત્ર (મેલી) વિદ્યા માટે ઉત્તમ ગણાયું છે. જો કે કોઈ વિદ્યા મેલી ન હોય અને મેલી હોય એને મહાવિદ્યા ન કહેવાય.

વામનપુરાણમાં વિષ્ણુના વાળમાં આદ્રાનું સ્થાન બતાવવામાં આવ્યું છે. કહેવાય છે કે માનવીના પાપો એના વાળમાં રહે છે એટલે જ તીર્થસ્થાનમાં મુંડન કરવાની મહત્તા છે.

આદ્રાના પ્રથમ ચરણમાં આપણા શાસ્ત્રકારોએ ભૂમિખનન, તળાવ ખોદવા વિગેરે પર નિષેધ ફરમાવ્યો છે.

શાસ્ત્ર કથન અનુસાર આ સમય પૃથ્વીના રજસ્વાલાનો સમય ગણવામાં આવે છે આ સમય બાદ જ શુભ ફળની પ્રાપ્તિ થાય.

કહેવાય છે કે આસામમાં આવેલ કામખ્યા શક્તિપીઠમાં જ્યાં પથ્થરના રૂપમાં યોનીનું સ્થાપન છે જેને પટ કહેવાય તેને આ સમય દરમિયાન ત્રણ દિવસ લાલ કપડાનું આચ્છાદન કરવામાં આવે છે. આ સમયે અસંખ્ય તાંત્રિકો ત્યાં ઉપસ્થિત રહે છે. એમના માટે આ મહામુલો અવસર છે. એવી પણ લોકવાયકા છે કે, આ રજપ્રવાહથી લોહિત (લોહનાદ) નામક નદી પૂર્વ તરફના વહેણમાં વહે છે જે બ્રહ્મપુત્રાના નામે ઓળખાય છે.

'આદ્રા' સૂર્યમા શકિત ઉપાસનાનું અદકેરું મહત્વ છે. કહેવાય છે કે આદ્રા માં શરૂ કરેલું અનુષ્ઠાન શારદીય નવરાત્રીમાં પૂર્ણ કરવામાં આવે તો એનું અકલ્પ્ય ફળ મળે છે અને મનના મનોરથ ફળે છે.

# ડિપ્લોમાથી ડિગ્રી પ્રવેશ માટે પ્રોવિઝનલ મેરિટ લિસ્ટ તૈયાર: ૧૩૪૭૧ વિદ્યાર્થીનો સમાવેશ

## મંગળવાર સુધી મોક રાઉન્ડ માટે ચોઈસ ફિલિંગ કરી શકાશે, ૨૭મીએ મોક રાઉન્ડનું પરિણામ:૨૭મીથી ૩૦મી સુધી પહેલા રાઉન્ડ માટે ચોઈસ ફિલિંગ થશે

**અબતક, રાજકોટ**

ધો.૧૦ પછી ડિપ્લોમાથી ડિગ્રીમાં પ્રવેશ માટે લેવાયેલી પરીક્ષાનું પરિણામ જાહેર થયા પછી પ્રોવિઝનલ મેરિટ યાદી જાહેર કરી દેવાઈ છે. રાજયની કુલ ૩૦ યુનિવર્સિટીઓમાંથી ડિપ્લોમા ઈજનેરીના ૧૩૩૦૧ અને ફાર્મસીના ૧૦ મળીને કુલ ૧૩૪૭૧ વિદ્યાર્થીઓનો પ્રોવિઝનલ મેરિટ યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો છે.ડિપ્લોમાથી ડિગ્રીમાં પ્રવેશ માટે છેલ્લા બે વર્ષથી એન્ટ્રન્સ ટેસ્ટ લેવાનું શરૂ કરવામાં આવ્યું છે. જીટીયુ દ્વારા લેવાયેલી એકઝામનું પરિણામ તાજેતરમાં જાહેર કરી દેવામાં આવ્યું છે. આ પરિણામ બાદ પ્રવેશ સમિતિ દ્વારા હવે પ્રોવિઝનલ મેરિટ યાદી જાહેર કરવામાં આવી છે. આ યાદીમાં કુલ ૧૩૪૭૧ વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. પરીક્ષાનું પરિણામ જાહેર થયા બાદ સમિતિ દ્વારા રજિસ્ટ્રેશન કરવાની સૂચના આપવામાં આવી હતી. પ્રવેશ સમિતિ દ્વારા પ્રોવિઝનલ મેરિટ યાદી જાહેર કરવામાં આવ્યા બાદ મોક રાઉન્ડ માટે ચોઈસ ફિલિંગની જાહેરાત કરી દેવામાં આવી છે.વિદ્યાર્થીઓ આજ એટલે કે તા.૨૦મીથી લઈને ૨૪મી સુધી મોક રાઉન્ડ માટે ચોઈસ ફિલિંગ કરી શકશે. આ દિવસો દરમિયાન વિદ્યાર્થીઓ ચોઈસમાં ફેરફાર પણ કરી શકશે. આગામી ૨૭મી જૂનના રોજ મોક રાઉન્ડનું પરિણામ જાહેર કરવામાં આવશે.

હાલમાં જે પ્રોવિઝનલ મેરિટ યાદી જાહેર કરવામાં આવી છે તેમાં ડીડીસીઈટી ૨૦૨૫માં આપી હોય અને જે વિદ્યાર્થીઓના ડિપ્લોમા પરિણામ જાહેર થયા હોય તેવા તેમજ જે વિદ્યાર્થીઓને કોઈ બેકલોગ હોય અને જુલાઈ ૨૫મા ડિપ્લોમા પાસ થવાના હોય તેવા વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત વર્ષ ૨૦૨૫માં ડીડીસેટ આપી હોય અને અગાઉના વર્ષોમાં ગુજરાતમાંથી ડિપ્લોમા પાસ થયા હોય તેવા વિદ્યાર્થીઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. મહત્વની વાત એ કે, જે વિદ્યાર્થીઓએ ડીડીસેટ ૨૫ આપી હોય અને પ્રવેશ સમિતિના રજિસ્ટ્રેશન પછી મેરિટ નંબર ફાળવવામાં આવ્યો હોય તેવા વિદ્યાર્થીઓ કે જેઓ જુલાઈ ૨૫માં ડિપ્લોમા પાસ થવાના હોય તેમજ પ્રવેશ સમિતિના નિર્ધારિત કાર્યક્રમ મુજબ બે રાઉન્ડ સુધીમાં ડિપ્લોમાની પરીક્ષા પાસ કરી હોવી જરૂરી છે.

# વોર્ડ નં.૧નાં જન સેવા કાર્યાલયે ઈકેવાયસી અને મોબાઈલ નંબર લિંક માટે યોજાયો કેમ્પ

## કોર્પોરેટર ડો. હિરેન ખીમાણીયાની અધ્યક્ષતામાં નિઃશુલ્ક કેમ્પનો બહોળી સંખ્યામાં લીધો લાભ





**અબતક, રાજકોટ**

વોર્ડ નં.૧ના જાગૃત કોર્પોરેટર ડો. હીરેનભાઈ ખીમાણીયા દ્વારા જનસેવા કાર્યાલય ખાતે રાશનકાર્ડ ઈકેવાયસી આધાર કાર્ડ મોબાઈલ લીંક, પોસ્ટ વિમા યોજના સમૃધ્ધી યોજનાની નિઃશુલ્ક કેમ્પનું આયોજન કરેલ તેમાં વોર્ડ નં.૧ના લોકોએ મોટીસંખ્યામાં લાભ લીધેલ. આ કેમ્પમાં રાજકોટ શહેર ભાજપ પ્રમુખ માધવભાઈ દવે, પૂર્વ શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, સ્ટેન્ડીંગ ચેરમેન જૈમીનભાઈ ઠાકર, દંડક મનીષભાઈ રાડીયા વોર્ડ કોર્પોરેટર દુર્ગાબા જાડેજા, ડો.અલ્પેશભાઈ મોરઝરીયા, વોર્ડ ૧ પ્રભારી કાથડભાઈ ડાંગર, વોર્ડ પ્રમુખ જયરાજસિંહ જાડેજા, મહામંત્રી નાગજીભાઈ વરૂ, રાણાભાઈ ગોજીયા, લલીતભાઈ વાડોલીયા, રામભાઈ ગોજીયા, કાનાભાઈ ખાડાધર, જયદીપસિંહ જાડેજા, ગૌરવભાઈ મહેતા, સેજલબેન ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા.

બલિદાન દિવસે

# ભાજપ દ્વારા ડો.શ્યામાપ્રસાદ મુખરજીની પ્રતિમાને સોમવારે પુષ્પાંજલી અર્પણ કરાશે



**અબતક, રાજકોટ**

જનસંઘના સ્થાપક પ્રમુખ અને ભારતીય જનતા પાર્ટીના માર્ગદર્શક રાષ્ટ્રને સમર્પિત એવા પ્રખર રાષ્ટ્રભકત ડો. શ્યામાપ્રસાદ મુખરજીનો તા. ૨૩ જૂન સોમવારના રોજ બલિદાન દિવસ છે ત્યારે શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દવે, મહામંત્રી અશ્વિન મોલીયા, વિરેન્દ્રસિંહ ઝાલાએ જણાવ્યું હતું કે, ભારતીય જનસંઘના સ્થાપક ડો. શ્યામાપ્રસાદ મુખરજી એક રાજનિતિજ્ઞ, વિચારક અને દેશભકત હતા ત્યારે તા. ૨૩ જૂન આપણા માટે પ્રેરણાદાયક દિવસ છે.

ભારતીય જનસંઘના સ્થાપક ડો. શ્યામાપ્રસાદ મુખરજીનો બલિદાન દિવસ છે. દેશની એકતા અને અખંડિતતા બધાથી પર છે અને સમાજના વિવિધ તબકકાઓ વચ્ચે અલગ અલગ માપદંડ અપનાવવામાં ડો. શ્યામાપ્રસાદ મુખરજી તેના વચન પર હંમેશા અડગ રહ્યા કે, જમ્મુ-કાશ્મીર ભારતનું એક અવિભાજય અંગ છે, તેમણે સિંહગર્જના કરતાં કહ્યું હતું કે 'એક દેશમાં બે વિધાન, બે નિશાન અને બે પ્રધાન નહી ચાલે-નહી ચાલે'. ડો. શ્યામાપ્રસાદ મુખરજી એક અચ્છા શિક્ષણશાસ્ત્રી, ઉત્તમ વહીવટકર્તા, ઉત્તમ વકીલ, શ્રેષ્ઠ પાર્લામેન્ટેરીયન, આમૂલ દેશભકિતનું પ્રતિક હતા.

ભારતીય જનસંઘના આ સ્થાપક અધ્યક્ષે દેશ અને સમાજ હિતને જ કેન્દ્રમાં રાખી એક નવી જ રાજકીય સંસ્કૃતિ જન્માવી હતી, તેમણે કોઈ મુદ્દે કયારેય પણ રાજકીય સમાધાનો નહોતા કર્યા, સત્તાનો મોહ એમને કયારેય ડગાવી ન શકયો, તેમણે સ્વાર્થ માટે યથાર્થ સત્યનો કદી ભોગ નહોતો ચડાવ્યો. ત્યારે શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દવે, મહામંત્રી અશ્વિનભાઈ મોલીયા, વિરેન્દ્રસિંહ ઝાલાએ જણાવેલ કે ડો. શ્યામાપ્રસાદ મુખરજી કે જેણે કાશ્મીર માટે આપેલા બલિદાન દિવસને યાદ કરી આજની યુવા પેઢીને તેમના જીવનમાંથી પ્રેરણા મળે તેવી અભિવ્યકિત કરી તેમને શબ્દાંજલી અર્પણ કરી હતી.

'બલિદાન દિવસ' અંતર્ગત તા. ૨૩ જૂન સોમવારે સવારે ૮.૩૦ કલાકે તમામ બુથમાં ડો. શ્યામાપ્રસાદ મુખરજીના ફોટાને પુષ્પાંજલી અર્પણ કરાશે ત્યારબાદ સવારે ૯.૦૦ કલાકે શહેર ભાજપ દ્વારા ડો. શ્યામાપ્રસાદ મુખરજીને પુષ્પાંજલી કરવાનો કાર્યક્રમ રેસકોર્ષ ખાતે આવેલ ડો.શ્યામાપ્રસાદ મુખરજી આર્ટ ગેલેરીએ તેમની પ્રતિમાને પૂષ્પાંજલી અર્પણ કરવામાં આવશે, આ પુષ્પાંજલીના કાર્યક્રમમાં ભાજપની તમામ શ્રેણીના કાર્યકર્તાઓને ઉપસ્થિત રહેવા અનુરોધ કરતાં શહેર ભાજપ પ્રમુખ ડો.માધવ દવે, મહામંત્રી અશ્વિન મોલીયા, વિરેન્દ્રસિંહ ઝાલાએ અંતમાં જણાવેલ હતું.

આ કાર્યક્રમના ઈન્ચાર્જ તરીકે શહેર ભાજપ ઉપપ્રમુખ પરિમલભાઈ પરડવા, રાજદીપસિંહ જાડેજા, શહેર ભાજપ મંત્રી હરેશભાઈ કાનાણી, ભરતભાઈ શીંગાળા તેમજ શહેર ભાજપ કાર્યાલયથી કાર્યાલયમંત્રી હિતેષ ઢોલરીયા, સહકાર્યાલય મંત્રી શૈલેષ દવે સંભાળી રહ્યા છે.

# પ્લેન દુર્ઘટનામાં ૨૩૧ મૃત્તકોના ડીએનએ સેમ્પલ મેચ થયા

## ૨૨૦ પરિવારોએ સ્વજનોના મૃત્તદેહ સ્વીકાર્યા

**અબતક, રાજકોટ**

વિમાન દુર્ઘટનામાં ૨૩૧ મૃતકોનાં ડીએનએ સેમ્પલ મેચ થયા છે. અત્યાર સુધીમાં કુલ ૨૧૦ પાર્થિવ દેહ પરિવારજનોને સોંપાવામાં આવ્યા હોવાનું સિવિલ હોસ્પિટલ સુપ્રિન્ટેન્ડેન્ટ ડો.રાકેશ જોશીએ જણાવ્યું હતું.



ડો.રાકેશ જોશીએ જણાવ્યું હતું કે, ૧૦ પરિવારો નજીકના સમયમાં સ્વજનોના પાર્થિવ દેહ સ્વીકારવા આવશે, ૩ એર ક્લિયરન્સમાં હોવાથી ટૂંક સમયમાં પરિવારોને સોંપાશે, ૮ પરિવારો બીજા સ્વજનના ડીએનએ મેચની રાહમાં છે એમ તેમણે ઉમેર્યું હતું. તેમણે વધુમાં ઉમેર્યું કે, ૨૧૦ મૃતકોમાં ૧૫૫ ભારતના નાગરિક, ૭ પોર્ટુગલના, ૩૬ બ્રિટિશ નાગરિક, એક કેનેડિયન તેમજ ૧૧ નોન પેસેન્જરનો સમાવેશ થાય છે.

ડો.રાકેશ જોશીએ સોંપવામાં આવેલા પાર્થિવ દેહોની વિગતો પૂરી પાડી હતી. તેમણે કહ્યું કે, ઉદયપુર ૭, વડોદરા ૨૧, ખેડા ૧૧, અમદાવાદ ૬૦, મહેસાણા ૬, બોટાદ ૧, જોધપુર ૧, અરવલ્લી ૨, આણંદ ૨૩, ભરૂચ ૭, સુરત ૧૧, પાલનપુર ૧, ગાંધીનગર ૬, મહારાષ્ટ્ર ૨, દીવ ૧૪, જુનાગઢ ૧, અમરેલી ૨, ગીર સોમનાથ ૫, મહીસાગર ૧, ભાવનગર ૧, લંડન ૩, પટના ૧, રાજકોટ ૩, રાજસ્થાન ૧, મુંબઈ ૯, નડિયાદ ૧ , જામનગર ૨, પાટણ ૨, દ્વારકા ૨ તેમજ સાબરકાંઠાના ૧, નાગાલેન્ડ ૧, મોડાસા ૧ના પાર્થિવ દેહો સ્વજનોને સોંપવામાં આવ્યા હતા. તેમણે વધુમાં ઉમેર્યું કે, ડીએનએ સેમ્પલ મેચિંગની પ્રક્રિયા અત્યંત સંવેદનશીલ હોવાથી અને કાયદાકીય બાબતો પણ સંકળાયેલી હોવાથી આ પ્રક્રિયા ખૂબ જ ગંભીરતાપૂર્વક અને ઝડપથી પૂર્ણ કરવામાં આવી રહી છે. પરિવારજનોને તેમના સ્વજનોના પાર્થિવ દેહો ઝડપથી સોંપવા માટે ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી અને તેની સાથે સંકળાયેલ અન્ય સંસ્થાઓ, સ્થાનિક વહીવટી તંત્ર સહિત રાજ્ય સરકારના આરોગ્ય અને અન્ય વિભાગો તથા વિવિધ એજન્સી ખડેપગે કામગીરી કરી રહી છે.

# ગાંધીનગર મહાપાલિકાનો મ્યુનિસિપલ બોન્ડ ૯ ગણો ઓવર સબસ્કાઈબ

## રૂ.૨૫ કરોડના ઈશ્યુ સામે રૂ.૨૨૫ કરોડની ઓફર આવી

**અબતક, રાજકોટ**

વર્ષ ૨૦૧૦માં સ્થપાયેલી ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા એનએસઈ પર રૂ.૨૫ કરોડના મ્યુનિસિપલ બોન્ડ ખુલ્લા બજારમાંથી મેળવવા માટે ઓફર મૂકી હતી. આ ઓફરને નાગરિકોએ બહોળો પ્રતિસાદ આપ્યો છે. ગાંધીનગર મહાનગરપાલિકાનો મ્યુનિસિપલ બોન્ડ માત્ર એક જ મિનીટમાં સબસ્ક્રાઈબ ૦૯ ગણો ઓવર સબસ્ક્રાઈબ થયો હતો, જેનો કુપન રેટ ૭.૬૫ ટકા મળ્યો છે. જીએમસીના રૂ.૨૫ કરોડના બોન્ડ ઈસ્યુ સાઈઝ સામે રૂ.૨૨૫ કરોડની ઓફર મળી છે.

ગાંધીનગર મહાનગરપાલિકાએ બે વર્ષથી ઓડિટ, રેટીંગ અને મંજુરીની પ્રકીયામાંથી પસાર થઈને મ્યુનિસિપલ બોન્ડ મેળવવામાં સફળ થઈ છે. મ્યુનિસિપલ બોન્ડ મેળવવા માટે ગાંધીનગરપાલિકાને સીએઆરઈ (એએ) અને સીઆરઆઈએસઆઈએલ (-એએ) રેટીંગ મળ્યું છે. મ્યુનિસિપલ બોન્ડ મેળવવાથી મહાનગરપાલિકાના નાંણાકીય હિસાબોમાં શિસ્ત અને પારદર્શિત વધશે. નાણાકીય હિસાબોનું થર્ડ પાર્ટી દ્વારા સુપરવિઝીન અને મોનિટરીંગ પણ કરવામાં આવશે.

ગાંધીનગર મહાનગરપાલિકા મ્યુનિસિપલ બોન્ડ મેળવનારી રાજયની પાંચમી મહાનગરપાલિકા બની છે. ભૂતકાળમાં અમદાવાદ, સુરત, વડોદરા મ્યુનિસિપલ બોન્ડ મેળવવામાં સફળતા મેળવી છે. ગાંધીનગર મહાનગરપાલિકા સમગ્ર દેશમાં મ્યુનિસિપલ બોન્ડ મેળવનારી ૧૭મી મહાનગરપાલિકા બની છે. ગાંધીનગર મહાનગરપાલિકાના બોન્ડ ઈસ્યુની પ્રક્રીયાના સોલ એરેન્જર તરીકે ટીપસન કન્સલટન્સી સર્વિસીસ પ્રા.લિ., લીગલ કાઉન્સિલ એમ.વી. કિન્ની તથા ઓડિટર પીજેએનડીવીની મહત્વની ભૂમિકા રહી છે. ગાંધીનગર મહાનગરપલિકાના મેયર મીરાબેન પટેલ તેમજ સ્થાયી સમિતિના ચેરમેન ગૌરાંગભાઈ વ્યાસની મંજૂરી તથા મદદથી આ સિદ્ધી હાંસલ થઈ છે. મ્યુનિસિપલ બોન્ડ મેળવનાર ગાંધીનગર મહાનગરપાલિકા દેશની પ્રથમ ૨૦ મહાનગરપાલિકા પૈકી એક હોવાથી, ભારત સરકાર દ્વારા પ્રોત્સાહન તરીકે ગાંધીનગર મહાનગરપાલિકાને આશરે રૂ.૩.૨૫ કરોડની વ્યાજ સબસિડી મળશે.

# રાજયમાં છ દિવસમાં જ સિઝનનો ૧૪.૬૮ ટકા વરસાદ !!

## છેલ્લા ૨૪ કલાકમાં રાજયના ૮૧ તાલુકાઓમાં વરસાદ: પંચમહાલમાં જાંબુઘોડામાં ૮ ઈંચ પાણી પડયું

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં નૈઋત્યના ચોમાસાના સત્તાવાર આગમનના માત્ર છ દિવસમાં જ સિઝનનો ૧૪.૬૮ ટકા જેટલો વરસાદ વરસી ગયો છે. હજી એક સપ્તાહ સુધી રાજયભરમાં મદયમથી ભારે વરસાદની આગાહી આપવામાં આવી છે. સૌરાષ્ટ્રમાં સૌથી વધુ ૨૦.૩૩ ટકા વરસાદ વરસી ગયો છે. આજે સવારે પુરા થતાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન અલગ અલગ ૮૧ તાલુકાઓમાં હળવા ઝાપટાથી લઈ આઠ ઈંચ સુધી વરસાદ પડયો હતો.

### માત્ર ત્રણ જળાશયોની જળ સપાટીમાં વધારો

સૌરાષ્ટ્ર - કચ્છમાં મેઘરાજાએ વિરામ લીધો છે. જેના કારણે જળાશયોમાં પણ નવા નીરની આવક બંધ થઈ જવા પામી છે. છલકાતા નદી-નાળાના કારણે ડેમમાં પાણીની સામાન્ય આવક થઈ રહી છે. રાજકોટ જિલ્લાના આજી-૩ ડેમમાં નવુ ૦.૭૯ ફૂટ પાણીની આવક થવા પામી છે. ૨૬.૯૦ ફૂટે ઓવરફ્લો થતા આજી-૩ની સપાટી ૧૧.૬૦ ફૂટે પહોંચી જવા પામી છે.

આ ઉપરાંત મોરબી જિલ્લાના મચ્છુ-૧ ડેમમાં ૦.૩૬ ફૂટ, મચ્છુ-૨ ડેમમાં ૦.૪૬ ફૂટ, પાણીની આવક થઈ છે. રાજકોટ જિલ્લાના ૨૭ જળાશયોમાં ૩૮.૩૮ ટકા, મોરબી જિલ્લાના ૧૦ ડેમમાં ૩૮.૬૭ ટકા, જામનગર જિલ્લામાં ૨૧ ડેમમાં ૧૫.૫૯ ટકા, દેવભૂમિ દ્વારકા જિલ્લાના ૧૨ ડેમમાં ૩.૦૬ ટકા, સુરેન્દ્રનગર જિલ્લાના ૧૧ ડેમમાં સૌથી વધુ ૭૬.૦૧ ટકા પાણી છે. સુરેન્દ્રનગરના બે ડેમ લીંબડી ભોગાવો-૧ અને વાંસલ હજી ઓવરફ્લો થઈ રહ્યા છે.

સ્ટેટ ઈમરજન્સી સેન્ટરના જણાવ્યાનુસાર આજે સવારે પુરા થતાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજયના ૮૧ તાલુકાઓમાં વરસાદ પડયો હોવાનું નોંધાયું છે. પંચમહાલના જાંબુઘોડામાં સૌથી વધુ ૨૦૫ મીમી વરસાદ પડયો હતો. આ ઉપરાંત જેતપુર પાલીમાં ૧૨૯ મીમી, પેટલાદમાં ૯૦ મીમી, કપરાડામાં ૭૬ મીમી, તારાપુરમાં ૬૮ મીમી, હાલોલમાં ૬૮ મીમી, આણંદમાં ૫૨ મીમી, ઉમરગામમાં ૪૮ મીમી, ચુડામાં ૪૧ મીમી, વડોદરામાં ૩૮ મીમી, અંકવાવમાં ૩૫ મીમી વરસાદ વરસી ગયો છે. જયારે અન્ય ૧૮ તાલુકાઓમાં અર્ધાથી લઈ દોઢ ઈંચ જેટલો વરસાદ પડયો હતો જયારે અન્ય ૪૯ તાલુકાઓમાં હળવા ઝાપટાથી માડી અડધો ઈંચ સુધી વરસાદ પડયો હતો. દરમિયાન આજે સવારથી રાજયના ૧૨ તાલુકાઓમાં હળવા ઝાપટા પડયા હતા. ગુજરાતમાં ચોમાસાના સત્તાવાર આરંભના છ દિવસમાં રાજયમાં ૧૪.૬૮ ટકા વરસાદ વરસી ગયો છે. કચ્છ રિઝયનમાં ૧૭.૬૧ ટકા, ઉત્તર ગુજરાતમાં ૮.૧૮ ટકા, પૂર્વમધ્ય ગુજરાતમાં ૧૫.૫૯ ટકા, સૌરાષ્ટ્રમાં ૨૦.૩૩ ટકા અને દક્ષિણ ગુજરાતમાં ૧૨.૪૦ ટકા વરસાદ પડયો હતો.

હવામાન વિભાગની આગાહી મુજબ, આજે શનિવારે (૨૧ જૂન) કચ્છ, પાટણ, બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા, તાપી, ડાંગ, નવસારી, વલસાડ જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે ભારે વરસાદને લઈને યલો એલર્ટ જાહેર કર્યુ છે.

આગામી ૨૨ જૂનથી રાજ્યમાં વરસાદનું જોર વધશે. ૨૨ જૂને નવસારી, વલસાડ, બનાસકાંઠા અને સાબરકાંઠામાં અતિભારે વરસાદનું ઑરેન્જ એલર્ટ અને કચ્છ, પાટણ, મહેસાણા, ગાંધીનગર, અમદાવાદ, સુરેન્દ્રનગર, મોરબી, જામનગર, મહીસાગર, ખેડા, અરવલ્લી, દાહોદ, પંચમહાલ, આણંદ, તાપી, ડાંગ જિલ્લામાં યલો એલર્ટ જાહેર કર્યું છે. રાજ્યમાં ૨૩ જૂને ૨૧થી વધુ જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદની આગાહી છે. જેમાં સાબરકાંઠા, મહેસાણા, અમરેલી, ભાવનગર, નવસારી, વલસાડ જિલ્લામાં ઑરેન્જ એલર્ટ અને બનાસકાંઠા, પાટણ, ગાંધીનગર, અમદાવાદ, સુરેન્દ્રનગર, બોટાદ, રાજકોટ, ગીર સોમનાથ, મહીસાગર, ખેડા, અરવલ્લી, દાહોદ, પંચમહાલ, તાપી, ડાંગ જિલ્લામાં યલો એલર્ટ હોવાથી ભારે વરસાદની શકયતા છે.

### સમસ્ત સૌરાષ્ટ્ર જૈન સમાજ દ્વારા

# જૈન સમાજના પનોતા પુત્ર સ્વ.વિજયભાઈ રૂપાણીએ કરેલા સદ્કાર્યોનું સ્મરણ કરી સ્મરણાંજલી અર્પણ કરાશે

**ગુરૂભગવંતો તથા મહાસતિજીઓ સહિત જૈન સંઘો જિનાલયના હોદ્દેદારો તેમજ ધારાસભ્ય, રાજકીય, ધાર્મિક સંસ્થાઓ રહેશે ઉપસ્થિત: 'અબતક'ની શુભેચ્છા મુલાકાતમાં જૈન અગ્રણીઓએ આપી માહિતી**





તસવીરઃ શૈલેષ વાડોલિયા

**અબતક, રાજકોટ**

ગુજરાત રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી સ્વ.વિજયભાઈ રૂપાણીએ જન સમાજ માટે તો સુંદર કાર્યો કર્યા છે. સાથોસાથ જૈન સમાજ માટે તેઓનું વિશિષ્ઠ યોગદાન રહેલું છે. જીવદયાના કાર્યો હોય, અબોલ જીવો માટે સબસીડીની વાત હોય કે જૈન સમાજનું કોઈપણ કાર્ય હોય વિજયભાઈ પોતાના અમૂલ્ય અને કિંમતી સમય ફાળવી નિરાકરણ લાવતા એટલું જ નહીં ખાસ કરીને દુઃખની ઘડીમાં ઉપસ્થિત રહી સાંત્વના, હિંમત, હૂંક આપતાં. જ્યારે તેઓ મુખ્યમંત્રી થયા ત્યારે જૈન સમાજને આનંદ હોય જ કારણ કે ભારતના તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓ પૈકી એકમાત્ર જૈન મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી હતા.

રાષ્ટ્રસંત ગુરુદેવ નમ્રમુનિ મ.સા.ના સાંનિધ્યમાં રાજકોટના તમામ સંઘો, જિનાલયના અગ્રણીઓ, સોશિયલ ગ્રૂપ, વિવિધ સેવાકીય સંસ્થાઓના અગ્રણીઓ દ્વારા દિવંગત વિજયભાઈ રૂપાણીની ગુણાંજલિ સભાનું આયોજન કરવામાં આવ્યું છે. સમસ્ત સૌરાષ્ટ્ર જૈન સમાજ દ્વારા રાજકોટ હેમુ ગઢવી હોલ ખાતે ૨૬/૬/૨૦૨૫ ગુરુવારે જૈન સમાજના પનોતા પુત્ર રત્ન દિવંગત વિજયભાઈ રૂપાણીનો ગુણાંજલિ કાર્યક્રમ યોજાશે.

શ્રી સ્થા. જૈન મોટા સંઘ, શ્રી રોયલ પાર્ક સ્થા. જૈન મોટા સંઘ, શ્રી શાલિભદ્ર સરદારનગર સ્થા. જૈન સંઘ, શ્રી ગોંડલ રોડ (વેસ્ટ) સ્થા. જૈન સંઘ, શ્રી નેમિનાથ વીતરાગ સ્થા.જૈન સંઘ, શ્રી જૈનચાલ સ્થા. જૈન સંઘ, શ્રી રાજગિરી જૈન સંઘ, શ્રી શેઠ ઉપાશ્રય જૈન સંઘ, શ્રી શ્રમજીવી સ્થા. જૈન સંઘ, શ્રી રેસકોર્સ પાર્ક સ્થા. જૈન સંઘ, શ્રી મનહર પ્લોટ સ્થા. જૈન સંઘ, શ્રી ગીતગુર્જરી સ્થા. જૈન સંઘ, શ્રી મહાવીર નગર સ્થા. જૈન સંઘ, શ્રી ઉવસગ્ગહરં સાધનાભવન (પારસધામ), શ્રી અજરામર સ્થા. જૈન સંઘ, શ્રી સંઘાણી સ્થા. જૈન સંઘ, શ્રી જય જિનેન્દ્ર આરાધના ભવન, શ્રી જંક્શન પ્લોટ સ્થા. જૈન સંઘ, શ્રી ચંદ્રપ્રભુ સ્થા.જૈન સંઘ, શ્રી સદર સ્થા.જૈન સંઘ, શ્રી નાલંદા સ્થા. જૈન સંઘ, શ્રી સરિતવિહાર સ્થા. જૈન સંઘ, શ્રી જશ પ્રેમ ધીર સંકુલ, શ્રી ઈન્દ્રપ્રસ્થ નગર સ્થા. જૈન સંઘ, શ્રી વિમલનાથ સ્થાનકવાસી જૈન સંઘ, શ્રી હીરક સદ્ગુરૂ ઉપાશ્રય, શ્રી નવકાર સ્થાનકવાસી જૈન સંઘ, શ્રી હરિજ્યોત વખારીયા ઉપાશ્રય, શ્રી ભક્તિનગર સ્થા.જૈન સંઘ, શ્રી રામકૃષ્ણનગર સ્થા. જૈન સંઘ...

શ્રી રાજકોટ જૈન તપગચ્છ સંઘ, શ્રી જાગનાથ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, શ્રી કાલાવડ રોડ શ્વેતાંબર મૂર્તિ જૈન તપગચ્છ

(અનુ. આઠમા પાને)

## વિજયભાઈ રૂપાણીની આગળ 'સ્વ' શબ્દ લગાવવાનું આજે પણ ખુંચે છેઃ ચંદ્રકાન્ત શેઠ

'અબતક' ના મેનેજિંગ તંત્રી સતીષકુમાર મહેતા સાથેની વાતચીતમાં, ચંદ્રકાંત શેઠે જણાવ્યું હતું કે જૈન સમાજના પનોતા પુત્ર અને ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી ભલે આજે આપણી વચ્ચે ન હોય, પરંતુ તેમનું વ્યક્તિત્વ અને જીવનશૈલી આજે પણ અનેક લોકોના હૃદયમાં જીવંત છે વિજયભાઈ રૂપાણીના જીવનના એક મહત્વપૂર્ણ પાસા પર પ્રકાશ પાડ્યો.

વધુમાં જણાવ્યું કે, ‘‘વિજયભાઈ ભલે છ વર્ષ સુધી ગુજરાતના મુખ્યમંત્રી જેવા સર્વોચ્ચ પદ પર બિરાજમાન રહ્યા હોય, પરંતુ તેમનું ૬૦ વર્ષનું જીવન એક 'કોમન મેન' એટલે કે સામાન્ય માણસ તરીકેનું રહ્યું હતું.‘‘ તેમણે ઉમેર્યું કે, ‘‘આજે પણ જ્યારે વિજયભાઈના નામની આગળ 'સ્વર્ગસ્થ' (સ્વ.) શબ્દ લાગે છે, ત્યારે તે ખરેખર હૃદયમાં ખૂંચે છે. તેમનું જીવન એટલું સાદું અને લોકો સાથે જોડાયેલું હતું કે તેઓ હંમેશા જીવંત અનુભવાય છે.‘‘

આ વાત વિજયભાઈના સાદગીપૂર્ણ સ્વભાવ, નિરભિમાની વ્યક્તિત્વ અને સામાન્ય લોકો સાથેના તેમના ઊંડા જોડાણને સ્પષ્ટપણે દર્શાવે છે. મુખ્યમંત્રી પદની ગરિમા અને જવાબદારીઓ વચ્ચે પણ તેમણે ક્યારેય પોતાની સામાન્ય

(અનુ. આઠમા પાને)

# રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ વંદે ભારત એક્સપ્રેસમાં કરી મૂસાફરી

**સુરતથી અમદાવાદ સુધી મૂસાફરી કરી મૂસાફરો સાથે કર્યા સંવાદ**



**અબતક, રાજકોટ**

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ સુરતથી અમદાવાદ સુધીની મુસાફરી વંદે ભારત એક્સપ્રેસ દ્વારા કરી હતી. તેમનો આ સરળ અને સાદગીપૂર્ણ વ્યવહાર સામાન્ય નાગરિકોના હૃદયને ઊંડાણપૂર્વક સ્પર્શે છે.રાજ્યપાલએ સુરતમાં આયોજિત વિવિધ કાર્યક્રમોમાં ભાગ લીધા બાદ વંદે ભારત એક્સપ્રેસ દ્વારા અમદાવાદ તરફ મુસાફરી કરી હતી. તેમણે અગાઉ પણ અમદાવાદથી સુરતની મુસાફરી આ જ ટ્રેન દ્વારા કરી હતી. તેમણે હમણાં જ ગાંધીનગરથી આણંદ સુધીની યાત્રા ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમની બસ દ્વારા કરી હતી.રાજ્યપાલ નાગરિક પરિવહન સેવાઓનો માત્ર ઉપયોગ જ નથી કરતા, પરંતુ તેને પ્રોત્સાહન પણ આપે છે. તેમનું મંતવ્ય છે કે, સામાન્ય પરિવહન સેવા દ્વારા મુસાફરી કરવાથી સામાન્ય નાગરિકો સાથે સીધો સંવાદ શક્ય બને છે. તેમની વાતો સાંભળવાની અને સમજવાની તક મળે છે.રેલ યાત્રા દરમિયાન રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ સહયાત્રીઓ સાથે હૃદયપૂર્ણ સંવાદ કર્યો હતો, બાળકો સાથે સ્નેહભરી વાતો કરી અને વરિષ્ઠ નાગરિકોના પણ ક્ષેમકુશળ ની પૃચ્છા કરી હતી. તેમણે કહ્યું કે, રેલયાત્રા ફક્ત મંજિલ સુધી પહોંચવાનો ઉપાય માત્ર નથી, પરંતુ 'જનતાના મન સુધી પહોંચવાનો એક સરળ માર્ગ' બની રહે છે.રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીનો આ વ્યવહાર રાજ્યપાલ પદના સંવિધાનિક ગૌરવને નવી ઊંચાઈ તો આપે જ છે, પરંતુ સામાન્ય જનતામાં આત્મીયતા, વિશ્વાસ અને પોતાનાપણાની લાગણીને પણ ઉત્તેજન આપે છે.

### ૭૭૧૨ ભરતી મેળાઓ થકી

# રાજય સરકાર દ્વારા ૬.૨૯ લાખ યુવાનોને અપાય રોજગારી



## દેશમાં રોજગાર વિનિમય ક્ચેરીઓ મારફતે રોજગારી આપવામાં ગુજરાત મોખરે

**અબતક, રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિકસિત ભારત૨૦૪૭ના સ્વપનને સાકાર કરવામાં યુવાઓની ભૂમિકા મહત્વની રહેશે. જેમાં આપણું રાજ્ય પણ યુવાનોને રોજગારી આપીને વિકસિત ગુજરાતની નેમ સાથે આ અભિયાનમાં અગ્રેસર બનીને સહભાગી થઈ રહ્યું છે. જે અંતર્ગત રાજ્યની રોજગાર વિનિમય કચેરી દ્વારા છેલ્લા પાંચ નાણાકીય વર્ષમાં કુલ ૭,૭૧૨ ભરતીમેળાઓ થકી અંદાજે ૬.૨૯ લાખ કરતા વધુ રોજગારવાંચ્છુઓને રોજગારી પૂરી પાડવામાં આવી છે.

ભરતી મેળાઓના આયોજન દ્વારા રોજગારી આપનાર તથા મેળવનાર વચ્ચે સેતુ બનીને વધુમાં વધુ યુવાનો રોજગારી પ્રાપ્ત કરી શકે તે દિશામાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં રાજ્ય સરકાર નક્કર કામગીરી કરી રહી છે. શ્રમ-રોજગાર મંત્રી બલવંતસિંહ રાજપૂતના નેતૃત્વમાં ગુજરાત દેશભરમાં નીચા બેરોજગારી દર માટે તથા રોજગાર વિનિમય કચેરીઓ દ્વારા સૌથી વધુ રોજગારી પૂરી પાડનાર રાજ્ય તરીકે મોખરાનું સ્થાન ધરાવે છે.

રોજગાર વિનિમય કચેરી થકી કરવામાં આવતી અસરકારક કામગીરીના પરિણામે કેન્દ્ર સરકારના સપ્ટેમ્બર-૨૦૨૪ના સર્વે મુજબ ભારતના ૩.૨ ટકા બેરોજગારી દરની સરખામણીએ ગુજરાતનો બેરોજગારી દર માત્ર ૧.૧ ટકા જ છે.

રાજ્ય સરકારની ડિજિટલ પહેલ થકી શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા વિકસાવવામાં આવેલા 'અનુબંધમ પોર્ટલ' થકી યુવાનો રોજગારલક્ષી સેવાઓ ઓનલાઈન માધ્યમથી પણ મેળવી શકે છે. આ પોર્ટલ પર અત્યારસુધીમાં ૪.૫ લાખ કરતા વધુ રોજગારવાંચ્છુઓએ નોંધણી કરાવી છે. આ પોર્ટલ પર ૫૧ હજારથી વધુ નોંધાયેલા નોકરીદાતાઓ દ્વારા ૧૦.૯૪ લાખ કરતાં વધુ જગ્યાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે. આમ, આ વેબ પોર્ટલ થકી નોકરીદાતા અને નોકરી વાંચ્છુઓ વચ્ચેનું અંતર ઘટાડી બન્નેને એક જ પ્લેટફોર્મ ઉપર લાવી શકવામાં સફળતા મળી છે.

આ નોંધણી પ્રક્રિયામાં રાજ્યના રોજગારવાંચ્છુ ઉમેદવાર અને નોકરીદાતાઓની રોજગાર કચેરી ખાતે રૂબરુ તથા 'અનુબંધમ પોર્ટલ'માં ઓનલાઈન નોંધણી કરવામાં આવે છે. નોકરીદાતાઓ દ્વારા તેમના એકમ ખાતે ખાલી પડેલી જગ્યાની જાણ કરવામાં આવે છે. ભરતી મેળાના પ્રકાર મુજબ આયોજન માટે સુચારુ વ્યવસ્થા ધરાવતુ સ્થળ નિયત

(અનુ. આઠમા પાને)




# જેએમડી કચ્છ રાઈડર્સના શિરે સૌરાષ્ટ્ર પ્રો ટી-૨૦ લીગ ચેમ્પિયનનો તાજ

## ફાઈનલમાં અનમોલ કિંગ્સ હાલાર ૧૪૨ રનમાં ઓલ આઉટ થઈ, જેએમડી કચ્છ રાઈડર્સે ૧૭.૩ ઓવરમાં ૪ વિકેટે લક્ષ્ય હાંસલ કરી લીધો, હજારોની સંખ્યામાં ક્રિકેટ પ્રેમીઓ મેચ માણવા ઉમટ્યાં



**અબતક, રાજકોટ**

નિરંજન શાહ સ્ટેડિયમ ગઈકાલે એક યાદગાર ક્રિકેટ પર્વનું સાક્ષી બન્યું. સૌરાષ્ટ્ર પ્રો ટી૨૦ લીગ ૨૦૨૫ ની ભવ્ય ફાઈનલ મેચમા હજારોની સંખ્યામાં ક્રિકેટપ્રેમીઓ ઉમટી પડ્યા હતા. જેએમડી કચ્છ રાઈડર્સે એકતરફી પ્રભુત્વ જમાવીને અનમોલ કિંગ્સ હાલાર ને હરાવી, આ પ્રતિષ્ઠિત ટ્રોફી પોતાના નામે કરી છે. આ જીત કચ્છ રાઈડર્સના ખેલાડીઓના અદમ્ય જુસ્સા, તેમની સચોટ રણનીતિ અને મેદાન પરના દમદાર પ્રદર્શનનો



જીવંત દાખલો હતી. સમગ્ર ટૂર્નામેન્ટ દરમિયાન દર્શકોએ જે જોશ અને ઉત્સાહ બતાવ્યો, તેણે આ લીગને સફળ બનાવી હતી.

મેચમાં, જેએમડી કચ્છ રાઈડર્સના કેપ્ટન ધર્મેન્દ્રસિંહ જાડેજાએ ટોસ જીતીને પહેલા બોલિંગ કરવાનો નિર્ણય લીધો, જે ખૂબ જ સમજદારીભર્યો સાબિત થયો. અનમોલ કિંગ્સ હાલારની ટીમ બેટિંગ કરવા ઉતરી, પરંતુ કચ્છ રાઈડર્સના બોલરો સામે ટકી ન શકી. આખી ટીમ ૧૯.૪ ઓવરમાં ૧૪૨ રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ. અનમોલ કિંગ્સ તરફથી પરશ્વરાજ રાણાએ ૩૨ બોલમાં લડાયક ૩૮ રન બનાવ્યા અને સિદ્ધાંત રાણાએ ૨૪ બોલમાં ઝડપી ૩૩ રન બનાવીને ટીમને સન્માનજનક સ્કોર સુધી પહોંચાડવાનો પ્રયાસ કર્યો. જોકે, જેએમડી કચ્છ રાઈડર્સના યુવા બોલર દેવાંગ કરમાતા એ પોતાની બોલિંગથી સૌને ચોંકાવી દીધા. તેમણે ૩.૪ ઓવરમાં ફક્ત ૧૪ રન આપીને ૫ મહત્વપૂર્ણ વિકેટો ઝડપી, જેણે અનમોલ કિંગ્સને મોટો સ્કોર બનાવતા અટકાવી દીધા અને જેએમડી કચ્છ રાઈડર્સને મેચમાં શરૂઆતથી જ મજબૂત પકડ આપી દીધી.








૧૪૩ રનના લક્ષ્યનો પીછો કરતા જેએમડી કચ્છ રાઈડર્સે ખૂબ જ આક્રમક શરૂઆત અપાવી. ઓપનર વિશ્વરાજસિંહ જાડેજાએ ૪૬ બોલમાં અણનમ ૬૪ રન ની શાનદાર ઈનિંગ્સ રમી, જેણે ટીમને જીત તરફ આગળ વધારી. તેને બીજા છેડેથી પવન પરમાર (૨૯ બોલમાં ઝડપી ૪૮ રન) નો સારો સાથ મળ્યો, જેમણે આક્રમક બેટિંગ કરીને રન રેટ જાળવી રાખ્યો અને હાલરની ટીમને દબાણમાં રાખી. અનમોલ કિંગ્સ તરફથી આદિત્યસિંહ જાડેજાએ ૩ વિકેટ ઝડપીને મેચને જીવંત રાખવાનો પ્રયાસ કર્યો, પરંતુ તે સફળ રહ્યો નહીં. જેએમડી કચ્છ રાઈડર્સે માત્ર ૧૭.૩ ઓવરમાં જ લક્ષ્ય પૂરો કરીને ૬ વિકેટે ભવ્ય વિજય મેળવ્યો અને સૌરાષ્ટ્ર પ્રો ઝ૨૦ લીગ ૨૦૨૫ ના પ્રથમ ચેમ્પિયન તરીકે ઉભરી આવ્યા. સ્ટેડિયમ જેએમડી કચ્છ રાઈડર્સના નારાઓથી ગુંજી ઉઠ્યું હતું.

મેચ પૂરી થયા પછી, ક્રિકેટના આ મોટા તહેવારના સમાપન માટે એક ભવ્ય એવોર્ડ સમારોહ રાખવામાં આવ્યો. આ કાર્યક્રમમાં એસસીએ ના પ્રમુખ જયદેવ શાહ એ બધી ટીમોને તેમની રમત અને ખેલદિલી માટે અભિનંદન આપ્યા. તેમણે પોતાના સંબોધનમાં સૌરાષ્ટ્રમાં ક્રિકેટના વિકાસમાં નિરંજનભાઈ શાહ ના દૂરંદેશી યોગદાનને ખાસ યાદ કર્યું, જેમણે સૌરાષ્ટ્રમાં ક્રિકેટ માટે વિશ્વ કક્ષાની શ્રેષ્ઠ સુવિધાઓ ઊભી કરી છે, જેના કારણે આવા મોટા આયોજનો શક્ય બન્યા છે. જયદેવ શાહે

(અનુ. આઠમા પાને)

### -:: મુખ્ય એવોર્ડ વિજેતાઓ ::-

* પ્લેયર ઓફ ધ ફાઈનલ મેચઃ દેવાંગ કરમટા (જેએમડી કચ્છ રાઈડર્સ)
* પ્લેયર ઓફ ધ લીગઃ પાર્શ્વરાજ રાણા (અનમોલ કિંગ્સ હાલાર)
* બેસ્ટ બેટર ઓફ ધ ટુર્નામેન્ટઃ જય ગોહિલ (ઝાલાવાડ સ્ટ્રાઈકર્સ)
* બેસ્ટ બોલર ઓફ ધ ટુર્નામેન્ટઃ આદિત્યસિંહ જાડેજા (અનમોલ કિંગ્સ હાલાર)
* ઈમર્જિંગ પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટઃ કેઈન્સ ફુલેત્રા (અનમોલ કિંગ્સ હાલાર)
* કેમ્પસ મેક્સિમમ ફોર ઓફ ધ લીગઃ પ્રેરક માંકડ (આર્યન સોરઠ લાયન્સ
* બેસ્ટ ફિલ્ડર ઓફ ધ ટુર્નામેન્ટઃ સમર ગજ્જર (અનમોલ કિંગ્સ હાલાર)




### ફાઈનલનો ખાસ જલસોઃ લેસર અને ફાયરક્રેકર શો

મેચમાં ઈનિંગ્સ બ્રેક દરમિયાન, નિરંજન શાહ સ્ટેડિયમ રોશનીથી ઝગમગી ઉઠ્યું. એક દમદાર લેસર અને ફાયરવર્ક શો નું આયોજન કરવામાં આવ્યું હતું. સંગીતના તાલે લેસરના કિરણો અને રંગબેરંગી ફટાકડાઓએ હાજર સૌ કોઈને મંત્રમુગ્ધ કરી દીધા. આ શોએ મેચના રોમાંચમાં વધુ ઉત્સાહ ઉમેરી દીધો, અને દર્શકોને એક અદ્ભુત દ્રશ્ય જોવાનો લહાવો મળ્યો. આ પ્રદર્શને ફાઈનલની ભવ્યતામાં ચાર ચાંદ લગાવી દીધા અને ક્રિકેટ સાથે મનોરંજનનો સંપૂર્ણ ડોઝ પૂરો પાડ્યો.

# ૮૮.૧૬ મીટરઃ અંતે બે વર્ષના દુષ્કાળ પછી નીરજ ચોપડાએ ભાલા ફેંકમાં ચેમ્પિયનશીપ મેળવી

## જુલિયન વેબરે ૮૭.૮૮ મીટરના ઓપનિંગ થ્રો સાથે બીજું અને બ્રાઝિલના લુઈઝ મૌરિસિયો દા સિલ્વા એ ૮૬.૬૨ મીટર સાથે ત્રીજું સ્થાન મેળવ્યું



**અબતક, રાજકોટ**

ભારતના સ્ટાર ભાલા ફેંકનાર નીરજ ચોપરાએ પેરિસમાં બે વર્ષ પછી પોતાનો પહેલો ડાયમંડ લીગ વિજય મેળવીને શાનદાર વાપસી કરી છે. તેમણે જર્મનીના જુલિયન વેબરને ૮૮.૧૬ મીટરના પ્રભાવશાળી થ્રો સાથે હરાવીને આ જીત હાંસલ કરી છે. આ જીત ચોપરા માટે ખાસ છે કારણ કે આ પહેલા તેઓ ડાયમંડ લીગની પેરિસ લેગમાં ક્યારેય જીત્યા ન હતા અને અગાઉના પ્રયાસોમાં બીજા સ્થાને રહ્યા હતા.

ચોપરાએ આ સ્પર્ધામાં પોતાના પહેલા જ રાઉન્ડમાં ૮૮.૧૬ મીટરનો થ્રો કરીને પોતાની જીત નિશ્ચિત કરી દીધી હતી. જોકે, આ સ્પર્ધા ઘણી રોમાંચક હતી કારણ કે પાંચ ખેલાડીઓએ ૯૦ મીટરથી વધુનો થ્રો કર્યો હતો. તેમના પછીના પ્રયાસોમાં ૮૫.૧૦ મીટરનો થ્રો, ત્રણ ફાઉલ અને ૮૨.૮૯ મીટરનો અંતિમ થ્રો હતો. જુલિયન વેબરે ૮૭.૮૮ મીટરના ઓપનિંગ થ્રો સાથે બીજું સ્થાન મેળવ્યું હતું, જ્યારે બ્રાઝિલના લુઇઝ મૌરિસિયો દા સિલ્વા ૮૬.૬૨ મીટર સાથે ત્રીજા સ્થાને રહ્યા હતા.

અગાઉ, ચોપરા દોહા ડાયમંડ લીગમાં વેબર પછી બીજા સ્થાને રહ્યા હતા.

નીરજ ચોપરાએ છેલ્લી ડાયમંડ લીગ જીત જૂન ૨૦૨૩માં લૌઝેનમાં મેળવી હતી, જ્યાં તેમણે ૮૭.૬૬ મીટર ફેંક્યા હતા. ત્યારથી, તેઓ છ ડાયમંડ લીગ સ્પર્ધાઓમાં બીજા સ્થાને રહ્યા હતા. આ વિજય સાથે તેમણે આ બે વર્ષના "દુષ્કાળ" નો અંત લાવ્યો છે. ડાયમંડ લીગ શ્રેણીના પેરિસ લેગમાં આ ચોપરાનો પહેલો વિજય છે, જે તેમની કારકિર્દીમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે.

આ જીત પછી, ચોપરા હવે તેમના આગામી પડકારો માટે તૈયાર છે. તેમનું આગામી શેડ્યૂલ ૨૪ જૂને ચેક રિપબ્લિકના ઓસ્ટ્રાવામાં ગોલ્ડન સ્પાઈક એથ્લેટિક્સ મીટનો સમાવેશ કરે છે. ત્યારબાદ, વિશ્વ ચેમ્પિયન ૫ જુલાઈએ બેંગલુરુમાં પ્રથમ વખત યોજાનારી નીરજ ચોપરા ક્લાસિકનું આયોજન કરશે અને તેમાં ભાગ લેશે, જે એક વર્લ્ડ એથ્લેટિક્સ કેટેગરી અ ઈવેન્ટ છે. ચાહકોને આશા છે કે નીરજ ચોપરા આ જ ફોર્મ જાળવી રાખશે અને ભવિષ્યમાં પણ ભારત માટે વધુ મેડલ જીતશે.

# કોટેચા ગર્લ્સ હાઈસ્કૂલમાં સાયન્સ લેબનું ઉદ્‌ઘાટન

## જૈન સોશિયલ ગૃપ રાજકોટ ડાઉન ટાઉન, સંગીની જૈન સોશિયલ ગૃપ ડાઉન ટાઉનના સહયોગથી લેબ તૈયાર કરાઈ



**અબતક, રાજકોટ**

જૈન સોશિયલ ગ્રુપ રાજકોટ ડાઉન ટાઉન અને સંગીની જૈન સોશિયલ ગ્રુપ ડાઉન ટાઉન આ બંને સંસ્થાઓએ કે. જે. કોટેચા ગર્લ્સ હાઈસ્કૂલમાં તમામ શૈક્ષણિક સુવિધાઓ આપી તેનું નવીનીકરણ કરી શાળા, શિક્ષણ અને સમાજ તરફનું ઉત્તરદાયિત્વ નિભાવવાનું બીડું ઝડપ્યુ છે, ત્યારે શાળામાં અત્યારે સંપૂર્ણ વાતાનુંકુલિન ઓડિટોરિયમ, લાઈબ્રેરી, બુક બેંકનું તથા વોકેશનલ કોર્ષ "બ્યુટી એન્ડ વેલનેસ"ની પ્રયોગ શાળા કાર્યપુર જોશમાં ચાલી રહ્યું છે. જેમાં પ્રથમ ચરણમાં શાળાના માધ્યમિક વિભાગ માટે શાળાની સાયન્સ લેબોરેટરીનું કાર્ય શીલાબેન ઈન્દુભાઈની વોરાની સ્મૃતિમાં બનાવેલ વોરા વેલફેર ફાઉન્ડેશન રાજકોટના આર્થિક સહયોગ દ્વારા સંપન્ન થયું છે. તેનું ઉદ્‌ઘાટન વોરા વેલફેર ફાઉન્ડેશનના મોનિકા સૌરીન વોરાના હસ્તે સંપન્ન થયું હતું. આ તકે ગીતાબેન વોરા, સૌરીનભાઈ વોરા, અલકાબેન વોરા તથા અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.


કાર્યક્રમના મુખ્ય મહેમાન પદે ઈસરોના વૈજ્ઞાનિક હરેશભાઈ ભટ્ટ અને અતિથિ વિશેષ તરીકે હરેશભાઈ વોરા (પૂર્વ પ્રમુખ જૈન સોશિયલ ગ્રુપ ઈન્ટરનેશનલ ફેડરેશન)ની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી. તદુપરાંત જૈન સોશિયલ ગ્રુપ રાજકોટ ડાઉન ટાઉન તેમજ સંગીની જૈન સોશ્યલ ડાઉન ટાઉન ગ્રુપના સ્થાપક પ્રમુખ તથા સમગ્ર રીનોવેશન પ્રોજેક્ટના પ્રેરણા બળ


(અનુ. આઠમા પાને)

### પ્રથમ ટેસ્ટનો પ્રથમ દિવસ મેચનું મુખ ડ્રો તરફ લઈ ગયો

# વિરાટ- હિટમેનની નિવૃત્તિ પછી ભારતને વીરૂ-તેંડુલકર જેવી યશશ્વી-ગીલની જોડી મળી

## ભારત ૫૦૦થી વધુ રનનો જુમલો ખડકવા તરફઃ હવે ભારતીય બોલરો પર નજર રહેશેઃ યશસ્વી જયસ્વાલ ઈંગ્લેન્ડમાં પ્રથમ ઈનિંગમાં સદી ફટકારનાર પાંચમો ભારતીય બન્યોઃ ભારતીય ઓપનરોએ ૩૯ વર્ષ પછી લીડ્સના હેડિંગ્લી સ્ટેડિયમમાં ૫૦થી વધુ રનની ઓપનિંગ ભાગીદારી કરી





**અબતક, નવી દિલ્હી**

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે પાંચ મેચની ટેસ્ટ શ્રેણીની પહેલી મેચ લીડ્સના હેડિંગ્લી ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે શરૂ થઈ છે. આ મેચમાં પ્રથમ દિવસની રમત સમાપ્ત થઈ ગઈ છે. પ્રથમ દિવસના અંતે ભારતીય ટીમે તેની પ્રથમ ઈનિંગમાં ૩ વિકેટ ગુમાવીને ૩૫૯ રન બનાવ્યા છે. વિરાટ કોહલીની નિવૃત્તિ પછી ભારતને વીરૂ-તેંડુલકર જેવી યશશ્વી-ગીલની જોડી મળી ગઈ છે. કેમકે પહેલા બેટર યશસ્વી જયસ્વાલે પોતાના ટેસ્ટ કરિયરની પાંચમી સદી ફટકારી. પછી કેપ્ટન શુભમન ગિલે પણ સદી ફટકારી છે. શુભમન ગિલે ૧૪ ફોર અને એક સિકસરની મદદથી ૧૪૦ બોલ પર સદી પૂર્ણ કરી. શુભમનના ટેસ્ટ કરિયરની આ છઠ્ઠી સદી છે. જો કે ભારતીય ટીમે કુલદીપ યાદવને પ્લેઈંગ ૧૧માં સ્થાન ન આપી ભૂલ કરી છે કેમ કે ટિમ ઈન્ડિયા પાસે પણ ઈંગ્લેન્ડ જેવી જ બોલિંગ છે. પ્રથમ ટેસ્ટનો પ્રથમ દિવસ મેચનું મુખ ડ્રો તરફ લઈ ગયો છે. પીચ જોતા તો લાગી રહ્યું છે કે, ઈંગ્લેન્ડ પણ રન બનાવશે. હવે જોવું એ રહેશે કે ભારતીય બોલરો કેવું પ્રદશન કરે છે. પ્રથમ દિવસના અંતે શુભમન ગિલ ૧૨૭ અને ઋષભ પંત ૬૫ રન પર નોટઆઉટ છે. અત્યાર સુધીમાં બંને વચ્ચે ચોથી વિકેટ માટે ૧૯૮ બોલમાં ૧૩૮ રનની ભાગીદારી થઈ છે. ટોસ હારીને પહેલા બેટિંગ કર્યા બાદ ભારતીય ટીમની શરૂઆત શાનદાર રહી હતી. કેએલ રાહુલ અને યશસ્વી જયસ્વાલે પ્રથમ વિકેટ માટે ૯૧ રન ઉમેર્યા હતા. કેએલ રાહુલના આઉટ થવાને કારણે આ ભાગીદારીનો અંત આવ્યો હતો. રાહુલ બ્રાઈડન કાર્સના હાથે ફર્સ્ટ સ્લિપમાં જો રૂટના હાથે કેચ આઉટ થયો હતો. રાહુલે ૭૮ બોલમાં ૪૨ રન બનાવ્યા, જેમાં ૮ ચોગ્ગાનો સમાવેશ થાય છે. સાઈ સુદર્શને નિરાશ કર્યા હતા અને તે લંચ પહેલા ખાતું ખોલ્યા વિના જ આઉટ થયો હતો. લંચ પછી યશસ્વી જયસ્વાલ અને શુભમન ગિલે ઈનિંગને આગળ વધારી હતી. બંને વચ્ચે સદીની ભાગીદારી થઈ હતી. આ ભાગીદારી દરમિયાન યશસ્વીએ ૯૬ બોલમાં ૮ ચોગ્ગાની મદદથી પોતાની અડધી સદી પૂર્ણ કરી હતી. શુભમન ગિલે ૫૬ બોલમાં પોતાની અડધી સદી પુરી કરી હતી. શુભમન ટેસ્ટ કેપ્ટન તરીકે પોતાની પહેલી ઈનિંગમાં ૫૦ કે તેથી વધુ રન બનાવનાર નવમો ભારતીય છે.યશસ્વી જયસ્વાલે ૧૪૪ બોલમાં પોતાની સદી પૂરી કરી હતી. યશસ્વીની ટેસ્ટ કારકિર્દીની આ ૫મી સદી હતી. જોકે, યશસ્વી સદી પછી વધુ સમય ક્રીઝ પર ટકી શક્યો નહીં અને બેન સ્ટોક્સના બોલ પર બોલ્ડ થયો હતો. યશસ્વીએ ૧૫૯ બોલમાં ૧૬ ચોગ્ગા અને એક છગ્ગાની મદદથી ૧૦૧ રન કર્યા હતા. યશસ્વી અને શુભમન ગિલ વચ્ચે ત્રીજી વિકેટ માટે ૧૨૯ રનની ભાગીદારી થઈ હતી.યશસ્વી જયસ્વાલના આઉટ થયા પછી શુભમન ગિલે ઋષભ પંત સાથે મળીને ઈનિંગને આગળ ધપાવી હતી. બંનેએ ચોથી વિકેટ માટે સદીની ભાગીદારી કરીને ભારતને સારી સ્થિતિમાં પહોંચાડ્યું છે. શુભમને ૧૪૦ બોલમાં પોતાની સદી પૂરી કરી હતી, જેમાં ૧૪ ચોગ્ગાનો સમાવેશ થાય છે. ઋષભ પંતે ૯૧ બોલમાં પોતાની અડધી સદી પૂર્ણ કરી, જેમાં ૫ ચોગ્ગા અને એક છગ્ગાનો સમાવેશ થાય છે. યશસ્વી જયસ્વાલે આ સદીની સાથે એક ખાસ રેકોર્ડ પોતાના નામે કરી લીધી છે. આ લીડ્સ મેદાન પર સદી લગાવનારા ભારતના પહેલા ઓપનર બની ગયા છે. આ અગાઉ કોઈપણ ભારતીય ઓપનર આ કારનામું નથી કરી શક્યો. યશસ્વીના ટેસ્ટ કરિયરની આ માત્ર ૨૦મી મેચ જ છે અને તેઓ અત્યાર સુધી ૫ સદી ફટકારી ચૂક્યા છે. જેમાં ૩ સદી તેમણે ભારતની બહાર લગાવી છે.

### ગીલે કોહલી-ગવાસ્કરની બરાબરી કરી

ટેસ્ટ કેપ્ટન બન્યા બાદ શુભમન ગિલનો આ પહેલો મુકાબલો છે. તેવામાં તેમની આ સદી યાદગાર રહેશે. શુભમન પૂર્વ કપ્તાન વિરાટ કોહલીની નિવૃત્તને લઈને પહેલીવાર ટેસ્ટ ક્રિકેટમાં ચોથા નંબર પર બેટિંગ કરવા ઉતર્યા હતા. શુભમને સદી ફટકારીીને હાલ તેમની કમી પૂર્ણ કરી દીધી છે.

# અષાઢી બીજે ભગવાન જગન્નાથજીની રથયાત્રાની તૈયારીને આખરી ઓપ

## રથયાત્રામાં રાસ મંડળી, અઘોરી મંડળી અને ઉજજૈનના સૌથી ઉંચા બાહુબલી હનુમાનજી બનશે આકર્ષણનું કેન્દ્ર

**અબતક,રાજકોટ**

અષાઢી બીજના પાવન પર્વે ભગવાન જગન્નાથજીની ૧૮મી ભવ્ય રથયાત્રા માટેની તૈયારીઓ આખરી તબકકે પહોચી છે. ભગવાન જગન્નાથ, ભાઈ, બલભદ્ર, અને બહેન સુભદ્રાની રથયાત્રશ મો રાજમાર્ગ શણગારાઈ ગયો છે. અને સમગ્ર યાત્રા માર્ગ શ્રધ્ધાળુઓનાં ઉત્સાહથી જીવંત બનવા જઈરહ્યો છે.મંદિર ટ્રસ્ટ અને શહેર તંત્ર દ્વારા સુરક્ષા, ટ્રાફીક કંટ્રોલ અને રસ્તા માટે સુચારૂ આયોજન કરાયું છે.

આ વર્ષે તા. ૨૭/૬/૨૦૨૫ ને શુક્રવારે સવારે ૮:૦૦ વાગ્યે જગન્નાથ મંદિરેથી રથયાત્રાનો પ્રારંભ થશે, રથની પહિંદ વિધિ રાજકોટના રાજવી ઠાકોર સાહેબ માધાતાસિંહ જાડેજાના હસ્તે કરવામાં આવશે.

રથયાત્રામાં આ વર્ષે રાસમંડલી, અઘોરી મંડળી અને ઉજ્જૈનના સૌથી ઉંચા બાહુબલી હનુમાનજી આકર્ષણનું કેના બનશે. જે રથયાત્રાના રૂટ ઉપર અલગ-અલગ ચોકમાં પોતાની કલા પ્રદર્શિત કરી નગરજનોને મનોરંજન પીરરાશે, રથયાત્રા સવારે ૮:૦૦ વાગે નિજ મંદિરેથી નીકળી ૨૬ કિ.મિ. રૂટ ઉપર ફરી સાંજે ૭:૦૦ વાગે મંદિરે પરત ફરશે.

તા. ૨૧/૬/૨૦૨૫, શનિવારે સાંજે ૫:૦૦ વાગ્યે મામેરાવિધિ યોજાશે જેના યજમાન પ્રવિણસિંહજી બાપુભા જાડેજા તા. ૨૨/૬/૨૦૨૫, રવિવારે સવારે ૯:૦૦ વાગ્યે ધ્વજારોહણ કાર્યક્રમ યોજાશે, જેના યજમાન બ્રિજેશ પાંડેજી. સુબેટિંગ શર્મા, વરવાભાઈ ટારીયા તેમજ વિશિષ્ટ પુજનના યજમાન દિપકભાઈ કાકુ, કમલેશભાઈ સાકરીયા, તા. ૨૩/૬/૨૦૨૫, સોમવારે સવારે



૧૦:૦૦ વાગ્યે વાઘાવસ્ત્ર પુજન યોજાશે, જેના યજમાન બાબુભાઈ સાંગાણી, ખુશાલભાઈ સાંગાણી, તા. ૨૪/૧/૨૦૨૫, મંગળવારે સવારે ૧૦:૦૦ વાગ્યે નિજ મંદિરમાં ભગવાન જગન્નાથજી, બહેન શુભદ્રાજી, ભાઈ બલભદ્રજીના રથની પ્રતિષ્ઠા પૂજન કરાશે, જેના યજમાન ઉદયભાઈ લોહાર, તા. ૨૫/૬/૨૦૨૫, બુધવારે રાત્રે ૮:૦૦ વાગ્યે જગાભાઈ ટીકરવાળાનો કાનગોપીનો કાર્યક્રમ યોજાશે. તા. ૨૬/૬/૨૦૨૫, ગુરુવારે રાત્રે ૧૦:૩૦ વાગ્યે નેત્રવિધી પુજન યોજાશે,

જેના યજમાન આનંદસિંહ ઠાકુર, ઓમ પ્રકાશ રામાધીનસિંહ, સુરેશભાઈ મગનભાઈ વસોયા, તા. ૨૭/૬/૨૦૨૫, શુક્રવારે સવારે ૭:૦૦ વાગ્યે છપ્પનભોગ ધરવામાં આવશે.જેના યજમાન અભયભાઈ ભારદ્વવાજ અને નીતીનભાઈ ભારદ્વવાજ પરીવાર, તા. ૨૭/૬/૨૦૨૫, શુક્રવારે સાંજે ૭:૦૦ વાગ્યે સાધુ-સંત ભંડારા મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવેલ છે. જેના યજમાન મનહરસિંહ મુળુભા જાડેજા મંદિર સુશોભનના યજમાન પ્રદિપસિંહ જાડેજા આશીર્વાદ મંડપ સર્વિસ નાનામૌવા, ફૂલહાર સુશોભનના યજમાન સ્વ.મધીબેન નોંધાભાઈ જુંજા ; બાલકદાસ બંસીદાસ દેવમુરારી, રથ પૂજનના યજમાન હરદેવસિંહ જીવુભા જાડેજા નાનામીવા, હિતેશભાઈ સાપરીયા, ઈશ્વરચંદ શર્મા, હાર્દિકભાઈ બારોટ, બાલભોગના યજમાન વિજયભાઈ વસોયા, રસિકભાઈ ગોરસીયા, સાધુ-સંતોના વસ્ત્રદાનના યજમાન વિજયભાઈ ગર્ગ, લાઈટ ડેકોરેશનના યજમાન જય જગન્નાથ લાઈટ ડેકોરેશન વગેરે છે. તા. ૨૭/૬/૨૦૨૫ શુક્રવારે સવારે ૯:૦૦ વાગે ભગવાનના આંખેથી પાટા છોડવામાં આવશે, ભગવાનને ભોગ ધરાવ્યા બાદ મહા આરતી યોજાશે. ત્યારબાદ જય જગન્નાથજીના નાદ સાથે ત્રણેય મૂર્તિને રથમાં પધરાવવામાં આવશે. ત્યારબાદ મહાનુભાવોના અને સંતોના હસ્તે રથ ખેંચીને રથનું પ્રસ્થાન થશે. તેમ જગન્નાથ મંદિરના મહંત ૧૦૦૮ મહા મંડલેશ્વર ત્યાગી મનમોહનદાસજી ગુરુ રામકિશોરદાસજીની યાદીમાં જણાવાયું છે.

# મહાજન પાંજરાપોળને વિજયભાઈ રૂપાણીની હંમેશા ખોટ વર્તાશે: ટ્રસ્ટી મુકેશભાઈ બાટવીયા

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાજનની પાંજરાપોળનાં ટ્રસ્ટી મુકેશભાઈ બાટવીયા જણાવે છે કે રાજકોટ મહાજનની પાંજરાપોળનાં ઈતિહાસમાં પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ ત્રણ થી ચાર વખત રાજકોટ પાંજરાપોળની મુલાકાતે આવ્યા હશે. ટ્રસ્ટી ઉપર ફોન આવતો હતો મારે પાંજરાપોળની મુલાકાત લેવી છે આપ કયા છો હું આવુ છું અબોલ જીવો માટે અથાક લાગણી હતી. મુખ્યમંત્રી હતા ત્યારે પાંજરાપોળ તથા ગૌશાળા કઈ રીતે આત્મનિર્ભર બને તેની



સતતી ચિંતા કરતા. પાંજરાપોળની ગાંધીનગર ખાતે રૂબરૂ મુલાકાત સમયે સરકાર તરફથી એવી કઈ સુવિધા કે યોજના પૂરી પાડવામાં આવે તો પાંજરાપોળ અને ગૌશાળા સ્વાવલંબી બને તેની સ્વ. વિજયભાઈ ચિંતા તથા પૂરતા પ્રયત્નો કરતા. સ્વ. વિજયભાઈએ મુકેશભાઈ બાટવીયા તથા બકુલેશભાઈ રૂપાણી ને જણાવેલ કે તેઓ જયારે જુના ઘરે દીવાનપરામાં રહેતા ત્યારે તેમનાં પિતાશ્રી દર મહીને આંગળી પકડીને અનુદાન આપવા માટે રાજકોટ મહાજનની પાંજરાપોળે તેઓને લઈ જતા. સ્વ. વિજયભાઈ દ્વારા મહાજનની પાંજરાપોળ માં રહેલા ૫૦૦૦ થી વધુ અબોલ જીવો ને તેઓ કઈ રીતે મદદરૂપ બની શકે તે માટે તેઓ પ્રયત્નશિલ રહેતા. સંવત્સરી પર્યુષણ દરમ્યાન રમેશભાઈ દોમડીયાના મુખેથી સ્થાનકવાસી પ્રતિક્રમણ સાંભળી પ્રભુભકિતમાં ડુબી જનાર કે પછી મહાવીર જયંતિનાં દિવસે વરઘોડામાં ભાવથી જોડાનારા સ્વ. વિજયભાઈ ની પાંજરાપોળને હરહંમેશ ખોટ સાલતી રહેશે તેમના આત્માને શ્રધ્ધાંજલી સહ વંદન સાથોસાથ પ્લેન દુર્ઘટનાનાં ૨૭૫ દિવગંતોને રાજકોટ મહાજનની પાંજરાપોળનાં હોદેદારો સુમનભાઈ કામદાર, શ્રેયસંભાઈ વિરાણી, મુકેશભાઈ બાટવીયા, કરણભાઈ શાહ, પંકજભાઈ કોઠારી, બકુલેશભાઈ રૂપાણી, કાર્તિકભાઈ દોશી, દીલીપભાઈ વસા, યોગેશભાઈ શાહ, સંજયભાઈ મહેતા અને સ્ટાફ દવારા શ્રધ્ધાંજલી અર્પણ કરવામાં આવે છે.

# એલઆરડીની ભરતી પરીક્ષાની આન્સર કી વેબસાઈટ પર મૂકાઈ

## ઉમેદવારો ૨૩મી સુધીમાં વાંધા કે રજૂઆત ઓનલાઈન કરી શકશે

**અબતક, રાજકોટ**

લોકરક્ષકની લેખિત પરીક્ષાની પ્રોવિઝનલ આન્સર કી ગઈકાલે ભરતી બોર્ડની વેબસાઈટ ઉપર જાહેર કરવામાં આવી છે. જેની સામે ઉમેદવારો તા.૨૩ના ૨૩.૫૯ વાગ્યા સુધીમાં ઓનલાઈન વાંધા/રજુઆત મોકલી શકશે.

ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા લોકરક્ષક કેડરની લેખિત પરીક્ષા ૧૫ જૂનના રોજ લેવામાં આવી હતી. આ લેખિત પરીક્ષામાં ૨,૩૭,૦૦૦ જેટલા ઉમેદવારો હાજર રહ્યા હતા. હાજર રહેલા તમામ ઉમેદવારોની ઓએમઆર સીટ સ્કેન કરી, ઉમેદવારો જોઈ શકે તે માટે તા.૧૬/૦૬/૨૦૨૫ના રોજ વહેલી સવારે ભરતી બોર્ડની વેબસાઈટ ઉપર અપલોડ કરવામાં આવી હતી.

લેખિત પરીક્ષાની પ્રોવિઝનલ આન્સર કી માસ્ટર સેટ પ્રશ્નપત્ર મુજબ ભરતી બોર્ડની વેબસાઈટ https://gprb.gujarat.gov.in તથા https://lrdgujarat2021.in ઉપર શુક્રવાર કલાકઃ ૧૬.૦૦ વાગ્યાથી જાહેર કરવામાં આવી છે.

ઉમેદવારોને જવાબની સામે વાંધા / રજુઆત હોય તો તા.૨૩ના કલાક ૨૩.૫૯ વાગ્યા સુધીમાં ઓનલાઈન વાંધા/રજુઆત મોકલવાની રહેશે. ઓનલાઈન સિવાય અન્ય કોઈપણ રીતે મોકલવામાં આવેલ તથા તારીખ/સમય વિતી ગયા બાદ મળેલ વાંધા/રજુઆત ધ્યાને લેવામાં આવશે નહી.

# લાફીંગ કલબના જનરલ સેક્રેટરી અરવિંદ વોરા સેવાકાર્યો થકી જન્મદિવસ ઉજવશે

**અબતક,રાજકોટ**

સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાના નિવૃત મેનેજર અને લાફીંગ કલબ રાજકોટ ડિસ્ટ્રીકટ લેવલ કો-ઓર્ડિનેશન કમીટીના જનરલ સેક્રેટરી એવા દશાશ્રીમાળી વોરા-કુટુંબમાંથી આવતા અરવિંદ વોરાનો તા. ૨૩-૦૬-૨૦૨૫ સોમવાર ના જન્મ દિવસ છે. તેઓ યશસ્વી જીવનના ૭૬ વર્ષ પુરા કરી ૭૭ મા વર્ષમાં પ્રવેશ કરશે.



તા. ૨૩-૦૬-૨૦૨૫ ના સોમવારે ૬:૩૦ કલાકે ન્યુ એરા સ્કૂલમાં (રૈયા રોડ, રાજકોટ) લાફીંગ કલબના સભ્યો દ્વારા ખડખડાટ હસી તેમને શુભેચ્છા પાઠવશે. તેમજ તેમના આજીવન તંદુરસ્ત રહી સુખી અને લાંબા આયુષ્ય માટેની શુભેચ્છા પાઠવશે.ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલના હસ્તે તા. ૧૮/૦૬/૨૦૧૫ના રોજ કિશોરસિંહજી પ્રાથમિક શાળાના પ્રવેશોત્સવ કાર્યક્રમમાં સીનીયર સીટીઝન તરીકે વિશિષ્ટ યોગદાન બદલ શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવેલ. આવ્યા હતા.તેઓ તેમના જન્મદિન નિમિત્તે પોતે અભ્યાસ કરેલ શાળામાં (કિશોરસિંહજી પ્રાથમિક શાળા નં. ૧ માં ફૂલ નહીં તો ફૂલની પાંખડી રૂપે શાળાના વિદ્યાર્થીઓને ઉપયોગી વસ્તુઓનું વિતરણ કરશે. તેમજ તેઓએ પોતાના જન્મ દિવસ નિમીત્તે તા. ૨૩/૦૬/૨૦૨૫ ના સોમવારે સ્નેહ નિર્ઝર સ્કૂલ, કાલાવડ રોડ, કીડની હોસ્પીટલ સામે, રાજકોટના દિવ્યાંગ બાળકોને નાસ્તો, આપવાનું પણ આયોજનત કરવામાં આવેલ છે.

### રૂ. ૩૫૬ના બૂટ ૯૯ હજારમાં પડ્યા !!!

# ગ્રાહક સેવાના નામે ઠગે મેળવ્યા મેવા: નિવૃત્ત અધિકારીએ રિફંડ માટે ઓટીપી આપતા સાયબર ગઠિયાએ ખાતું સાફ કર્યું !!

## ડાકોરના નિવૃત અધિકારી સાથે વોટ્સઅપ કોલ પર ૧ કલાક વાત કરી ઓટીપી માંગી સાયબર ગઠિયાએ આચરી છેતરપિંડી

**અબતક, રાજકોટ**

સાયબર ફ્રોડનું પ્રમાણ દિવસે દિવસે વધી રહ્યું છે. સાયબર ગઠિયાઓ પૈસા કમાવવાનો ટૂંકો રસ્તો પસંદ કરીને કોઈની જીવનભરની કમાણી છીનવી લે છે. ફ્રોડ અઢળક કિસ્સાઓ બને છે, લોકોને સાવચેત કરવા અનેકો પગલાં લેવાયા છે. તેમજ હવે ફોનમાં પણ સરકાર દ્વારા ચેતવણી રૂપ મેસેજ અપાય રહ્યો છે. છતાં ગઠિયાઓના વિશ્વાસમાં આવી લોકો નાની એવી ભૂલ કરી બેસે છે અને તેનું મોટું પરિણામ ચૂકવવું પડે છે. આવો જ એક કિસ્સો ડાકોરના નિવૃત અધિકારી સાથે બન્યો છે જેના ખાતામાંથી ૯૯ હજાર રૂપિયા સાફ થઈ ગયા છે.

ડાકોરના ૬૭ વર્ષીય નિવૃત્ત સરકારી અધિકારી, ૩૫૬ રૂપિયાના જૂતાની ખોટી ફિટિંગવાળી જોડી પરત કરવાનો પ્રયાસ કરતી વખતે સાયબર છેતરપિંડીનો શિકાર બન્યા. ગુરુવારે ડાકોર પોલીસમાં નોંધાવવામાં આવેલી ફરિયાદ મુજબ, તેને સ્ટોરમાં પરત કરવાનો તેમનો પ્રયાસ બેંક ખાતામાં ખાલી થવામાં પરિણમ્યો.

તેણે ૪ જૂને એક ઓનલાઈન શોપિંગ પ્લેટફોર્મ પરથી સ્નીકરનો એક જોડી ઓર્ડર કર્યો હતો. તેને ૭ જૂને પાર્સલ મળ્યું પણ તેને ખબર પડી કે તેના પગમાં ફીટ નથી આવતું. તેણે પાર્સલ પરત કરવાની પ્રક્રિયા શરૂ કરી અને ડિલિવરી એજન્ટે ૧૦ જૂને જૂતા લઈ લીધા. ૧૪ જૂન સુધીમાં, પાર્સલ પરત થયાનું કન્ફોર્મેશન આવ્યું, પરંતુ રિફંડ પરત ન આવ્યું.

૧૭ જૂનના રોજ, અધિકારીને એક સંદેશ મળ્યો કે ટેકનિકલ ભૂલને કારણે રિફંડની પ્રક્રિયા થઈ શકી નથી. થોડી વાર પછી, તેમને એક અજાણ્યા નંબર પરથી મિસ્ડ કોલ આવ્યો. જ્યારે તેમણે પાછા ફોન કર્યો, ત્યારે કોઈએ જવાબ આપ્યો નહીં. થોડીવાર પછી, તેમને તે જ નંબર પરથી ફોન આવ્યો. એક વ્યકિતએ પોતાનો પરિચય ગ્રાહક સેવા એક્ઝિક્યુટિવ તરીકે આપ્યો અને વોટ્સએપ દ્વારા મદદની ઓફર કરી.


ત્યારબાદ તેણે અધિકારીની બેંક વિગતો માંગી. શાંત સ્વર અને રિફંડના વચનથી ખાતરી થતાં, તેણે પોતાનો એકાઉન્ટ નંબર અને આઈએફએસસી કોડ શેર કર્યો. ફોન કરનારે લગભગ એક કલાક સુધી વાતચીત ચાલુ રાખી. બે અલગ અલગ વોટ્સએપ કોલ દરમિયાન, ફોન કરનારે બહુવિધ ઓટીપી માંગ્યા, અને દાવો કર્યો કે આ રિફંડ પ્રક્રિયાનો એક ભાગ છે. અધિકારીએ પાંચ ઓટીપી શેર કર્યા.


થોડી જ મિનિટોમાં, તેને ટેક્સ્ટ એલર્ટ મળ્યો. ત્રણ સતત વ્યવહારોમાંથી રૂ. ૪૯,૮૭૬, રૂ. ૪,૮૯૯ અને રૂ. ૪૪,૫૫૬ - કુલ રૂ. ૯૯,૩૩૧ ડેબિટ થયા. કંઈક ખોટું થયું હોવાનું સમજાતા, તેણે વારંવાર તે જ નંબર પર ફોન કર્યો. ફોન કરનારે આગ્રહ કર્યો કે પૈસા ''ટેકનિકલ સમસ્યાઓ''ને કારણે ડેબિટ થયા છે અને તે પરત કરવામાં આવશે. ત્યારબાદ અધિકારીએ સાયબર ક્રાઈમ હેલ્પલાઈનને છેતરપિંડીની જાણ કરી અને બાદમાં ડાકોર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી.જે અંગે તપાસ ચાલી રહી છે.

# માઈધારની લોકવિદ્યાલયને સોમવારે દર્શક સન્માન અર્પણ

**અબતક, રાજકોટ**

ગોહિલવાડનાં ગૌરવરૂપ શિક્ષણક્ષેત્રે નવી કેડી કંડારનાર માઈધાર સ્થિત પંડિત સુખલાલજી લોકવિદ્યાલયને મોરારિબાપુનાં આશીર્વચન સાથે આગામી સોમવારે 'દર્શક સન્માન' અર્પણ થશે. માઈધારમાં રઘુવીરભાઈ ચૌધરીનાં અધ્યક્ષ સ્થાને સમારંભ યોજાશે.





સાહિત્ય, શિક્ષણ અને ગ્રામપુનરુત્થાન ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન કરનાર પ્રતિભાઓ કે સંસ્થાઓને પુરસ્કારવાનાં હેતુથી રચાયેલ મનુભાઈ પંચોળી 'દર્શક' ( ફાઉન્ડેશન ) સંસ્થા દ્વારા પંડિત સુખલાલજી લોકવિદ્યાલયને સન્માનિત કરાનાર છે. ગોહિલવાડનાં ગૌરવરૂપ માઈધાર સ્થિત આ લોકવિદ્યાલયને મોરારિબાપુનાં આશીર્વચન સાથે આગામી સોમવારે 'દર્શક ( એવોર્ડ ) સન્માન' અર્પણ થશે. માઈધારમાં આગામી સોમવાર તા.૨૩નાં સાંજે ૪ વાગે રઘુવીરભાઈ ચૌધરીનાં અધ્યક્ષ સ્થાને સમારંભ યોજાશે, જેમાં પ્રકાશભાઈ ન. શાહ, મનસુખભાઈ સલ્લા અને શ્રી અરુણભાઈ દવે પ્રાસંગિક પ્રવચન આપશે. શિક્ષણક્ષેત્રે નવી કેડી કંડારનાર આ લોકવિદ્યાલયને અર્પણ થનાર સન્માન પ્રસંગે મનુભાઈ પંચોળી 'દર્શક' (ફાઉન્ડેશન) સંસ્થાનાં પ્રમુખ મધુકરભાઈ પારેખ અને પ્રકાશભાઈ ન. શાહ, રઘુવીરભાઈ ચૌધરી, મનસુખભાઈ સલ્લા, મહેન્દ્રસિંહ પરમાર, અજયભાઈ રાવલ તથા સંજયભાઈ ચૌધરી સંકલનમાં રહ્યાં છે. આ સમારંભમાં આવતાં રાત્રી રોકાણ કરનાર મહેમાન કાર્યકર્તાઓએ વ્યવસ્થા હેતુ અગાઉ હસમુખભાઈ દેવમુરારિ ( ૮૪૯૦૮૬૭૭૫૧ ) સાથે સંપર્ક કરવો તેમ અનુરોધ કરાયો છે.

# ૧૦૦% નામાંકનના સંકલ્પ સાથે શાળા પ્રવેશોત્સવ-કન્યા કેળવણી મહોત્સવ યોજાશે

**અબતક, રાજકોટ**

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા રાજકોટ શહેરમાં ૫ થી ૧૪ વર્ષનું એકપણ બાળક શાળા પ્રવેશથી વંચિત ના રહે તેવા ૧૦૦% નામાંકનના સંકલ્પ સાથે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવનો રંગારંગ શુભારંભ કરવામાં આવનાર છે. ભવ્યાતિભવ્ય આયોજનમાં આનંદ ઉલ્લાસ અને કુમકુમ નિલક, પુષ્પ ગુચ્છથી નવા છાત્રોનું ઉમળકાભેર સ્વાગત કરી શાળામાં પ્રવેશ આપવામાં આવશે. આ તકે સરકારના પ્રતિનિધિઓ, સંસદ સભ્યો ધારાસભ્યો, મેયર તેમજ પદાધિકારીઓ, કોર્પોરેટરો, શિક્ષણ સમિતિ સદસ્યઓ, મહાનુભાવો. મહેમાનો, વાલી વિસ્તારના આગેવાનો, શિક્ષણ વિદો, સામાજીક સંસ્થાના પ્રતિનિધિઓ, સ્કુલ મેનેજમેંટ કમિટિના સભ્યો સહિત વિશાળ જનસમુદાય ઉપસ્થિત રહેશે. સમગ્ર આયોજનને સુચારૂ રીતે યોજવામાં આવે તે માટે ચેરમેન મારફત મીટીંગનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં શિક્ષણ સમિતિની વોર્ડ નં. ૧ થી ૧૮ ને આવરી લેતી કુલ ૯૩ શાળાઓ તથા ૫૨ ગ્રાંટેડ માધ્યમિક શાળાઓનો સમાવેશ કરીને કાર્યક્રમ યોજવામા આવશે. મીટીંગની શરૂઆત પૂર્વ મુખ્યમંત્રી

**શાળા પ્રવેશોત્સવની તૈયારીના ભાગરૂપે નગરપ્રાથમિક શિક્ષણ સમિતિની બેઠક મળી**



સ્વ.વિજયભાઈ રૂપાણીને શ્રધ્ધાંજલિ અર્પણ કરી તેમની આત્માની શાંતિ માટે મૌન પાડી કરવામાં આવેલ હતી. આ મિટિંગમાં સમગ્ર શિક્ષા અભિયાનના યુ.આર.સી.ઓ, સી.આર.સી.ઓ શાળાના આચાર્યઓને સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા અને બાળકોને વધુને વધુ લાભ મળી રહે તે માટે શિક્ષણ સમિતિના ચેરમેન વિક્રમ પુજારા, વાઈસ ચેરમેન ડો.પ્રવીણકુમાર નિમાવત અને સદસ્ય વિક્રમસિંહ જાડેજા, જયદીપભાઈ જલુ મારફત માર્ગદર્શન આપી તમામ બાબતોથી વાકેફ કરવામાં આવેલ હતા.

કાર્યક્રમને તમામ મોરચે સફળ બનાવવા ચેરમેન વિક્રમ પુજારા, વાઈસ ચેરમેન ડો.પ્રવીણકુમાર નિમાવત, શાસનાધિકારી કિરીટસિંહ પરમાર, શિક્ષણ સમિતિના તમામ સદસ્ય, શિક્ષણ સમિતીના સદસ્ય સંગીતાબેન છાયા, અજયભાઈ પરમાર, મનસુખભાઈ વેકરીયા, રસીકભાઈ બદ્રકિયા, વિક્રમસિંહ જાડેજા, વિરમભાઈ સાંબડ, હિતેશભાઈ રાવલ, જયદિપામાઈ જલુ, ઈશ્વરભાઈ જીતિયા, જગદીશભાઈ ભોજાણી, સુરેશભાઈ રાઘવાણી, રાજેશભાઈ માંડલીયાના માર્ગદર્શન હેઠળ શિક્ષણ સમિતિ પરીવાર, યુ.આર.સી. દિપકભાઈ સાગઠીયા, શૈલેષભાઈ પાડલીયા, સી.આર.સી.ઓ અને શાળાના આચાર્યઓ મારફત અનેરા ઉત્સાહ અને ઉમંગથી કામગીરી હાથ ધરવામાં આવેલ.

# ચાર મહાપાલિકાઓ બે પાલિકાઓને વિકાસ કામો માટે રૂ.૩૩૯૫ કરોડ ફાળવાયા

## સુરત મહાપાલિકાને રૂ.૩૨૬૩ કરોડ, નડિયાદ મહાપાલિકાને રૂ.૪૫ કરોડ, સુરેન્દ્રનગર રૂ.૬૩ કરોડ અને આણંદ રૂ.૧૭ કરોડની ફાળવણી કરાય

**અબતક, રાજકોટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના નગરો-મહાનગરોના જન સુવિધા વૃદ્ધિ માટેના વિવિધ કામો માટે ત્રણ નવરચિત મહાનગરપાલિકાઓ તથા સુરત મહાનગરપાલિકા અને બે નગરપાલિકાઓને કુલ ૩૩૯૪.૫૫ કરોડ રૂપિયા ફાળવવા સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

રાજ્યમાં ઉજવાઈ રહેલા શહેરી વિકાસ વર્ષ-૨૦૨૫માં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત જે વિકાસ કામો માટે મુખ્યમંત્રીએ નાણાં ફાળવવાની અનુમતિ આપી છે તેમાં આઉટગ્રોથ ડેવલપમેન્ટ, આગવી ઓળખના કામો તથા આંતર માળખાકીય વિકાસના કામોનો સમાવેશ થાય છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ હેતુસર સુરત મહાનગરપાલિકાને ભૌતિક માળખાકીય સુવિધા વિકાસ, સામાજિક માળખાકીય સુવિધા વિકાસ તેમજ અર્બન મોબિલિટી અને આગવી ઓળખના કામો તથા આઉટગ્રોથ એરીયા ડેવલપમેન્ટના કામો માટે ૩૨૬૩ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે.

આ ઉપરાંત સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે આઉટગ્રોથ એરીયા ડેવલપમેન્ટ માટે ૬૬.૯૪ કરોડ રૂપિયાના કામો હાથ ધરવાની સૈદ્ધાંતિક મંજૂરી પણ મુખ્યમંત્રીએ આપી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આપેલી આ મંજૂરી અંતર્ગત નડિયાદ મહાનગરપાલિકાના આઉટગ્રોથ વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટ, પબ્લિક ટોયલેટ રીનોવેશન, સીટી સિવિક સેન્ટર, પાર્ક એન્ડ ગાર્ડન તથા લેક ડેવલપમેન્ટ એમ ૩૫ કામો માટે ૧૭ કરોડ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા છે.

આણંદ મહાનગર પાલિકાના આઉટગ્રોથ વિસ્તારમાં પાણીની નવી ટાંકી, લિંક રોડ અને સ્ટોર્મ ડ્રેઈનના કામો મળી કુલ ૯ કામો માટે ૧૭ કરોડ રૂપિયા ફાળવાયા છે.

સુરેન્દ્રનગર મહાનગર પાલિકાના આઉટગ્રોથ એરિયામાં પાણી પુરવઠાના ૬ કામો માટે ૨૮ કરોડ રૂપિયા મંજુર કરવામાં આવ્યા છે. રાજ્યની બે નગરપાલિકાઓ ભરૂચ અને સોનગઢ નગર પાલિકાઓને પણ આઉટગ્રોથ વિસ્તારમાં પાણીની ટાંકી, રાઈઝીંગ મેઈન પાઈપલાઈન તથા સ્ટ્રીટ લાઈટના કામો માટે રકમ મંજૂર કરવામાં આવી છે. તદ્અનુસાર સોનગઢ નગરપાલિકાને ૩.૯૯ કરોડ અને ભરૂચને ૦.૯૫ કરોડ રૂપિયા ફાળવાશે.

નગરો-મહાનગરોની આગવી ઓળખ પ્રસ્થાપિત કરતાં વિવિધ કામો અંતર્ગત મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સુરેન્દ્રનગર મહાનગર પાલિકાને વઢવાણ હેરિટેજ સીટી ફેઝ-૧ ધોળી પોળ અને કોટ દીવાલ તથા સુરેન્દ્રનગર મહાનગર પાલિકા વિસ્તારમાં હવામહેલ હેરિટેજ ડેવલપમેન્ટ, ઝાલાવાડ હેરિટેજ મેમોરિયલ એન્ડ મ્યુઝિયમ ફેઝ-૧ એમ કુલ ત્રણ કામો માટે ૩૫ કરોડ રૂપિયા ફાળવવા મંજૂરી આપી છે.

નવરચિત નડિયાદ મહાનગર પાલિકાને આવા આગવી ઓળખના કામો માટે ૩૦ કરોડ રૂપિયા ફાળવવાની મુખ્યમંત્રીએ મંજૂરી આપી છે. આ રકમમાંથી નડિયાદમાં ઈપ્કોવાલા હોલ તથા કેમ્પસ ડેવલપમેન્ટ, વાવ રિસ્ટોરેશન તથા હેરીટેજ પાથ અને ગેન્ટ્રી ડેવલપમેન્ટ કામગીરી ઉપરાંત મ્યુઝિયમ અને ખુલ્લા પાર્ટી પ્લોટ સાથે કોમ્યુનિટી હોલના કામો હાથ ધરવામાં આવશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્યમાઅં શહેરી વિકાસ વર્ષ ૨૦૨૫ની થઈ રહેલી ઉજવણીમાં આ વિકાસ કામો માટે નાણાં ફાળવણીને પરિણામે નગરો-મહાનગરોમાં હેપીનેસ ઈન્ડેક્ષ ઉંચો આવવા સાથે અર્નિંગ વેલ, લિવિંગ વેલનો અભિગમ પણ સાકાર થશે.

# યોગ દિને ‘મેદસ્વીતા મૂક્ત સ્વસ્થ ગુજરાત’નો સંકલ્પ જાહેર કરતા મુખ્યમંત્રી

## વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વતન વડનગરમાં વિશ્વ યોગ દિવસની રાજ્યકક્ષાની હોંશભેર ઉજવણીઃ રાજ્યમાં દોઢ કરોડથી વધુ લોકો સામુહિક યોગક્રિયામાં જોડાયા

### જમીન, પાણી, પર્વત પર યોગઃ રાજકોટમાં એકવાયોગ થકી ઉજવણી



**અબતક, રાજકોટ**


૧૧ માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની રાજ્ય કક્ષાની ઉજવણી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની જન્મ ભૂમિ અનંત અનાદિ વડનગર ના શર્મિષ્ઠા તળાવ પરિસર ખાતે કરવામાં આવી હતી.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ આ યોગ દિવસ ઉજવણીમાં સામૂહિક યોગ ક્રિયામાં લોકો સાથે યોગાસનો કરીને સહભાગી બન્યા હતા.

મુખ્યમંત્રી એ આ પ્રસંગે જણાવ્યું કે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની આ વર્ષ ની થીમ એક પૃથ્વી એક સ્વાસ્થ્ય માટે યોગ રાખવામાં આવી છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી એ દેશવાસીઓને મેદસ્વીતા થી દુર રહેવા કરેલા આહ્વાન ને ઝીલી લઈને ગુજરાતે મુખ્ય મંત્રી ભૂપેન્દ્ર પટેલ ના દિશા દર્શનમાં આ વર્ષે ૧૧ માં યોગ દિવસે મેદસ્વીતા મુકત સ્વસ્થ ગુજરાત નો સંકલ્પ કર્યો છે.

રાજ્ય ભરમાં મહાનગરપાલિકા થી લઈને ગ્રામ પંચાયત સુધી અંદાજે કુલ દોઢ કરોડ લોકો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ની ઉજવણીમાં સામૂહિક યોગ ક્રિયામાં જોડાયા છે એમ પણ ભૂપેન્દ્ર પટેલે ઉમેર્યું હતું.



યોગ અને પ્રાણાયામ ન ી




આરોગ્ય પ્રાચીન સ્વાથ્ય વિરાસત વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ ની પ્રેરણા અને પ્રયાસો થી વિશ્વના દેશોના લોકોની રોજ બરોજ ની જીવન શૈલી નો ભાગ બની ગઈ છે તેમ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ અવસરે જણાવ્યું હતું.

તેમણે યોગ અભ્યાસ ની જીવન માં સ્વસ્થતા અને તંદુરસ્તી સાથે માનસિક અને આધ્યાત્મિક જોડાણ પણ વિસ્તૃત સમજ આપી હતી.

મંત્રી ઋષિકેશ પટેલ, મહેસાણા જિલ્લા પંચાયત પ્રમુખ તૃષા બહેન, રાજ્ય યોગ બોર્ડ અધ્યક્ષ શીશ પાલજી તેમજ ધારા સભ્યો, પદાધિકારીઓ અને મોટી સંખ્યામાં યોગ સાધકો, યોગ પ્રેમીઓ આ સામૂહિક યોગ ક્રિયામાં જોડાયા હતા.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી એ વિશાખાપટ્ટનમ ખાતેથી યોગ દિવસ અવસરે કરેલા પ્રેરક સંબોધન નું જીવંત પ્રસારણ સૌ એ નિહાળ્યું હતું.




ભારતની પ્રાચીન સ્વાસ્થ્ય અને શારીરિક સુખાકારી પરંપરા એવા યોગને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સફળ પ્રયાસોથી વૈશ્વિક સ્વીકૃતિ મળી છે અને યુનાઈટેડ નેશન્સમાં ૧૭૭ દેશોના સમર્થનથી વિશ્વભરમાં યોગદિવસની ઉજવણી ૨૧મી જૂને કરવાનું સ્વીકારવામાં આવ્યું છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી આ ૧૧મા આંતરરાષ્ટ્રીય યોગ

(અનુ. આઠમા પાને)

### યોગ ભારતની સાંસ્કૃતિક શક્તિનો વૈશ્વિક વિસ્તાર છે : રાજયપાલ



આંતરરાષ્ટ્રીય યોગ દિવસ પ્રસંગે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીની પ્રેરક ઉપસ્થિતિમાં રાજભવન પરિવારના તમામ અધિકારીઓ અને કર્મચારીઓએ ઉત્સાહભેર સમૂહ યોગાભ્યાસ કર્યો હતો તેઓએ કહ્યું હતું કે, રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી એ રાજભવન પરિવારના સભ્યોને યોગ દિવસની શુભકામનાઓ પાઠવીને જીવનમાં સ્વાસ્થ્યના મહત્વ અંગે માર્ગદર્શન આપ્યું હતું. યોગાભ્યાસ બાદ રાજ્યપાલએ સૌને સ્વસ્થ જીવન શૈલી અપનાવવાના શપથ લેવડાવ્યા હતા.

---

### લોકશાહીના મહાપર્વમાં કાલે

# ગ્રામ પંચાયતોના ૩૬૫૬ સરપંચ અને ૧૬૨૨૪ સભ્યો ચૂંટવા ૮૧ લાખ લોકો કરશે મતદાન

## ૧૦૪૭૯ મતદાન મથકો પૈકી ૩૯૪૯ સંવેદનશીલ અને ૩૩૬ અતિ સંવેદનશીલ

**અબતક, રાજકોટ**

ગ્રામ પંચાયતની ચૂંટણી માટે આવતીકાલે સવારે ૭ થી સાંજના ૬ વાગ્યા સુધી મતદાન યોજાશે. ૩૬૫૬ ગ્રામ પંચાયતના સરપંચ અને ૧૬૨૨૪ સભ્યોને ચૂંટવા માટે ૮૧ લાખ મતદારો મતદાન કરશે.

રાજ્ય ચૂંટણી આયોગે ૮૩૨૬ ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે તારીખ જાહેર કરી છે. કડી તથા વિસાવદર વિધાનસભાની પેટા ચૂંટણીઓને ધ્યાને રાખી કડી જોટાણા, ભેંસાણ, વિસાવદર, જૂનાગઢ ગ્રામ્ય તથા બગસરા તાલુકાઓની ચૂંટણી હેઠળની તમામ ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ રદ કરવામાં આવી છે.

જે અંતર્ગત ૪૫૬૪ ગ્રામ પંચાયતો પૈકી કુલ ૭૫૧ ગ્રામ પંચાયતો સંપૂર્ણ બિનહરીફ થઈ છે. બેઠકો બિનહરીફ થવાના કારણે અથવા ઉમેદવારી ન નોંધાવાના કારણે બેઠક ખાલી રહેલ હોય તેવી ૨૭૨ ગ્રામ પંચાયતો સિવાયની કુલ ૩૫૪૧ ગ્રામ પંચાયતોમાં ચૂંટણી યોજવાની થાય છે.

પેટા ચૂંટણી હેઠળની કુલ ૩૫૨૪ ગ્રામ પંચાયતો પૈકી બેઠકો બિનહરિફ થવાના કારણે અથવા ઉમેદવારી ન નોંધાવાના કારણે બેઠક ખાલી રહેલ હોય તેવી કુલ ૩૧૭૧ ગ્રામ પંચાયતો બાદ કરતાં ૩૫૩ ગ્રામ પંચાયતોમાં ચૂંટણી યોજવાની થાય છે.

ગ્રામ પંચાયતોમાં ૩૬૫૬ સરપંચની બેઠકો તથા ૧૬૨૨૪ સભ્યોની બેઠકો માટે ચૂંટણીમાં ૮૧ લાખ જેટલા મતદારો મતદાન કરશે. ગ્રામ પંચાયતની ચૂંટણીમાં ૧૦૪૭૯ મતદાન મથકો પર મતદાન યોજાનાર છે. જેમાં ૩૯૩૯ સંવેદનશીલ મતદાન મથકો જ્યારે ૩૩૬ અતિ સંવેદનશીલ મતદાન મથકોનો સમાવેશ થાય છે.

ગ્રામ પંચાયતોની ચૂંટણીનું મતદાન આવતીકાલે સવારે ૭.૦૦ કલાકથી સાંજે ૬.૦૦ કલાક સુધી યોજાશે. સામાન્ય/વિભાજન/ મધ્યસત્ર/ પેટા ચૂંટણી હેઠળની ગ્રામ પંચાયતે મતદાન મથકે મત

(અનુ. આઠમા પાને)

---

# રાજકોટ-મુંબઈ વચ્ચેની એર ઈન્ડિયાની ફ્લાઈટ અચાનક રદ

## છેલ્લી ઘણીએ ફ્લાઈટ રદ થવાની જાહેરાત કરાતા મુસાફરોમાં ભારે રોષ



**અબતક, રાજકોટ**

અમદાવાદથી લંડન જતી એર ઈન્ડિયાની ફ્લાઈટ ગત ૧૨ જૂનના રોજ ઉડાન ભર્યાની બીજી જ મીનીટમાં ક્રેશ થઈ હતી જેમાં પ્લેનમાં સવાર ૨૪૨ પૈકી ૨૪૧ મુસાફરોના મોત નિપજ્યા હતા. આ ઘટના બાદ હવે એકપણ એર કંપની રતિભાર પણ જોખમ ઉઠાવવા તૈયાર નથી. સામાન્ય ટેકનીકલ ખામી દેખાય તો પણ ફ્લાઈટ ધડાધડ રદ કરી દેવામાં આવે છે.દરમિયાન એર ઈન્ડિયાએ રાજકોટ-મુંબઈ વચ્ચેની બે ફ્લાઈટ રદ કરતા મુસાફરોમાં ભારે દેકારો બોલી ગયો છે. હિરાસર એરપોર્ટ ખાતેથી ઉડાન ભરતી એર ઈન્ડિયાની રાજકોટથી મુંબઈની ફ્લાઈટ નંબર એઆઈ ૬૫૯ અને મુંબઈથી રાજકોટઆવતી ફ્લાઈટ નંબર એઆઈ ૬૮૮ રદ કરી દેવામાં આવી હતી કયાં કારણોસર ફ્લાઈટ રદ કરવામાં આવી તે જાહેર કરવામાં આવ્યું નથી. પરંતુ છેલ્લી ઘડીએ ફ્લાઈટ રદ કરવાની જાહેરાત કરતા મુસાફરોમાં ભારે દેકારો બોલી ગયો હતો.

દેશભરમાં એર કંપનીઓ દ્વારા અમદાવાદ પ્લેન ક્રેશની ઘટના બાદ હવે ગમે ત્યારે ફ્લાઈટ રદ કરી દેવામાં આવી રહી છે. બીજી તરફ હવાઈ મુસાફરી કરતા મુસાફરોમાં પણ થોડો ઘણો ડર પેસી જવા પામ્યો છે. પ્લેનમાં મુસાફરી કરનારાઓની સંખ્યામાં પણ ઘટાડો નોંધાઈ રહ્યો છે. આ પહેલા એરફોર્સની કવાયત માટે એરસ્પેસ રિઝર્વ કરવામાં આવી હોવાથી વિમાની સેવાને અસર થવા પામી હતી.

રાજકોટતી પુના જતી ફ્લાઈટ પણ મોડી પડી હતી. રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ ઉપરથી દરરોજ સવારે ૭.૦૫ વાગ્યે મુંબઈથી ઉપડતી ઈન્ડિગોની ફ્લાઈટ ૮.૧૫ વાગ્યે રાજકોટ પહોંચે છે અને આ ફ્લાઈટ ૯ વાગ્યે રાજકોટથી ઉપડી ૧૦.૧૦ વાગ્યે મુંબઈ પહોંચે છે. જોકે આજની આ ફ્લાઈટ એરસ્પેસ બંધ હોવાના કારણે કેન્સલ કરવામાં આવી હતી. બે દિવસ પહેલા વડોદરા એરપોર્ટ પર પણ મુસાફરોને વિલંબનો સામનો કરવો પડ્યો હતો. દિલ્હીથી આવતી એર ઈન્ડિયાની ફ્લાઈટ AI ૮૨૩ તેના નિર્ધારિત સમય કરતાં બે કલાક મોડી પહોંચી હતી. તો વડોદરાથી મુંબઈ જતી એર ઈન્ડિયાની ફ્લાઈટ પણ મોડી પડી હતી.

---

# વિજયભાઈની વિદાય અકલ્પનિય અને અવિશ્વસનીય છેઃ જે.પી.નડ્ડા થયાં ગળગળા

## સ્વ.વિજયભાઈએ સંગઠનના નિર્ણયને દરેક પરિસ્થિતિમાં આવકાર્યો છે જે વાતને સ્વીકારવી તે જાહેર જીવન માટે ઘણી અઘરી છેઃ વી.સતિષ

### સ્વ.વિજયભાઈ રૂપાણીની ગેરહાજરીથી ગુજરાત પ્રદેશ ભાજપ માટે કદી ન પુરાય તેવી ખોટ પડી છેઃ ભુપેન્દ્રભાઈ પટેલ



### સ્વ.વિજયભાઈએ સૌને પ્રેમ આપ્યો અને મેળવ્યો છેઃ સી.આર.પાટીલ





**અબતક, રાજકોટ**

અમદાવાદ વિમાન દુર્ઘટનામા અવસાન પામેલા દિવંગતો તેમજ પુર્વ મુખ્યમંત્રી સ્વ.વિજયભાઇ રૂપાણીને ભાવભીની શ્રદ્ધાંજલિ આપવા પ્રાર્થનાસભા કાર્યક્રમ પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે યોજવામાં આવ્યો હતો. પ્રાર્થનાસભા કાર્યક્રમમાં રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડા, રાષ્ટ્રીય સંગઠન મહામંત્રી વી.સતિષ, ગુજરાત પ્રદેશ અધ્યક્ષ અને કેન્દ્રિય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલ, મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલ, રાજસ્થાનના મુખ્યમંત્રી ભજનલાલ શર્મા સહિત ગુજરાત અને રાષ્ટ્રીય નેતા તેમજ કાર્યકર્તાઓ શ્રદ્ધા સુમન પાઠવવા ઉપસ્થિત રહ્યા હતા.

પ્રાર્થનાસભામાં રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડાએ શ્રદ્ધા સુમન અર્પણ કરતા જણાવ્યું કે, આપણે કલ્પના પણ નહતી કરી કે આપણા જીવનમા આવી સ્થિતિ આવશે કે આપણે સ્વ.વિજયભાઇને શ્રદ્ધાસુમન પાઠવવા પડશે. આ વિમાન અકસ્માતની દુર્ઘટના એવી ઘટના છે જે અવિશ્વનીય છે. મનને સમજાવવુ કે સ્વ.વિજયભાઇ હવે આપણી વચ્ચે નથી તે હજુ પણ અઘરુ છે. સ્વ.વિજયભાઇ ભાજપના વરિષ્ઠ નેતા જ નહી પરંતુ તે ભારતીય જનતા પાર્ટી અને ભાજપના વિચારધારાને જીવવા વાળા વ્યકિત હતા. સ્વ.વિજયભાઇએ ક્યારેય પદને મહત્વ નથી આપ્યુ તેમણે હમેંશા જવાબદારી પર મહત્વ આપ્યું છે. જે જવાબદારી તેમને મળી તેને સ્વ.વિજયભાઇએ ખૂબ સારી રીતે નિભાવી. સ્વ.વિજયભાઇએ ક્યારેય એમ નથી જોયુ કે જવાબદારી નાની છે મોટી છે, તેમનુ કાર્યકર્તા પણુ હમેંશા જીવીત રહ્યુ. સ્વ.વિજયભાઇનુ લક્ષ હમેંશા હું નહી પણ તમે રહ્યુ બીજા માટે શું કરી શકુ તે લક્ષ હતું. સ્વ.વિજયભાઇની વિદાય અકલ્પનિય અને અવિશ્વસનિય છે.

રાષ્ટ્રીય સંગઠન મહામંત્રી વિ.સતિષએ શ્રદ્ધા સુમન પાઠવતા જણાવ્યુંકે, સ્વ.વિજયભાઇ રૂપાણી જમીની સ્તર સાથે જોડાયેલા મહેનતુ કાર્યકર્તા હતા. તેમણે બદલાતી ભૂમિકામા હમેંશા કાર્યકર્તાપણુ જીવીત રાખ્યુ છે. સંગઠનના નિર્ણય ને દરેક પરિસ્થિતિમાં આવકાર્યો છે જે જાહેર જીવન માટે ઘણી અઘરી વાત છે. સ્વ.વિજયભાઇને સાચા અર્થમા શ્રદ્ધાંજલિ અર્પણ કરવી હોય તો આપણને તેઓ જે શીખવાડી ગયા તે રસ્તા પર ચાલવુ પડે. સ્વ.વિજયભાઇ રૂપાણીના અવસાનનુ દુખ આપણને સૌને છે.

મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલે જણાવ્યું હતું કે આપણા સ્વ.વિજયભાઇ રૂપાણી ગુમાવ્યા છે. સ્વ.વિજયભાઇ રૂપાણીની ગેરહાજરીએ ગુજરાત પ્રદેશ

(અનુ. આઠમા પાને)

## સ્વ.વિજયભાઇ રૂપાણીએ જે સેવાકીય કાર્ય કર્યુ છે તેનાથી આજે ગુજરાત જ નહી પણ દેશ પણ તેમની ગેરહાજરી અનુભવશેઃ રાજસ્થાનના સીએમ ભજનલાલ શર્મા

---

# વિસાવદર વિધાનસભાના બે બુથ પર ત્રણ વાગ્યા સુધીમાં ૫૭ ટકા મતદાન

## બોગસ વોટીંગની ફરિયાદના પગલે માલીડા અને નવા વાઘણીયામાં સવારથી ફરી મતદાન

**અબતક, દર્શન જોશી, જૂનાગઢ**

વિસાવદર વિધાનસભાની પેટા ચૂંટણીના બે મતદાન મથકો ઉપર આજે સવારથી ફેર મતદાન ચાલી રહી છે આજે બપોરે ત્રણ વાગ્યા સુધીમાં ૫૭ ટકા જેટલું ધીગું મતદાન થયું હોવાનું જાણવા મળી રહયું છે

વિસાવદર વિધાનસભા બેઠક માટે ગત ગુરૂવારે પેટા ચૂંટણીનું મતદાન યોજાયા બાદ બે મતદાન મથકો પર બોગસ વોટીંગ અને બુથ કેપ્ચરિંગની ફરિયાદ બાદ આજે માલીડા અને નવા વાઘણીયા બુથ પર સવારથી ફેર મતદાન કરવામાં આવી રહ્યું છે.

જૂનાગઢ જિલ્લાની વિસાવદર વિધાનસભા બેઠકની પેટા ચૂંટણીના બે મતદાન મથકો ઉપર આજે ફરીથી ચૂંટણીની મતદાન પ્રક્રિયા હાથ ધરાઈ છે. ચૂંટણીના જનરલ ઓબ્ઝર્વર તથા રિકેરિંગ અધિકારી દ્વારા કરાયેલા રિપોર્ટના આધારે ચૂંટણી પંચ દ્વારા આ મોટો નિર્ણય લેવાયો છે. જેના કારણે બે મતદાન મથકો ઉપર આજે સવારના સાત વાગ્યાથી સાંજના છ વાગ્યા સુધી મતદાન નો આરંભ થયો છે.

વિસાવદર વધાનસભાની પેટા ચૂંટણી ગત તા. ૧૯ જૂનના રોજ યોજાઈ હતી. આ ચૂંટણી દરમિયાન ૮૬-માલીડા અને ૧૧૧-નવા વાઘણીયા બુથ ઉપર બૂથ કેપ્ચરિંગ અને બોગસ વોટીંગ થયુ હોવાની આમ આદમી

(અનુ. આઠમા પાને)

### અજાણ્યા શખ્સો સામે પોલીસ ફરિયાદ

વિસાવદર વિધાનસભાની ચૂંટણી દરમિયાન બે અલગ અલગ મતદાન કેન્દ્રમાં અજાણ્યા ઈસમોએ પ્રવેશ કરી, ચૂંટણી કર્મચારીની કાયદેસરની ફરજમાં રૂકાવટ ઉભી કરી, એક મતદાન મથકમાં મતદાન કરી નાસી ગયા હોવાની પોલીસમાં ફરિયાદ છેતા પોલીસે અજાણ્યા ઈસમો સામે ગુનો નોંધી અજાણ્યા ઈસમોને પકડી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે. ચૂંટણી કર્મી શરદકુમાર કીશોરભાઇ ભુવા ગત તા. ૧૯ ના રોજ ૮૭-વિસાવદર વિધાનસભા પેટ્ટા ચુંટણીમાં મતદાન મથક ૧૧૧, નવા વાઘણીયા ગામે પ્રાથમીક શાળાના બુથમાં પ્રિસાઈડીંગ ઓફીસર તરીકેની પોતાની કાયદેસરની ફરજમાં હતા, તે દરમ્યાન બપોરના ૪ વાગ્યાના અરસામાં આશરે પાંચેક અજાણ્યા ઈસમો બુથમાં બળજબરીથી મત કુટીર તરફ જઈ બળજબરીથી મત નાખવાની કોશીષ કરી, ચુંટણી કર્મચારીની કાયદેસરની ફરજમાં રૂકાવટ કરી હોવાની શરદકુમાર કીશોરભાઈ ભુવા એ ભેસાણ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

જ્યારે ભેસાણના માલિડા ગામે ૮૭-વિસાવદર વિધાનસભા પેટા ચુંટણીમાં મતદાન મથક પર સાંજના ૫;૩૫ કલાકે અજાણ્યા ઈસમોએ મતદાન મથકમાં પ્રવેશી, ચૂંટણી ફરજ પરના કર્મી રાજુભાઈ લાલજીભાઈ ચિત્રોડા તથા સાહેદોની કાયદેસરની ફરજમા રૂકાવટ ઉભી કરી, ફરજમાં ગેરકાયદે અવરોધ ઉભો કરી, મતદાન કરી નાશી ગયા હોવાની રાજુભાઈ લાલજીભાઈ ચિત્રોડા એ ભેસાણ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

મકાન વેચવાનું છે
૧૫૮ વારનું મકાન વેચવાનું છે,
ગાંધીગ્રામ શેરી નં.૨A
દલાલ મિત્રો આવકાર્ય
મો.૯૪૨૮૬ ૦૬૦૪૨
મો.૯૩૨૭૭ ૮૦૭૦૦